# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
વરુણની ભત્રીજી અંજિનીને સિકંદરમાં તક મળી



પેજ-09
ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલમાં આ 4 ટીમ વચ્ચે થશે ટક્કર...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 14.00 |
| વડોદરા | 29.00 | 15.00 |
| સુરત | 29.00 | 17.00 |

પેજ 5




કરદાતા 4 વર્ષ સુધી ટેક્સ રિટર્ન સુધારીને હવે ફાઈલ કરી શકશે

**05**
FEBRUARY-2025
WEDNESDAY

આખરે બેલ્જિયમમાં સરકાર બની, નવી સરકાર 'એરિઝોના...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78583.81 | ▲ | 1397.71 |
| નિફ્ટી | 23739.25 | ▲ | 378.20 |
| સોનું | 83779.00 | ▲ | 000.00 |
| ચાંદી | 95499.00 | ▲ | 1242.00 |


વર્ષ-14 । અંક-078 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ટેરિફ વૉરની ભીતિ દૂર થતાં શેરબજારમાં તેજી




### સેન્સેક્સ 1400થી વધુ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી 23700 ક્રોસ

(એજન્સી) મુંબઇ | તા.04

અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાની યોજના સ્થગિત કરતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં આકર્ષક ઉછાળો નોંધાયો છે. બેન્કિંગ, પીએસયુ, એનર્જી, ઓઈલ એન્ડ ગેસ સેગમેન્ટના શેરોમાં તેજીના પગલે સેન્સેક્સ ઈન્ટ્રા ડે 1471.85 પોઈન્ટ ઉછળ્યો હતો. જે અંતે 1397.07 પોઈન્ટ ઉછાળા સાથે 78583.81 પર બંધ રહ્યો હતો. નિફ્ટી આજે મજબૂત તેજી સાથે 23700નું લેવલ ક્રોસ કરવામાં સફળ રહ્યો હતો. જે 378.20 પોઈન્ટ ઉછળી 23738.25 પર બંધ રહ્યો હતો. એનએસઈ ખાતે 126 શેરમાં અપર સર્કિટ વાગી હતી. એફએમસીજી સિવાય તમામ સેગમેન્ટમાં સુધારો નોંધાયો હતો.

#### તમામ બેન્કિંગ શેરો ગ્રીન ઝોનમાં

આજે બેન્કિંગ સેક્ટરના મોટાભાગના શેરો ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા. ઈન્ડસઈન્ડ, બેન્ક ઓફ બરોડા, એચડીએફસી બેન્ક, કેનેરા બેન્ક, કોટક બેન્ક, એસબીઆઈ, એક્સિસ બેન્ક, ફેડરલ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, યસ બેન્કના શેર 0.25 ટકાથી 3.50 ટકા સુધી સુધર્યા હતા.

■ PM મોદીએ 95 મિનિટ સુધી વિપક્ષ પર પ્રહારો કર્યા, રાહુલ ગાંધીને આપી સલાહ

## વિકસિત ભારતનું સપનું સરકારી નથી હજી તો અમારો ત્રીજો કાર્યકાળ છે: PM



(એજન્સી) નવી દિલ્હી | તા.04

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે હું ખૂબ જ ભાગ્યશાળી છું કે દેશની જનતાએ મને 14મી વખત રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપવાની તક આપી છે. હું આદરપૂર્વક જનતાનો આભાર વ્યક્ત કરું છું. ગઈકાલે અને આજે તમામ માનનીય સભ્યોએ આભારની દરખાસ્ત પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ સ્વાભાવિક છે અને લોકશાહીની પરંપરા છે, જ્યાં જરૂર હતી, ત્યાં વખાણ થયા હતા અને જ્યાં થોડી સમસ્યા હતી ત્યાં કેટલીક નકારાત્મક વાતો પણ કહેવામાં આવી હતી.

■ **'દેશવાસીઓને અપીલ કરું છું કે, દરેકની પોતાની વિચારધારા હશે, પણ દેશથી મોટું કંઈ નથી',** આ અમારી ત્રીજી ટર્મ છે. દેશની જરૂરિયાતો અનુસાર વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે આપણે આવનારા ઘણા વર્ષો સુધી પ્રતિબદ્ધ રહીશું. હું બધા પક્ષોને, બધા નેતાઓને, બધા દેશવાસીઓને અપીલ કરું છું કે, દરેકની પોતાની વિચારધારા હશે, દેશથી મોટું કંઈ નથી. દેશનો વિકાસ થશે, આપણા પછીની પેઢીઓ કહેશે કે 2025 માં એક સંસદ હતી, બેઠેલા દરેક સાંસદ વિકસિત ભારત માટે કામ કરી રહ્યા હતા.'

### વિકસિત ભારતનું સપનું સરકારી નથી...: PM મોદી

પોતાના ત્રીજા કાર્યકાળનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ માત્ર શરૂઆત છે અને દેશના વિકાસ માટે આવનારા વર્ષો સુધી કામ ચાલુ રહેશે. તેમણે તમામ પક્ષો, નેતાઓ અને નાગરિકોને વિનંતી કરી કે ભલે વિચારધારાઓ અલગ-અલગ હોય, પરંતુ દેશથી મોટો કોઈ ઉદ્દેશ્ય નથી. તેમણે આશા વ્યક્ત કરી કે આવનારી પેઢીઓ આ સમયને યાદ કરશે જ્યારે સંસદમાં દરેક સાંસદ વિકસિત ભારત માટે કામ કરી રહ્યા હતા.

**શીશમહેલથી લઈને ઝુંપડપટ્ટીમાં ફોટો સેશન સુધી, નામ લીધા વિના રાહુલ-કેજરીવાલ પર શબ્દબાણ છોડ્યા :** લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના સમર્થનમાં નરેન્દ્ર મોદી બોલી રહ્યા છે. તેમણે કહ્યું- અમે 5 દાયકાથી ગરીબી નાબૂદીના ખોટા નારા સાંભળ્યા. અમે ગરીબોને ખોટા નારા નહીં, પણ સાચો વિકાસ આપ્યો છે. 25 કરોડ દેશવાસીઓ ગરીબીમાંથી બહાર આવ્યા છે. રાહુલનું નામ લીધા વિના, પીએમએ કહ્યું કે જે લોકો ગરીબ લોકોની ઝૂંપડીઓમાં ફોટો સેશન કરે છે તેમને ગરીબ લોકો વિશે વાત કરવી કંટાળાજનક લાગશે. રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું હતું કે રાષ્ટ્રપતિનું ભાષણ કંટાળાજનક હતું. કેજરીવાલનું નામ લીધા વિના મોદીએ કહ્યું કે, અમે ભ્રષ્ટાચારને ડામીને દેશ બનાવ્યો અને આ પૈસાથી શીશમહેલ નથી બનાવ્યો.



## દિલ્હી વિધાનસભાની 70 બેઠકો પર આજે મતદાન

### 19% ઉમેદવારો કલંકિત, 5 ઉમેદવારોની સંપત્તિ 100Cr પાર; ઈન્ડિયા બ્લોકની 5 પાર્ટીઓ આમને-સામને

(એજન્સી) નવી દિલ્હી | તા.04

દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટે 5 ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે. લોકસભા ચૂંટણીમાં INDIA બ્લોકમાં સામેલ રહેલા પાંચ પક્ષો એકબીજા સામે મેદાનમાં છે. આમાંથી, આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસ બધી 70 બેઠકો પર આમને-સામને છે. તેમજ, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI) એ 6 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્ક્સવાદી (CPM) અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્ક્સવાદી લેનિનવાદી (CPI-ML) એ 2-2 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. .

ભાજપે 68 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. ગઠબંધન પક્ષોને બે બેઠકો આપવામાં આવી છે. આમાં, જનતા દળ-યુનાઈટેડ (JDU) એ બુરારીથી પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે અને લોક જનશક્તિ પાર્ટી- રામવિલાસ (LJP-R) એ દેવલી બેઠક પરથી પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. મહારાષ્ટ્રમાં ભાજપનો સાથી પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) 30 બેઠકો પર ચૂંટણી લડી રહી છે. શિવસેનાના વડા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બધી બેઠકો પર ભાજપને ટેકો આપ્યો છે. આ ઉપરાંત બહુજન સમાજ પાર્ટી (BSP) 70 બેઠકો પર અને અસદુદ્દીન ઓવૈસીની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) 12 બેઠકો પર ચૂંટણી લડી રહી છે. ચૂંટણીના પરિણામો 8 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

**19% ઉમેદવારો કલંકિત, 81 ઉમેદવારો સામે હત્યા-બળાત્કાર જેવા કેસ નોંધાયેલા છે :** ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, અપક્ષો સહિત વિવિધ પક્ષોના કુલ 699 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ આ તમામ ઉમેદવારોના સોગંદનામાની તપાસ કર્યા પછી એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ મુજબ, લગભગ 19 ટકા એટલે કે 132 ઉમેદવારો ગુનાહિત છબી ધરાવે છે. તેમાંથી 81 સામે હત્યા, અપહરણ અને બળાત્કાર જેવા મોટા કેસ નોંધાયેલા છે. 13 ઉમેદવારો પર મહિલાઓ સામેના ગુનાઓનો આરોપ છે.

### ટોપ 3 અમીર ઉમેદવારોમાં ભાજપના 2 ઉમેદવારો

#### 5 ઉમેદવારો પાસે 100 કરોડથી વધુની સંપત્તિ

5 ઉમેદવારો પાસે 100 કરોડથી વધુની સંપત્તિ, 699માંથી માત્ર 96 મહિલાઓ છે ADR મુજબ, 5 ઉમેદવારો પાસે 100 કરોડ રૂપિયા કે તેથી વધુની સંપત્તિ છે. આમાંથી 3 ભાજપના છે જ્યારે કોંગ્રેસ અને AAPના એક-એક ઉમેદવાર છે. ભાજપના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ લગભગ 22.90 કરોડ રૂપિયા છે. તેમજ, ત્રણ ઉમેદવારોએ તેમની સંપત્તિ શૂન્ય જાહેર કરી છે. લગભગ 28% એટલે કે 196 ઉમેદવારોએ તેમની ઉંમર 25 થી 40 વર્ષની વચ્ચે જણાવી છે. 106 (15%)ની ઉંમર 61 થી 80 વર્ષની છે, જ્યારે ત્રણ 80 વર્ષથી વધુ ઉંમરના છે. કુલ 699 ઉમેદવારોમાંથી 96 મહિલાઓ છે, જે લગભગ 14% છે. ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત વિશે વાત કરીએ તો, 46% ઉમેદવારોએ પોતાને 5મા થી 12મા ધોરણ વચ્ચે જાહેર કર્યા છે. 18 ઉમેદવારોએ પોતાને ડિપ્લોમા ધારક, 6 ઉમેદવારોએ સાક્ષર અને 29 ઉમેદવારોએ અભણ ગણાવ્યા છે.




### ભુતાન કિંગે મા ગંગાની પૂજા-અર્ચના કરી

(એજન્સી) પ્રયાગરાજ | તા.04

ભુતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક મંગળવારે (4 ફેબ્રુઆરી) પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચ્યા છે. તેઓએ સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી. આ દરમિયાન તેમની સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હતાં. મુખ્યમંત્રી યોગીએ ખુદ ભુતાન કિંગ સાથે ડૂબકી લગાવતી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. તસવીરોમાં મુખ્યમંત્રી યોગી સાથે ભુતાન કિંગ પણ સંપૂર્ણ રીતે ભગવા રંગમાં જોવા મળી રહ્યાં છે. યોગીએ પ્રયાગરાજને તીર્થસ્થળોનો રાજા જણાવતો એક સંસ્કૃત શ્લોક પણ સાથે લખ્યો છે. મુખ્યમંત્રી યોગીએ સોશિયલ મીડિયામાં લખ્યું કે, 'મહાકુંભ-2025, પ્રયાગરાજમાં આજે ભુતાનના મહામહિમ નરેશ જીગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકે પવિત્ર ત્રિવેણી સંગમમાં પાવન સ્નાન કરી પુણ્ય પ્રાપ્ત કર્યું'.

ભુતાન કિંગે મા ગંગાની પૂજા-અર્ચના કરી અને અક્ષય વટ અને સૂતા હનુમાનજીના દર્શન અને પૂજન પણ કર્યું. ભુતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક સોમવારે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ પહોંચ્યા. ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યોગી આદિત્યનાથે વાંગચુકનું સ્વાગત કર્યું. અહીં કલાકારોએ ભુતાન નરેશ માટે સાંસ્કૃતિક પ્રસ્તુતિ પણ કરી. લખનૌ સ્થિત રાજભવનમાં ભુતાનના રાજાના સન્માનમાં એક રાત્રી ભોજનું પણ આયોજન કરવામાં આવ્યું.

## માનહાનિ કેસમાં CM આતિશીને હાઈકોર્ટની નોટિસ

### ભાજપ પર પક્ષ બદલવા માટે દબાણ કરવાનો આરોપ લગાવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા.04

દિલ્હી હાઈકોર્ટે મંગળવારે મુખ્યમંત્રી આતિશીને માનહાનિના કેસમાં નોટિસ ફટકારી છે. ભાજપના નેતા પ્રવીણ શંકરની અરજી પર સુનાવણી કરતી વખતે, ન્યાયાધીશ વિકાસ મહાજને કહ્યું, 'અરજદારની દલીલો સાંભળ્યા પછી, એવું લાગે છે કે કેસની સુનાવણી કરવાની જરૂર છે. આગામી સુનાવણી 30 એપ્રિલે થશે.' પ્રવીણ શંકરે પોતાની અરજીમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આતિશીને જારી કરાયેલા સમન્સને રદ કરવાના આદેશને પડકાર્યો છે. અગાઉ 28 જાન્યુઆરીએ રાઉઝ એવન્યુ કોર્ટે માનહાનિનો કેસ ફગાવી દીધો હતો. સમન્સ રદ કરતી વખતે, કોર્ટે કહ્યું હતું કે AAP નેતાની ટિપ્પણીઓ વિરોધી પક્ષ વિરુદ્ધ કરવામાં આવી હતી, સંગઠનના વ્યક્તિગત સભ્યો વિરુદ્ધ નહીં. લોકસભા ચૂંટણી દરમિયાન, આતિશીએ દાવો કર્યો હતો કે ભાજપે તેના એક સહયોગી દ્વારા તેનો સંપર્ક કર્યો હતો અને તેને ભાજપમાં જોડાવા માટે કહ્યું હતું.



**અખિલેશ યાદવે કહ્યું- ભાજપ ગમે તેટલો અન્યાય કરે, જનતા AAP સાથે છે :** અખિલેશ યાદવે કહ્યું- દિલ્હીમાં ભાજપ જેટલો અન્યાય કરશે, તેટલી જ AAP મજબૂત બનશે. હું આમ આદમી પાર્ટી સાથે છું. અરવિંદ કેજરીવાલ બિલકુલ સાચા છે. ચૂંટણી પંચ ભાજપના નિર્દેશો પર કામ કરી રહ્યું છે.



## આજે મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવશે PM મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા.04

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીના રોજ મહાકુંભ 2025 શરૂ થયો છે. જેમાં સંતો-મહંતો, દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ અને દિગ્ગજો ભાગ લઈ રહ્યા છે. ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે (5 ફેબ્રુઆરી, 2025) પ્રયાગરાજમાં મહાકુંભ મેળા 2025માં પહોંચશે. એકંદરે PM મોદી પ્રયાગરાજમાં લગભગ એક કલાક રોકાશે. તેઓ બુધવારે માઘ માસની અષ્ટમી તિથિએ સવારે અંદાજિત 11 વાગ્યે નિષાદરાજ સંગમમાં પવિત્ર ડુબકી લગાવશે અને મા ગંગાની પૂજા-અર્ચના કરશે. આ દરમિયાન તેઓ અખાડા, આચાર્યવાડા, દાંડીવાડા અને ખાકચોકના પ્રતિનિધિઓને મળશે અને વાત કરશે. પ્રયાગરાજમાં શરૂ થયેલા મહાકુંભને દુનિયાનો સૌથી મોટો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આયોજન માનવામાં આવે છે, જેમાં દુનિયાભરથી શ્રદ્ધાળુઓ સામેલ થઈ રહ્યા છે.


■ સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયધીશની અધ્યક્ષતામાં કમિટીની રચના

## કોમન સિવિલ કોડ લાગુ કરવા ગુજરાત સરકારની તૈયારી

(એજન્સી) અમદાવાદ | તા.04

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલને લઈ મહત્ત્વના સમાચાર આવ્યા છે. યુસીસી લાગુ કરવા માટે રાજ્ય સરકારે આજે મહત્ત્વની જાહેરાત કરી છે. યુસીસીના અમલ માટે પહેલ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે માટે સરકાર આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટેનો મુસદ્દો તૈયાર કરવા સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવાનો નિર્ણય કરાયો છે. કમિટીમાં કોઈ મુસ્લિમ સભ્ય ન હોય ઈમરાન ખેડાવાલાએ કહ્યું હતું કે, કમિટીમાં મુસ્લિમ મૌલાના કે ઉલેમાનો સમાવેશ કરવો જોઈએ. તો આદિવાસી નેતા ચૈતર વસાવાએ આદિવાસી સમાજને યુસીસીથી બહાર રાખવાની માગ કરી છે.

### કમિટીના રિપોર્ટના આધારે રાજ્ય સરકાર નિર્ણય કરશે- CM



રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવાનો છે એ અંગેના આયોજન અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આઝાદીના 75માં વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન દ્વારા દેશના તમામ નાગરિકોને સમાન હક મળે તે માટે કોમન સિવિલ કોડનો દેશ વ્યાપી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. ભાજપ સરકાર જે કહે છે તે કરે છે. વન નેશન વન ઈલેક્શન, આર્ટિકલ 370, ત્રિપલ તલાક કાનૂન વગેરે માટે જે વચન આપ્યા હતા તે એક પછી એક પૂરા થયા છે. હવે સમાન નાગરિક ધારો અમલ કરવા માટે સંકલ્પ છે. ગુજરાત સંકલ્પ સાકાર કરવા માટે હંમેશા કટિબદ્ધ છે.

### 8 વર્ષથી સ્મશાનમાં મોક્ષની રાહમાં હતા, હરિદ્વારમાં અસ્થિ વિસર્જન થશે

## પાકિસ્તાનથી 400 હિન્દુઓનાં અસ્થિ ભારત પહોંચ્યાં

(એજન્સી) અમૃતસર | તા.04

પાકિસ્તાનના કરાચીના જૂના ગોલીમાર વિસ્તારમાં આવેલા હિન્દુ સ્મશાનઘાટમાં વર્ષોથી અસ્થિ કળશોમાં રાખેલી 400 હિન્દુ મૃતકોનાં અસ્થિ સોમવારે (3 ફેબ્રુઆરી)એ અમૃતસરમાં વાઘા-અટારી બોર્ડરના રસ્તે ભારત પહોંચ્યાં. આ અસ્થિ લગભગ 8 વર્ષથી સ્મશાનમાં રાખવામાં આવ્યા હતા. પરિવાર તેને ગંગામાં વિસર્જન કરવાની રાહ જોઈ રહ્યો હતો. મહાકુંભ યોગમાં ભારતના વિઝા મળ્યા બાદ, રવિવારે (2 ફેબ્રુઆરી) કરાચીના શ્રી પંચમુખી હનુમાન મંદિરમાં એક ખાસ પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું. આ પછી, પરિવારે અસ્થિને અંતિમ વિદાય આપી, જેથી તેમને મોક્ષ માટે ગંગામાં વિસર્જિત કરી શકાય.



અગાઉ, બુધવારે (29 જાન્યુઆરી)એ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જૂના કરાચીના ગોલીમાર સ્મશાનઘાટ પહોંચ્યા હતા, જ્યાં અસ્થિવાળા કળશ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.

### કુંભ દરમિયાન ભારત સરકારે વિઝા આપ્યા

કરાચીના સુરેશ કુમાર તેમની માતા સીલબાઈના અસ્થિ હરિદ્વાર લઈ જવાની રાહ જોઈ રહ્યા હતા. જ્યારે તેમને ખબર પડી કે ભારત સરકારે 400 હિન્દુ મૃતકોના અસ્થિ માટે વિઝા જારી કર્યા છે ત્યારે તેમણે રાહતનો શ્વાસ લીધો હતો. 17 માર્ચ, 2021એ તેમની માતાનું અવસાન થયું હતું, પરિવારે ભારતીય વિઝા માટે અરજી કરી હતી, પરંતુ મંજૂરી મેળવવામાં ઘણો વિલંબ થયો હતો. સુરેશે કહ્યું કે તેમણે દર 144 વર્ષે આવતા મહાકુંભની રાહ જોવાનું નક્કી કર્યું હતું. તે 12 કુંભ મેળા પૂર્ણ થવાનું પ્રતીક હતું અને આ વખતે 26 ફેબ્રુઆરી દરમિયાન ચાલી રહ્યો છે, જે આપણને આપણી ધાર્મિક અને અંતિમ સંસ્કાર વિધિઓ પૂર્ણ કરવા માટે 45 દિવસનો સમયગાળો આપે છે.



## UPમાં 2 માલગાડી ટકરાઈ:એક ટ્રેન રેડ સિગ્નલ પર ઉભી હતી, બીજી ટ્રેને પાછળથી ટક્કર મારી

(એજન્સી) ફતેહપુર | તા.04

ઉત્તરપ્રદેશના ફતેહપુરમાં બે માલગાડીઓ ટકરાઈ છે. એક માલગાડી પાટા પર ઉભી હતી ત્યારે બીજી માલગાડીએ પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો છે. ટક્કર એટલી ગંભીર હતી કે આગળ ઉભેલી માલગાડીનું એન્જિન અને ગાર્ડનો ડબ્બો પાટા પરથી નીચે ઉતરી ગયો હતો.

આ અકસ્માતમાં બંને ટ્રેનોના લોકો પાઈલટ્સ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટના મંગળવારે સવારે લગભગ 8 વાગ્યે DFC એટલે કે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર બની હતી. આ ટ્રેક પર ફક્ત માલગાડીઓ જ દોડે છે. આવી સ્થિતિમાં, આ ઘટનાની પેસેન્જર ટ્રેનો પર કોઈ અસર થઈ નહીં. રેલવેના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.



બંને ટ્રેનોના લોકો પાઈલટ્સને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ટ્રેક ખુલ્લો કરવામાં આવી રહ્યો છે. આ અકસ્માત કાનપુર અને ફતેહપુર વચ્ચે ખાગાના પામ્ભીપુર પાસે થયો હતો.

ગાડી રેડ સિગ્નલ પર ઉભી હતી રેલવે સૂત્રોએ જણાવ્યું હતું કે ટ્રેક પર રેડ સિગ્નલ હતું. આવી સ્થિતિમાં, એક માલગાડી ઉભી હતી. ત્યારે અચાનક પાછળથી એક માલગાડી ખૂબ જ ઝડપે આવી અને તેને ટક્કર મારી. અકસ્માતને કારણે, ફ્રેઈટ કોરિડોર પર રેલવે ટ્રાફિક પ્રભાવિત થયો છે. ઘણી માલગાડીઓ રોકી દેવામાં આવી છે. કેટલાકના રૂટ બદલવામાં આવ્યા હતા. રેલવે વિભાગે તપાસના આદેશ આપ્યા છે.

### અમદાવાદમાં ગુલબાઈ ટેકરા વિસ્તારમાં પોલીસે પર કેટલાક અજાણા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો

# અમદાવાદમાં પોલીસ પર હુમલા મુદ્દે કાર્યવાહી, CCTVના આધારે 6 આરોપીની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા. 04

અમદાવાદમાં ગઈકાલે મોડી રાત્રે પોલીસ પર પથ્થરમારાની ઘટના બની હતી. શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં કેટલાક લોકોએ પોલીસ પર પથ્થર ફેંક્યા હતા. DJ બંધ કરાવવા પહોંચેલી પોલીસ પર પથ્થમારો કરવામાં આવ્યો હતો. પોલીસ પર હુમલા મુદ્દે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. CCTVના આધારે 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગુલબાઈ ટેકરા પાસે લગ્ન પ્રસંગ હતો, 2 કલાક સુધીની પરવાનગી પૂર્ણ થયા બાદ પણ dj વગાડ્યું હતું. સ્થાનિકોએ ફોન કરીને પોલીસને જાણ કરી હતી. તકરાર કરતા હોય અન્ય પોલીસ મોબાઈલ વેનની જરુરિયાત પડી હતી. 30 જેટલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જ્યારે ઉશ્કેરાયેલા કેટલાક લોકોએ પોલીસ પર પથ્થર ફેંક્યા હતા. પથ્થરમારાના વીડિયોના આધારે 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે.



### 6 આરોપીની ધરપકડ

અમદાવાદમાં ગઈકાલે મોડી રાત્રે પોલીસ પર પથ્થરમારાની ઘટના બની હતી. શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં કેટલાક લોકોએ પોલીસ પર પથ્થર ફેંક્યા હતા. DJ બંધ કરાવવા પહોંચેલી પોલીસ પર પથ્થમારો કરવામાં આવ્યો હતો. પોલીસ પર હુમલા મુદ્દે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. CCTVના આધારે 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

### 30 જેટલા લોકોએ પથ્થરમારો કર્યો હતો : પોલીસ

ACP એચ.એમ.કણસાગરાએ સમગ્ર ઘટનાને લઈ જણાવ્યું હતું કે, અમદાવાદમાં પોલીસ પર હુમલા મુદ્દે પથ્થરમારાના વીડિયોના આધારે 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે, આ સાથે ડીજે સંચાલકની પણ અટકાયત કરી છે. 13 જેટલા આરોપીઓની ઓળખ થઈ છે. 30 જેટલા લોકોએ પથ્થરમારો કર્યો હતો, 7 થી 8 આરોપીઓની રાઉન્ડ અપ કર્યા છે. અન્ય આરોપીઓની વીડિયો, CCTVના આધારે તપાસ ચાલી રહી છે. DJ બંધ કરાવતા ઉશ્કેલાયેલા ટોળાએ ગુલબાઈ ટેકરામાં બોલાચાલી બાદ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. વહેલી સવારથી પોલીસનું ગુલબાઈ ટેકરામાં પેટ્રોલિંગ કરી રહી છે.

---

# અમરેલી-સૌરાષ્ટ્રમાં ભાજપનું સૌથી મોટું 'ઓપરેશન' જાફરાબાદમાં સફળ

(એજન્સી) ગાંધીનગર | તા.04

ગુજરાતમાં મહા નગર પાલિકાની ચૂંટણીનું મતદાન યોજાય તે પહેલા જ કોંગ્રેસમાં મોટું ભંગાણ થઈ ગયું છે. નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોના ફોર્મ ચકાસણીના અંતે કેટલીક પાલિકા-પંચાયતમાં ભગવો લહેરાયો હતો. જોકે, મુક્ત-પારદર્શક ચૂંટણી યોજાઈ રહી છે તે મુદ્દે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યાં હતા. કોંગ્રેસે આક્ષેપ કર્યો છેકે, ભાજપે પોલીસ અને વહીવટીતંત્રના જોરે કોંગ્રેસના ઉમેદવારોને ડરાવી ધમકાવી ફોર્મ પરત ખેચાવ્યા હતાં.

**"ઓપરેશન" જાફરાબાદમાં સફળ |** જાફરાબાદ નગરપાલિકામાં ધારાસભ્ય હીરા સોલંકી દ્વારા નગરપાલિકામાં 16 ઉમેદવારો સત્તાવાર રીતે બિનહરીફ વરણી થઈ છે. બિનહરીફ ચૂંટાયેલા સદસ્યો ધારાસભ્ય હીરા સોલંકીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં ભાજપના કાર્યકરો ઉમટ્યાં હતા. ઢોલ-નગારા સાથે ચૂંટાયેલા સદસ્યોના મોં મીઠા કર્યા હતા અને ખુશીનો માહોલ છવાયો હતો. જણાવી દઈએ કે, ગઈ ટર્મમાં આખી જાફરાબાદ નગરપાલિકા બિનહરીફ કરાઈ હતી.

### લાઠી નગરપાલિકાની ચૂંટણીમાં ખેલ થયો

લાઠી આમ આદમી પાર્ટીના બે મહિલા ઉમેદવારો ઉમેદવારી પાછી ખેંચી લીધી. લાઠીના વોર્ડ નં 1 રૂબીનાબેન રાઠોડ અને 3ના બિલ્કિસબેન ખોખર આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવારોએ ફોર્મ પાછું ખેંચી લીધું છે. લાઠી નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ જોવા મળી રહ્યું છે.

# કેરળ ટુરિઝમ દ્વારા ગુજરાતમાં પ્રચાર

## દર વર્ષે 3 લાખ ગુજરાતીઓ કેરળમાં મુસાફરી કરે છે

(એજન્સી) અમદાવાદ | તા.04

કેરળ ઉનાળામાં સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે ઓલ-ઈન્ડિયા કેમ્પેઈન શરૂ કરવા જઈ રહ્યા છે. જેમાં ખાસ કરીને ગુજરાતીઓ દર વર્ષે લાખોની સંખ્યામાં કેરળની મુલાકાત લે છે. જેમાં ગત વર્ષે 3 લાખ ગુજરાતીઓ પરિવાર સાથે કેરળના અલગ અલગ જગ્યાએ પહોંચ્યા હતા. હજુ વધુ ગુજરાતી ત્યાં આવે તે માટે કેરળ સરકાર અને કેરળ ટુરિઝમ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડોમેસ્ટિક ટ્રાવેલ માટે સી પ્લેન, હેલિકોપ્ટરથી પ્રવાસ માટે આયોજન કરવા જઈ રહ્યા છે. કોરોના બાદ સતત કેરળના ટુરિઝમમાં વધારો થઈ રહ્યો છે અને આગામો દિવસો જેમાં ખાસ કરીને ઉનાળા વેકેશનમાં મુસાફરો માટે પ્લાનિંગ કરી રહ્યા હોવાનું કેરળ ટુરિઝમ દ્વારા જાણવા મળી રહ્યું છે. નવા લોકેશન પ્રવાસન માટે લાવવા પ્રયાસ ઉનાળાની રજાઓ નજીક આવી રહી છે, જે માટે કેરળ ટુરિઝમ દ્વારા શાળાની રજાઓ અને ફેમિલીને લક્ષ્ય બનાવીને સ્થાનિક મુલાકાતીઓ સમક્ષ નવા લોકેશન પ્રવાસન માટે લાવવા પ્રયાસ કરવામાં આવશે. આ વખતે કેમ્પેઈન ખાસ કરીને ઉત્તર કેરળ, ખાસ કરીને બેકલ, વયનાડ અને કોઝિકોડ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઉપરાંત ઓછા જાણીતા સ્થળો અને મોટાપાયે સુધારેલા માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રવાસીઓને આકર્ષિત કરતી નવી વસ્તુઓ કેરળને તેના અસંખ્ય રંગોમાં પ્રદર્શિત કરવાનું કેમ્પેઈન એ રાજ્ય દ્વારા ઓફર કરવામાં આવતા સ્થળો પ્રવાસન વધારવાની નવીન પ્રમોશનનો એક ભાગ છે. જે મુખ્ય સ્ત્રોત શહેરોના સંભવિત મુલાકાતીઓ સાથે સીધા જોડશે.

# ઓલપાડમાં 20થી વધુ ગામોમાં વિજિલન્સ ટીમના દરોડા, 31.41 લાખનો ફટકાર્યો દંડ

*38 ટીમ દ્વારા 1323 જગ્યા પર ચેકીંગ હાથ ધર્યું*

(એજન્સી) સુરત | તા.04



**1323 જગ્યા પર ચેકીંગ હાથ ધર્યું**

શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થઈ રહેલી બેફામ વીજ ચોરી અટકવાનું નામ નથી લઈ રહી. વહેલી સવારે ઓલપાડ તાલુકામાં વિજિલન્સની ટીમે અલગ અલગ 38 ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ઓલપાડ તાલુકાના ગામોમાં 20થી વધુ ગામોમાં વીજ ચેકિંગ કરવામાં આવ્યું હતું. સુરતના ઓલપાડ તાલુકાના 20થી વધુ ગામોમાં વિજિલન્સ ટીમે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન વિજિલન્સની 38 ટીમ દ્વારા 1323 જગ્યા પર ચેકીંગ હાથ ધર્યુ હતું. 19 જગ્યાએ વીજ ચોરીમાં 31.41 લાખનો દંડ ફટકારાયો છે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થઈ રહેલી બેફામ વીજ ચોરી અટકવાનું નામ નથી લઈ રહી અને તેના કારણે દક્ષિણ ગુજરાત વીજ કંપનીએ ફરી એક વખત વીજ ચોરી પકડવા માટે ચેકિંગ શરુ કરવું પડયું છે. વહેલી સવારે ઓલપાડ તાલુકામાં વિજિલન્સની ટીમે અલગ અલગ 38 ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ઓલપાડ તાલુકાના ગામોમાં 20થી વધુ ગામોમાં વીજ ચેકિંગ કરવામાં આવ્યું હતું. વીજ ચેકિંગ દરમિયાન અનેક જગ્યાએ વીજ ચોરી ઝડપાઈ છે. ઓલપાડ તાલુકાના 20થી વધુ ગામોમાં GUVNLને ફાળવેલ 4 પોલીસ ટીમે બંદોબસ્ત વચ્ચે વિજિલન્સની ટીમે 1323 જગ્યા પર ચેકીંગ હાથ ધરાયુ હતું. જેમાં 19 જગ્યા પર વીજ ચોરી ઝડપાતા 31.41 લાખનો દંડ ફાટકરાયો છે.

### ધોરણ-12માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓના કરૂણ મોત

# સ્કોર્પિયો કાર પરથી નિયંત્રણ ગુમાવતા બેના મોત

(એજન્સી) હિંમતનગર | તા.04




હિંમતનગર-વિજાપુર રોડ પર સતનગર નજીક મંગળવારે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ધોરણ-12માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓના કરૂણ મોત થયા છે. જ્યારે બે લોકોને ઘાયલ થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત અંગેની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. વિદ્યાર્થીઓએ કાર પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો રોમી સ્કૂલના વિદ્યાર્થીઓ સ્કોપિયો કાર લઈને જમવા જતા હતા. રોડ પર ઓવર સ્પીડમાં જતા વિદ્યાર્થીઓએ કાર પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્કોર્પિયો કાર ચાર-પાંચ પલટી મારી ગઈ હતી. આ કારમાં સવાર 2 લોકોના ઘટના સ્થળે મોત થયા છે. જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેમને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલી ઘટના મુજબ, ઓવર સ્પીડમાં જતી સ્કોર્પિયો કારે અચાનક નિયંત્રણ ગુમાવી ચાર-પાંચ પલટી ખાધી હતી. આ અકસ્માતની ગંભીરતા એટલી હતી કે બંને વિદ્યાર્થીઓનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે 2 ને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મૃતક વિદ્યાર્થીઓ હિંમતનગરના પાણપુર પાટિયા વિસ્તારના રહેવાસી હતા. બંને મૃત દેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયા આ ઘટનાની જાણ થતાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે કારમાં સવાર અન્ય વ્યક્તિઓની માહિતી અને કાર કોણ ચલાવી રહ્યું હતું તે અંગેની તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા બંને મૃત દેહોને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ ગંભીર અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### ડાંગ પોલીસે દાખવી માનવતા

## અકસ્માતમાં ઘાયલ યાત્રીઓનો કર્યો બચાવ



(એજન્સી) ડાંગ | તા.04

ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રવિવારે 2 ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે 4.30 વાગ્યાની આસપાસ માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસે ખાનગી બસ (નં.UP-92-AT-0364) ના ચાલકે બસનો કાબુ ગુમાવતા બસ પલ્ટી ખાઈને આશરે ત્રીસ ફુટ નીચે ઊંડી ખાઈમાં પડી ગઈ. બસ ખાઈમાં પડતાં અંદર બેસેલા મુસાફરોમાંથી 51 જેટલા લોકો ગંભીરપણે ઘાયલ થયા હતા.ડાંગ પોલીસે ઘાયલ મુસાફર યાત્રીને શોધવા કવાયત હાથ ધરી. પોલીસે રેસક્યુ ઓપરેશન હાથ ધરી ઘાયલ મુસાફરોને બહાર કાઢ્યા. પોલીસે તમામ ઘાયલ મુસાફરોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ત્વરિત કામગીરી હાથ ધરી. પોલીસને ત્વરિત કામગીરીને પગલે ગંભીર રીતે ઘાયલ મુસાફરોને બચાવવામાં સફળતા મળી. આ ઉપરાંત યાત્રીઓ માટે રહેવાની તથા જમવાની વ્યવસ્થા પુરી પાડી, તેઓને પોતાના વતન પરત મોકલવાની વ્યવસ્થા કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું. ભવિષ્યમાં પણ પોલીસ આવી સરસ કામગીરી ખુબ જ ખંતપુર્વક કરતા રહે તે હેતુથી પોલીસ મહાનિરીક્ષક IPS પ્રેમ વીર સિંહ તરફથી મદદ કરનાર ડાંગ પોલીસ અધિકારી અને કર્મચારીને પ્રશંસાપત્રો તથા રોકડ રૂ. ૫૦,૦૦૦/- નું ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા.

# દ્વારકા ડિમોલિશન પર રોક માંગતી તમામ અરજી હાઇકોર્ટે ફગાવી!



(એજન્સી) દ્વારકા | તા.04

બેટ દ્વારકા મેગા ડિમોલિશન પાર્ટ 2માં ગુજરત હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે આજે સુનાવણી કરતા વકફ બોર્ડ પાસે ધાર્મિક દબાણો પરના પૂરતા પુરાવા ન હોવાથી સ્ટે ઓર્ડર કોર્ટે હટાવ્યો છે. બેટ દ્વારકા ડિમોલિશન મામલે કોર્ટ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માંગતી તમામ અરજી કોર્ટે ફગાવી છે. બેટ દ્વારકા વિસ્તારમાં ગૌચરની જમીન પર બાંધકામ કરવામાં આવેલ મસ્જિદો, મદરેસા અને દરગાહો ધારશાયી કરવાની પ્રક્રિયા પર રોક મૂકવાની માગ સાથે વકફ બોર્ડ દ્વારા અરજી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજ દ્વારા દાખલ કરવામાં આવેલ ત્રણ અરજીઓ પણ અદાલતે ફગાવી છે. કોર્ટના ચુકાદા પર સ્ટે માંગતી અરજી પણ કોર્ટે ફગાવી છે. આ નિર્ણય પાછળ હવે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્ર માટે બંધારણોને (મસ્જિદ, મદરેસા, દરગાહ) ધરાશાયી કરવા માટેનો રસ્તો સાફ થયો છે.

### દ્વારકા ડિમોલિશન મુદ્દે હાઈકોર્ટનો મોટો ચૂકાદો

1. પુરાવા ન હોવાથી હાઈકોર્ટે સ્ટે ઓર્ડર હટાવ્યો
2. ગયા મહિને બેટ દ્વારકામાં કરાયું હતું મેગા ડિમોલેશન
3. વક્ફ બોર્ડ પાસે ધાર્મિક દબાણોના પુરાવા નહીં
4. બેટ દ્વારકામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો
5. દ્વારકામાં ડિમોલેશન કામગીરી હાથ ધરાશે
6. દ્વારકામાં ડિમોલેશન કામગીરી યથાવત

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અગાઉ અમુક તત્વો દ્વારા અનઅધિકૃત રીતે સરકારી જમીન પર કરવામાં આવેલા અતિક્રમણ સંદર્ભે જિલ્લા પ્રશાસન દ્વારા જરૂરી સરવે તેમજ નોટિસ આપવા સહિતની કાયદેસરની કાર્યવાહી બાદ આ અંગેની મુદત પૂર્ણ થયે દ્વારકાના પ્રાંત અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા જિલ્લા પોલીસ પ્રશાસનને સાથે રાખીને આ પંથકમાં કરાયેલા રહેણાંક તેમજ કોમર્શિયલ વિસ્તારની સરકારી જગ્યાને ખુલ્લી કરવાનો પ્લાન બનાવવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાને સાથે રાખી અને દબાણ દૂર કરવા માટેની તૈયારીઓ આદરવામાં આવી હતી.

### હાલોલ ન.પા.ની સ્થાનિક ચૂંટણી

## ભાજપ 20 બેઠકો પર બિનહરીફ

BJP HALOL

(એજન્સી) પંચમહાલ | તા.04

પંચમહાલની હાલોલ નગરપાલિકાની સ્થાનિક ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. હાલોલ નગરપાલિકામાં મતદાન પ્રક્રિયા પૂર્વે જ ભાજપ સત્તામાં આવ્યું છે. ભાજપ 20 બેઠકો પર બિનહરીફ વિજેતા જાહેર થયું છે.ચૂંટણી અધિકારી દ્વારા 9 વોર્ડની 36 બેઠકો માટે 72માંથી 67 ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા, 5 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા, જેમાં ભાજપના મેન્ડેટ વગરના 4 અને આપનું 1 ફોર્મ સામેલ છે. ત્યારબાદ 15 ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચી લીધા હતા. હાલ સમાચાર સામે આવી રહ્યા છે કે, હાલોલ નગરપાલિકામાં ભાજપના 20 ઉમેદવારો બિનહરીફ થયા છે. ચૂંટણી અધિકારી દ્વારા 9 વોર્ડની 36 બેઠકો માટે 72માંથી 67 ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા, 5 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા, જેમાં ભાજપના મેન્ડેટ વગરના 4 અને આપનું 1 ફોર્મ સામેલ છે. 9 વોર્ડમાંથી 5 વોર્ડમાં ભાજપ બિનહરીફ વિજેતા જાહેર થયું છે. કોંગ્રેસ પેનલે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. બીજી તરફ ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવા દબાણ કરાતું હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે.

### જામનગરમાં સિદ્ધાર્થ નગર વિસ્તારમાં એક

# રહેણાક મકાનમાંથી ઇંગ્લિશ દારૂનો માતબર જથ્થો પકડાયો

(એજન્સી) જામનગર | તા.04



જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે સિદ્ધાર્થ નગરમાં એક બંધ રહેણાંક મકાન પર દરોડો પાડયો હતો, અને મકાનમાંથી રૂપિયા દોઢ લાખની કિંમતનો 228 નંગ ઈંગ્લીશ દારૂની બાટલી નો જથ્થો કબજે કર્યો છે, જ્યારે દારૂના ધંધાર્થીને ફરારી જાહેર કરી તેની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડાની વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે હરિયા કોલેજ રોડ ઉપર સિદ્ધાર્થ નગર વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્ર રસિકભાઈ ગોહિલ નામના એક શખ્સ દ્વારા પોતાના ઘરમાં બહારથી ઈંગ્લિશ દારૂની બાટલીનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહ્યા છે. જે બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ઉપરોક્ત મકાન બંધ હોવાથી એલસીબી ની ટુકડીએ તે બંધ મકાન ને ખોલાવીને અંદર ચકાસણી કરતાં મકાનમાંથી ૨૨૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.આથી પોલીસે રૂપિયા 1 લાખ 47 હજારની કિંમતનો ઈંગલિશ દારૂ ની બાટલી નો જથ્થો કબજે કરી લીધો છે, જ્યારે મકાન માલિક ધર્મેન્દ્ર ગોહિલ નાસી છૂટ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

**શિયાળામાં 474 લોકોએ જીવ ગુમાવ્યા :** આયોગે જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં ઘણા આશ્રય ગૃહ સમુચિત માગને પૂરી કરવામાં અસમર્થ છે અને જે ઉપલબ્ધ છે, તેમાંથી મોટાભાગમાં જરૂરી સુવિધાઓનો અભાવ છે. જેનાથી વ્યક્તિ કડકડતી ઠંડીમાં રહેવા મજબૂર થઈ જાય છે. રસ્તા પર રહેતાં લોકો વિશે એ પણ વાત સામે આવી છે કે તે યોગ્ય મેડીકલ સારવાર અને સારસંભાળના અભાવમાં શ્વસન સંક્રમણ, ત્વચા સંબંધિત બીમારીઓ અને બગડતા માનસિક આરોગ્ય સહિત ઘણા આરોગ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ટ્રેનના એન્જિન પર યુવક ચડી જતા દોડધામ: RPFએ મહામહેનતે નીચે ઉતાર્યો; 7 ટ્રેનો મોડી પડી

# સુરત રેલવે સ્ટેશન પર 45 મિનિટ ડ્રામા સર્જાયો

(એજન્સી) સુરત | તા.04

સુરત રેલવે સ્ટેશન પર આજે એક યુવક ટ્રેન પર ચડી જતા ભારે હંગામો સર્જાયો હતો. યુવક ટ્રેન પર ચડીને બચાવવા જનારને ઈલેક્ટ્રીક વાયર પકડી લેવાનું કહેતો હતો અને પકડવાનો પ્રયાસ પણ કરતો હતો. યુવકને લોકો અને આરપીએફ દ્વારા 45 મિનિટની ભારે જહેમતે નીચે ઉતારવામાં આવ્યો હતો. યુવક માનસિક બીમાર હોવાનું પ્રાથમિક સામે આવ્યું છે. જ્યારે આ હંગામા ના પગલે સાત જેટલી ટ્રેન મોડી પડી હતી.

મળતી માહિતી પ્રમાણે, સુરત રેલ્વે સ્ટેશન પર આવેલા પ્લેટફોર્મ નંબર 4 પર બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન આવીને ઊભી રહી હતી. દરમિયાન એક યુવક એન્જિનની ઉપર ચડી ગયો હતો. યુવક ટ્રેનના એન્જિન પર બેસીને હાથ જોડતો હતો અને ઈશારાઓ કરી રહ્યો હતો. લોકો તેને સમજાવીને નીચે ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હતા જો કે તે ઉતરી રહ્યો ન હતો. આ અંગેની જાણ થતાં જ આરપીએફના જવાનો પણ દોડી આવ્યા હતા. શરૂઆતમાં સમજાવીને ઉતારવાનો પ્રયાસ કરતા તે નીચે ઉતરતો ન હતો.



### ઈલેક્ટ્રિક વીજ વાયરમાં પાવર સપ્લાય બંધ કરાયો

બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન સુરત રેલવે સ્ટેશન પહોંચી હતી. ત્યારે 9.18 કલાકે આ યુવક ટ્રેનના એન્જિન પર ચડી ગયો હતો. આ અંગેની જાણ થતા જ પહેલા 9.23 કલાકે ઈલેક્ટ્રીક સપ્લાય બંધ કરી દેવામાં આવી હતી. આ સાથે જ આરપીએફ અને લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને યુવકને નીચે ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ભારે જહમત બાદ આરપીએફ જવાન અને લોકો બંનેએ મળીને યુવકને નીચે ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આરપીએફ જવાનો અને લોકો યુવક સુધી પહોંચતા જ યુવક ઈલેટ્રીક વાયર પકડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે વીજ સપ્લાય બંધ હોવાથી યુવકને કંઈ થયું ન હતું દરમિયાન 45 મિનિટને જઈ મત બાદ આરપીએફ અને લોકો દ્વારા યુવકને નીચે ઉતારી લેવામાં આવ્યો હતો. યુવક માનસિક બીમાર હોવાનો પ્રાથમિક રીતે સામે આવ્યું છે. જોકે યુવકને આરપીએફ દ્વારા લઈ જવામાં આવ્યો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**હંગામાના કારણે 7 ટ્રનો મોડી પડી :** યુવક ટ્રેન પર ચડી જવાના કારણે ટ્રેન વ્યવહારને પણ અસર પહોંચી હતી. 45 મિનિટ સુધી ચાલેલા આ ડ્રામા ના કારણે સાત જેટલી ટ્રેનો મોડી પડી હતી. આ ટ્રેનોને 45 મિનિટ સુધી રાહ જોવી પડી હતી. જયપુર સુપરફાસ્ટ, મેમુ, ડબલ ડેકર, તેજસ એક્સપ્રેસ, હમસફર એક્સપ્રેસ, સયાજી નગરી, ડિલક્ષ એક્સપ્રેસ ટ્રેન 45 મિનિટ સુધી મોડી પડી હતી. જેના કારણે મુસાફરોને પણ હલાકીનો સામનો કરવો પડ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે પ્લેટફોર્મ ઉપર ઉભી રહેલી ટ્રેનના એન્જિન ઉપર ચડી જવાને લઈને આરપીએફની કામગીરી પર પણ સવાલો ઊભા થયા છે. રેલવે પોલીસની એકચૂક ના કારણે હજારો મુસાફરોને પણ અલાકીનો સામનો કરવો પડ્યો હતો. આરપીએફ જવાનો હોવા છતાં પણ આ યુવક ટ્રેન સુધી કઈ રીતે પહોંચ્યો એ એક તપાસનો વિષય છે. આ મામલે રેલવે પોલીસ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું.

# વવાણિયામાં બે મિત્રોએ મળી યુવકને ભડાકે દીધો

## શિકાર બાબતે બોલાચાલી થતાં ફાયરિંગ કર્યું; પોલીસ-પરિવારને ગેરમાર્ગે દોરવા અકસ્માતની કહાણી ઘડી

મોરબી | માળિયા મિયાણા તાલુકાના વવાણિયા ગામના સીમ વિસ્તારમાં રોજડાનો શિકાર કરવા ગયેલા મોરબીના યુવકની તેના જ મિત્રોએ હત્યા કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આરોપીઓએ પોલીસ અને મૃતકના પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, તપાસમાં સત્ય બહાર આવ્યું હતું. મૃતક યુવકના પિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો પુત્ર વસીમ તેના મિત્રો સાથે શિકાર માટે ગયો હતો. બનાવની વિગતો અનુસાર, આરોપી અસલમે બાવળની જાળીમાં છુપાવેલી દેશી બનાવટની બંદૂક કાઢી જે લોડ કરીને રાખી હતી. જે દરમિયાન ત્રણેય મિત્ર શિકારની રાહ જોઈ રહ્યા હતા ત્યારે, અચાનક શિકાર નજરે પડતાં કોઈ કારણોસર આ ત્રણેય મિત્રો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપી જાવેદે અસલમની બંદૂકથી વસીમ પર ફાયરિંગ કર્યું હતું. જેથી વસીમ પિલુડિયા (ઉ.38)ને ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું.

શરૂઆતમાં આરોપીઓએ પોલીસ અને મૃતકના પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં તેમણે એવી વાર્તા ઘડી કાઢી હતી કે, શિકાર કરવા જતી વખતે બાઈક સ્લિપ થવાથી વસીમ બાઈક પરથી પડી ગયો હતો અને તેની પાસે રહેલી બંદૂકમાંથી અચાનક ફાયરિંગ થતાં તેને જ ગોળી વાગી ગઈ હતી. જેથી તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જો કે, પોલીસ તપાસમાં સમગ્ર સત્ય બહાર આવી ગયું હતું.





**આરોપીઓને પકડવાની તજવીજ શરૂ :** હત્યાના આ બનાવ સંદર્ભે હાલમાં માળિયા તાલુકા પોલીસે મોરબીના મહેન્દ્રપરામાં રહેતા મૃતક યુવાનના પિતા ગુલામહુસેન પિલુડિયાની ફરિયાદના આધારે માળિયા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે હત્યા સહિતની કલમ હેઠળ આરોપી અસલમ ગફુરભાઈ મોવર (રહે.વાવડી રોડ, મોરબી) અને જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા (રહે.મિયાણા) સામે ગુનો નોંધી આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે. આ બનાવની આગળની વધુ તપાસ માળિયા તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.સી. ગોહિલ ચલાવી રહ્યા છે.

## વાંકાનેરમાં યુવકનું દુઃખદ પગલું:પિતાના ઠપકાથી નારાજ 19 વર્ષીય યુવકે એસિડ પીધું

મોરબી | વાંકાનેરમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. જ્યાં 19 વર્ષીય યુવકે પિતાના ઠપકાથી નારાજ થઈને આત્મઘાતી પગલું ભર્યું હતું. રોયલ પાર્ક સોસાયટી શેરી નંબર-3માં રહેતા ક્રિસ દીપકભાઈ જાદવે 26 જાન્યુઆરીના રોજ એસિડ પી લીધું હતું, જેના કારણે ગઈકાલે મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવક કોઈ કામધંધો કરતો ન હતો અને ખરાબ સંગતમાં પડી ગયો હતો. ઘરે મોડા આવવાની ટેવને કારણે તેના પિતા દીપકભાઈ રામાભાઈ જાદવે (48) તેને ઠપકો આપ્યો હતો. આ ઠપકાથી નારાજ થઈને યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હતું.

ઘટનાની જાણ થતાં જ વાંકાનેર સિટી પોલીસે કેસની નોંધ કરી છે અને આગળની તપાસ અજીતસિંહ લક્ષ્મણસિંહ પરમાર કરી રહ્યા છે. આ ઘટના સમાજ માટે એક ચેતવણીરૂપ છે કે યુવાનોએ જીવનમાં સારી સંગત અને કામધંધામાં ધ્યાન આપવું જોઈએ, તેમજ માતા-પિતાની સલાહ-સૂચનાને હકારાત્મક રીતે લેવી જોઈએ.

## મૂર્તિવિસર્જન દરમિયાન કરુણ ઘટના:ચેકડેમમાં બે બિહારી યુવાન શ્રમિક ડૂબ્યા, 6 માસના બાળકે પિતા ગુમાવ્યાં



ગોંડલ | ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે વસંત પંચમી નિમિત્તે ઉજવણીનો માહોલ અચાનક માતમમાં ફેરવાઈ ગયો. સુપ્રીમ કાસ્ટ ફેક્ટરીમાં કાર્યરત બે બિહારી યુવાન શ્રમિકોએ સરસ્વતી માતાની મૂર્તિના વિસર્જન દરમિયાન જીવ ગુમાવ્યો હતો. ઘટના 3 ફેબ્રુઆરીની સાંજે બની હતી, જ્યારે 12થી 15 લોકોનું જૂથ ગાજતે-વાજતે મૂર્તિને ગામ નજીકના ચેકડેમ સુધી વિસર્જન માટે લઈ ગયું હતું. વિસર્જન દરમિયાન 23 વર્ષીય અમનકુમાર ગૌતમરાય અને 20 વર્ષીય કુમાર ગૌરવ સુભાષ માલાહર ઊંડા પાણીમાં આગળ વધ્યા અને ડૂબવા લાગ્યા. લોકો બચાવ કરે તે પહેલાં જ બંને યુવાનો પાણીમાં ગરકાવ થઈ ગયા. ઘટનાની જાણ થતાં ફેક્ટરીના માલિક અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા. ગોંડલ ફાયર બ્રિગેડની ટીમે બંને મૃતદેહોને બહાર કાઢ્યા અને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા.

# રાજકોટના 25 RTO અધિકારીઓનો કાળી પટ્ટી પહેરી વિરોધ નોંધાવ્યો...

(એજન્સી) રાજકોટ | તા. 04

રાજકોટના ઇન્ચાર્જ RTO અધિકારી કેતન ખપેડ સહિત 25 મળી રાજ્યભરના RTO ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર દ્વારા પડતર માંગણીઓને લઈને આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આજથી આ કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરી સરકારના વિરોધ સાથે કામ ચાલુ રાખ્યું છે. જેમાં વર્ષ 2018ની બેચના રાજકોટના 1 સહિત 8 આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરને પ્રોબેશન પૂર્ણ કરી કાયમી કરવા, પ્રમોશન આપવા સહિતના મુદ્દે આંદોલન શરૂ થયું છે. જેમાં આજથી તમામ કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરી કામ કરવાનું શરૂ કર્યું છે સાથે વ્હોટ્સએપના DPમાં પણ કાળી પટ્ટીનું પોસ્ટર રાખ્યું છે. 5 મીએ ટેકનિકલ અધિકારીઓનું ટ્વીટરના માધ્યમથી સોશિયલ મીડિયા અભિયાન શરૂ થશે અને છેલ્લે 11 ફેબ્રુઆરીએ ટેકનિકલ અધિકારીઓ માસ સીએલ ઉપર ઉતરી જશે.

વર્ષ-2018ના નિમણૂંક પામેલા આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર એપ્રિલ-2024માં 5 વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં 12માંથી ફક્ત 4 અધિકારીઓના પ્રોબેશન પૂર્ણ કરવાનો આદેશ કરવામાં આવેલો છે અને અન્ય 8 અધિકારીઓના પ્રોબેશન પૂર્ણ કરેલા નથી. જેમાં રાજકોટ આરટીઓ કચેરીના જીગ્નેશભાઈ પટેલ છે કે, જેમનું પ્રોબેશન 3 એપ્રિલ, 2024ના પૂર્ણ થઈ ગયું હોવા છતાં હજુ સુધી તેમનો પ્રોબેશન પિરિયડ પૂર્ણ થયો નથી અને તેમને કાયમી કરાયા નથી. આ ઉપરાંત છેલ્લા 4 વર્ષમાં અસંખ્ય અધિકારીઓને સામાન્ય ભૂલોમાં/બેનામી/નનામી અરજીઓના આધારે/એજન્ટો અને ટ્રાન્સપોર્ટર્સની બદલાની ભાવનાથી પ્રેરિત અરજીઓના આધારે નોટિસ/ચાર્જશીટ આપી ખાતાકીય તપાસો આરંભવામાં આવેલા છે. આ બાબતે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આ સમસ્યાનું નિવારણ કરવામાં આવેલું નથી. અગાઉના આંદોલન સમયે થયેલા સમાધાન પરત્વે પણ કોઈ સમિતિની રચના કરી આવા તમામ કેસોની સ્ક્રુટીની કરી નિકાલ કરવામાં આવેલો નથી.

## 24 કલાક બાદ ઠંડી વધવાની શક્યતા

ગુજરાત : ગુજરાતમાં આવતા પવનની દિશા વારંવાર બદલાઈ રહી છે. તેનું મુખ્ય કારણ છે કે, ઉત્તર ગુજરાત ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. જ્યારે પૂર્વ ગુજરાતના ભાગોમાં એન્ટિ સાઈકલોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી ગુજરાત પર આવતા પવનોની દિશા સતત બદલાતી રહે છે. ઉલ્લેખનીય છે કે, સાયક્લોનિક સર્ક્યુલેશન જ્યારે સક્રિય હોય ત્યારે કોઈપણ એક દિશા તરફથી પવન આવતા નથી. ત્યારે ગત મોડી રાત્રે ગુજરાત પર આવતા પવનની દિશા ઉત્તર અને ઉત્તર પશ્ચિમ તરફથી હતી, જેથી તાપમાનમાં ઘટાડો નોંધાયો નથી. હજુ પણ આગામી 24 કલાક વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે. ત્યારબાદ ધીમે ધીમે તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. આજે પણ મધ્ય ગુજરાતના ભાગ ઉપર છુટાછવાય વાદળો છવાઈ શકે છે, જેથી તડકા-છાંયડાનું વાતાવરણ રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, હાલમાં દક્ષિણ રાજસ્થાનના ભાગો ઉપર એક સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય છે.

# ઉમરગામમાં રમતા રમતા 3 વર્ષની બાળકી ગુમ થઈ : રેલવેની કેનાલમાંથી નિશાન જોવા મળ્યાં

(એજન્સી) વલસાડ | તા.04

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના વલવાડા બંગલી ફળિયામાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. 3 વર્ષની માસૂમ બાળકી ઘરના આંગણામાં રમી રહી હતી, તે મોડી રાત્રે અચાનક ગાયબ થઈ ગઈ હતી. જેથી બાળકીના પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતા પોલીસને જાણ કરી હતી.

ઘરની નજીકથી પસાર થતી કેનાલમાંથી બાળકીના ચપ્પલ અને હાથના નિશાન જોવા મલ્યા હતા. જેથી પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી હતી. ખાસ કરીને રેલવે ટ્રેકની નીચેથી પસાર થતી પાણી ભરેલી કેનાલમાં બાળકી ફસાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

બચાવ કામગીરી માટે પોલીસ અને ફાયર બ્રિગેડની વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક લોકો પણ બચાવ કામગીરીમાં સહયોગ આપી રહ્યા છે. અધિકારીઓ દ્વારા કેનાલના પાણીમાં સર્ચ ઓપરેશન ચાલુ છે અને બાળકીને શોધવા માટે તમામ શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



## BRTSમાં તોડફોડ-મારપીટ કરનાર રીઢો ચોર નીકળ્યો:બસના ડ્રાઈવર-ક્લીનરને જાનથી મારી નાખવાની ધમકી આપનાર શાહીલ મોપેડની ચોરી-ચેઈન સ્નેચિંગના ગુનામાં પણ શામેલ...

(એજન્સી) સુરત | તા. 04

સુરતના ઉધના વિસ્તારમાં BRTS બસમાં તોડફોડ અને ડ્રાઈવર-ક્લીનર પર હુમલો કરનાર આરોપી રીઢા ગુનેગાર નીકળ્યો છે. શાહીલ ઝાકીર શેખને ઉધના પોલીસે ઝડપી લીધો છે. આરોપી BRTS બસના કાચ તોડી, ડ્રાઈવર અને ક્લીનર સાથે મારપીટ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. આરોપી શાહીલ ઝાકીર શેખ શહેરમાં મોપેડ ચોરી અને સોનાની ચેઈન સ્નેચિંગના અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. આરોપી ઉધના વિસ્તારમાં આવેલી લક્ષ્મીનારાયણ BRTS બસમાં ઘૂસી ગયો હતો અને અચાનક કાચ તોડવાનું શરૂ કર્યું. આ દરમિયાન ડ્રાઈવર અને ક્લીનરે તેને રોકવાનો પ્રયાસ કરતાં, શાહીલે બંને પર હુમલો કરી મારપીટ કરી હતી. બાદમાં બન્નેને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યો હતો. આ મામલે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

ઉધના પોલીસે બાતમીના આધારે આરોપીને ડીંડોલી-ભેસ્તાન આવાસ ખાતેથી ઝડપી લીધો હતો. આરોપી પાસે ચોરી કરેલા બે મોબાઈલ ફોન, બે સોનાની તૂટેલી ચેઈન અને એક રેમ્બો ચપ્પુ મળી આવ્યું છે. ઉપરાંત આરોપી પાસેથી એક મોપેડ મળી આવી હતી, જે તેણે ગોડાદરા ખાતેની નીલકંઠ સોસાયટીમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસની વધુ પૂછપરછમાં આરોપીએ અન્ય ચેઈન સ્નેચિંગની ઘટનાઓમાં સંડોવાયેલ હોવાની કબૂલાત કરી છે. ગોડાદરા ખાતે નિધિ ટેક્સટાઈલ રોડ પરથી સોનાની ચેઈન સ્નેચિંગ કરી હતી. સલામતપુરા વિસ્તારમાં HTC માર્કેટ પાસે બીજી ચેઈન સ્નેચિંગ કરી હતી. મોપેડ ચોરી, ચેઈન સ્નેચિંગ અને અન્ય ગુનાઓ માટે ઉધના, ગોડાદરા, સલામતપુરા અને પુણા પોલીસ મથકમાં અગાઉથી ગુના નોંધાયેલા છે.

## જૂનાગઢના વોર્ડ નં-7માં ચૂંટણી બહિષ્કાર, સ્થાનિકોએ કહ્યું- ‘ચૂંટણી ટાણે દીકરા અને પછી બાપ થઈને ફરે, હવે તો મત જ નથી દેવો’

# ‘અત્યાર સુધી મોદી સાહેબને જોઈને મત આપતા હતા’ : સ્થાનિકો



જૂનાગઢ | આગામી સમયમાં જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી યોજવાની છે, ત્યારે જૂનાગઢ શહેરની અનેક સોસાયટીના લોકો પ્રાથમિક સુવિધાના અભાવે ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી રહ્યા છે. ઝાંઝરડા રોડ પર વોર્ડ નંબર 7 ની જીવનધારા સોસાયટીના રહીશો એકઠા થઈ જૂનાગઢ મહાનગરપાલિકાના સત્તાધીશોનો વિરોધ નોંધાવ્યો હતો અને વોર્ડ નંબર 7 ના કોર્પોરેટરો માત્ર ચૂંટણી આવતા મત માગવા આવે છે તેવા આક્ષેપો કર્યા હતા. રોડ રસ્તા ગટર પાણી જેવી પ્રાથમિક સુવિધા ના અભાવે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. બીજી તરફ જીવનધારા સોસાયટીમાં રોડ એટલી હદે ખરાબ બન્યા છે કે દર્દીને ઈમર્જન્સી સમયે હોસ્પિટલ લઈ જવામાં તેમજ બાળકોને સ્કૂલે લેવા મુકવા અને સ્થાનિક લોકોને અવરજવર કરવામાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. તો બીજી તરફ સ્થાનિકો કહી રહ્યા છે કે આ વિસ્તારના કોર્પોરેટર છેલ્લા પાંચ વર્ષમાં ક્યારેય પણ આ વિસ્તારમાં આવ્યા જ નથી જેના કારણે લોકો આ વર્ષે ચૂંટણીનો બહિષ્કાર કરી અને અસુવિધાનો જવાબ આપશે.

વોર્ડ નંબર 7ના જીવનધારામાં રહેતા ભાનુબેને જણાવ્યું હતું કે, મારા પતિ હાલ પથારીમાં ઘરે સારવાર હેઠળ છે, જેને હોસ્પિટલ લઈ જવામાં પણ ખૂબ જ મુશ્કેલી પડી રહી છે કારણ કે આ રોડ પરથી એમ્બ્યુલન્સ ચાલી શકતી નથી. આ વખતે ચૂંટણીમાં મતદાન કરવું જ નથી. બધી બહેનોને કહી દીધું છે કે આ વખતે કોઈપણ ચૂંટણી સમયે મતદાન કરવા જશો નહીં. કદાચ મને પાંચ લાખ રૂપિયા આપશે તો પણ હું મતદાન કરવા જવાની નથી. કારણ કે કોર્પોરેટરો ચૂંટાયા પછી આ વિસ્તારમાં દેખાતા જ નથી. આ વોર્ડના કોર્પોરેટર હિમાંશુભાઈ કે ડો. સીમાબેન પીપળીયા કે અન્ય બે કોર્પોરેટરો ક્યારેય પણ આ વિસ્તારની મુલાકાત લીધી નથી કે લોકોના પ્રશ્નોને સાંભળવા આવ્યા નથી.

નિંજલબેન વાઢેરે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં લોકો રોડ રસ્તા પાણી અને ગટરને લઈ ખૂબ જ હેરાન પરેશાન થઈ રહ્યા છે. અહીં જ્યારે પાણી આપવામાં આવે છે ત્યારે ખરાબ રોડ રસ્તાના કારણે પાણી રોડ પર ફરી વળે છે અને કાદવ કિચડનું સામ્રાજ્ય સર્જાય છે. ત્યારે લોકોને અવરજવર કરવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. આ વિસ્તારમાં પાણીનો કોઈ નિકાલ નથી જેના કારણે રસ્તા પર પાણી ભરાય છે. ઘણી જગ્યા પર રોડ બનાવવામાં આવે છે પરંતુ ત્યાં પણ યોગ્ય પદ્ધતિથી રોડ બનાવવામાં આવ્યા નથી જેના કારણે ખાડાઓ ભરાય જાય છે અને ઘરોમાં ઘુસી જાય છે. આ વખતે આ વિસ્તારના સ્થાનિકો મક્કમ છે કે ચૂંટણી સમયે મતદાન કરવા જવાના નથી.

# જુનાગઢ જિલ્લામાં વધુ એક આશ્રમ વિવાદમાં

## મુખ્ય મહંતે લગાવ્યા ગંભીર આક્ષેપ

(એજન્સી) ગાંધીનગર । તા.04

જુનાગઢ જિલ્લાના ધાર્મિક સ્થાનો એક પછી એક વિવાદમાં આવતા જાય છે, પ્રથમ અંબાજી મંદિર ત્યારબાદ ભવનાથ, ભૂતનાથ અને સતાધાર ગાદીનો વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે કેશોદ નજીક ફાગડી ગામના સર્વે નંબર પર આવેલા તોરણીયા આશ્રમમાં બે સાધુઓનો વિવાદ સામે આવ્યો છે. જેમાં તોરણીયા આશ્રમમાં રહેતા બે સાધુ અને એક સાધ્વી દ્વારા આશ્રમમાં દારુ, ચરસ, ગાંજા જેવી વસ્તુઓ લાવી તેનું સેવન કરતા હોવાના આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો છે.

આશ્રમમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ અંગે પણ આક્ષેપ થતાં લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. તોરણીયા આશ્રમનું સંચાલન કરતાં મહાન શંકરદાસ ગુરુ નિર્ભયદાસ દ્વારા આ આક્ષેપ કરવામાં આવ્યો છે. કેશોદ ફાગડી રોડ ઉપર આવેલા તોરણીયા આશ્રમમાં શંકરદાસ ગુરુ નિર્ભયદાસજી ઘણા વર્ષોથી સંચાલન કરી રહ્યા છે. 6 મહિના પહેલા સિધ્ધરાજ મુનિ નામના એક સાધુ અહીં આવ્યા હતા અને શંકરદાસ બાપુએ તેમને તોરણીયા આશ્રમમાં આશરો આપ્યો હતો. છ મહિના સુધી આ સાધુનું વર્તન ખૂબ જ સારું રહ્યું હતું, પરંતુ ત્યારબાદ આ સાધુએ તેના અન્ય જાણીતા સાધુને તોરણીયા આશ્રમમાં બોલાવ્યા હતા અને આ બંને સાધુએ મળીને આશ્રમમાં જ દારુ, ચરસ, ગાંજા જેવી ચીજ વસ્તુઓ લાવી મહેફિલો માણતા હતા અને ગેર પ્રવૃતિ શરૂ થઈ હતી. બીજી તરફ આ આશ્રમમાં હાલના મહંત સિધ્ધરાજ મુનીએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે 2020માં આ જગ્યા ઉપર તેમની ચાદર વિધિ કરવામાં આવી છે, ઉદાસીન અખાડાના મુખ્ય સાધુઓ અને સંતો દ્વારા તેમની ચાદર વિધિ કર્યા હોવાનો ખુલાસો કર્યો હતો. સાથે સાથે મહંત શંકર દાસ બાપુ સામે પણ તેમણે આક્ષેપ કર્યા હતા, તેઓ પોતાની રીતે ચાલ્યા ગયાઓનો ખુલાસો કર્યો હતો. સાથે સાથે તેઓએ જણાવ્યું હતું કે અમે તેને કોઈ પ્રકારે ધાકધમકી કે મારી નથી તેમ જ તેનું સામાન પણ અમે આપી દેવા માગીએ છીએ, પરંતુ તેને પોલીસમાં અરજી કરી છે કે મારાથી તેમને જીવનનું જોખમ છે તો તેને બહાર જ રહેવું સારું. જો હું આશ્રમમાં દારૂ કે ગેરપ્રવૃત્તિ કરતો હોય તો મને જણાવે કે હું ક્યાંથી હું દારૂ લઈને આવું છું અને ક્યારે મેં કોની સાથે મહેફિલો માણી છે તેની સાબિતી આપે.

### આશ્રમમાં ગાંજો, ચરસ લાવી મહેફિલ માણવાનો અને આશ્રમ પર કબ્જો જમાવી દીધાનો લગાવ્યો આક્ષેપ

આશ્રમના મહંત શંકર દાસ બાપુએ ધાર્મિક જગ્યામાં આવી પ્રવૃત્તિ ન કરવાની મનાઈ કરી અને ઠપકો આપ્યો હતો. બે સાધુ અને એક સાધ્વીને ઠપકો આપતા બંને સાધુએ મળીને મુખ્યમહંતને ગાળો આપી હતી અને માર માર્યો હતો અને ગળા પર તલવાર મૂકીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહંત દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે. આ બંને સાધુઓએ મુખ્ય મહંતને હાંકી કાઢ્યા બાદ બંને સાધુઓ બેંગ્લોરથી એક મહિલાને અહીં આશ્રમમાં લાવ્યા હતા અને તે આજે સાધ્વી તરીકે આ આશ્રમમાં રહેવા લાગ્યા છે, તેવા આક્ષેપ પણ કરવામાં આવ્યા છે.

હાલ બે સાધુ અને એક સાધુ મળીને આ તોરણીયા આશ્રમમાં ગેર પ્રવૃતિઓ થઈ રહી છે અને આશ્રમ પર કબજો જમાવી દીધો છે. જેને લઈને આશ્રમના મુખ્યમહંત દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે અને પોતાનો આશ્રમ પરત આપવામાં આવે તેવી માગણી કરી છે.

### ખેડાના પરીએજમાં વર્લ્ડ વેટલેન્ડ્સ-ડે ઉજવાયો

# 9 વર્ષમાં સારસ ક્રેનની વસતી ત્રણ ગણી વધીને 1,431 થઈ

(એજન્સી) નડિયાદ । તા.04

ખેડાના પરીએજ ખાતે વર્લ્ડ વેટલેન્ડ્સ (જળપ્લાવિત ક્ષેત્ર) દિવસની ઉજવણી અંતર્ગત ત્રીજા સારસ ક્રેન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. 'આપણા સમાન ભવિષ્ય માટે વેટલેન્ડ્સની સુરક્ષા' થીમ હેઠળ વેટલેન્ડના સંવર્ધન અને ટકાઉ ભવિષ્ય વચ્ચેના સંબંધ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વન વિભાગ, સંસ્થાઓ અને ગ્રામજનોના સંયુક્ત પ્રયાસોના પરિણામે નવ વર્ષમાં સારસ ક્રેનની સંખ્યામાં ત્રણ ગણો વધારો નોંધાયો છે. વિશ્વમાં સૌથી વધુ ઉંચાઈ ધરાવતા ઉડતા પક્ષી અને ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર(આઈયુસીએન)ના રેડ લિસ્ટમાં



સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરાયેલા ઈન્ડિયન સારસ ક્રેન ભોજન અને પ્રજનન માટે વેટલેન્ડ્સમાં વસવાટ કરે છે. જોકે, વેટલેન્ડમાં ક્ષાર વધવાના કારણે તેમાં ઘટાડો થયો છે. સારસ કન્ઝર્વેશન પ્રોગ્રામમાં ૪૦ ગામડામાંથી ૯૦ ગ્રામીણ સારસ પ્રોટેક્શન ગ્રુપ સ્વયંસેવકોનું અમ્બ્રેલા નેટવર્ક બનાવવામાં આવ્યું છે. જેમાં સારસના માળા, ઈંડાનું સંરક્ષણ, બચ્ચાને શિકાર થતાં અટકાવવા સહિતની પ્રવૃત્તિ કરવામાં આવે છે. વન વિભાગ, સંસ્થાઓ અને ખેડૂતોના પ્રયાસોના કારણે વર્ષ ૨૦૧૫-૧૬માં સારસ ક્રેનની વસ્તી ૫૦૦ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં ત્રણ ગણી વધીને ૧,૪૩૧ થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં સારસ ક્રેનની સંખ્યા ૧,૨૫૪ હતી, એક વર્ષમાં તેમાં ૧૭૭નો વધારો નોંધાયો છે. સારસ ક્રેન ફેસ્ટિવલમાં ૧૦ સ્કૂલ અને ૪ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પક્ષીઓ નિહાળવા, પતંગિયા ઓળખવા, પોસ્ટર બનાવવા, ફોટો પ્રદર્શન સ્પર્ધા સહિતની ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. તેમજ સારસના સંરક્ષણમાં જોડાયેલા સરપંચો, ગ્રામજનોને સૌથી વધુ સારસ ક્રેન સાઈટિંગ અને નેસ્ટિંગ સાઈટ્સ નોંધાવવા માટે સારસ ટ્રોફી અને પ્રકૃત્તિના મિત્રોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### વાહન ઉપર લોન લીધા બાદ આપેલા ચેક બેન્કમાંથી પરત ફરતા

## ભંડારિયા અને ધંધુકાના 2 શખ્સને ચેક રિટર્ન કેસમાં 1-1 વર્ષ કેદની સજા

(એજન્સી) ભાવનગર । તા.04

ગઢડા તાલુકાના ભંડારિયા અને ધંધુકાના નાની ચોકમાં રહેતા બે શખ્સને ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપનીને આપેલા ચેક પરત ફરવાના કેસમાં એક-એક વર્ષ કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમનો દંડ ભરવા હુકમ કર્યો છે.પ્રથમ કેસની મળતી વિગત અનુસાર ગઢડાના ભંડારિયા ગામે રહેતો પ્રતાપ વજુભાઈ ખેર નામના શખ્સે બોટાદમાં આવેલ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લિ.માંથી વાહન ઉપર લોન લીધા બાદ તેની રકમ નિયમિત ભરપાઈ કરી ન હતી. બાકીની રકમની ઉઘરાણી કરવામાં આવતા શખ્સે રૂા.૨,૪૮,૪૭૯ અને રૂા.૬,૦૦,૦૦૦ના બે ચેક કંપનીને આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં આ અંગે બોટાદના ત્રીજા એડીશનલ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જે અંગેની સુનવણી થતાં ફરિયાદી પક્ષના વકીલ હિતેષ એમ. કુકડિયાની દલીલો, રજૂ થયેલા આધાર-પુરાવા વગેરેને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ એચ.એચ.પટેલે ચેક રિટર્ન કેસમાં પ્રતાપ ખેરને તકસીરવાન ઠેરવી એક વર્ષ



સાદી કેદની સજા, ચેકની રકમથી દોઢી રકમનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કર્યો હતો.

જ્યારે બીજા કેસની મળતી વિગત અનુસાર ધંધુકાના નાની ચોકમાં રહેતો ગોપાલ અલાભાઈ ગમારાએ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લિ.માંથી વાહન ઉપર લીધેલી લોન પેટે રૂા.૨૨,૭૯,૬૫૮નો ચેક આપતા તે ચેક બાઉન્સ થયો હતો. જે અંગેની ફરિયાદ બોટાદના ત્રીજા એડી. જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાખલ કરવામાં આવતા ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપનીના વકીલ હિતેષ એમ. કુકડિયાએ કરેલી દલીલો, કોર્ટ સમક્ષ રજૂ થયેલા આધાર-પુરાવા વગેરેન ધ્યાને લઈ ન્યાયધીશ એચ.એચ. પટેલે ગોપાલ ગમારા નામના શખ્સને એક વર્ષ સાદી કેદની સજા, ચેકની રકમથી દોઢી રકમનો દંડ તેમજ દંડ ભરવામાં કસુરવાન ઠરે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કર્યો હતો.

### એમજીવીસીએલ અને પાલિકાને લેખિત રજૂઆત

## ડાકોરમાં પુનિતપાર્કે વીજ ડીપીના ખૂલ્લા વાયરો અકસ્માત નોતરશે

(એજન્સી) ભાવનગર । તા.04

ડાકોરમાં ઝાખેડનાડાથી ગાંધીજીની પ્રતિમા સુધીના માર્ગ પર આવેલી પુનિતપાર્ક સોસાયટીની બહાર જાહેર માર્ગ પર વીજ ડીપીના ખૂલ્લા વાયરો અકસ્માત નોતરશે તેવી ભીતિ સ્થાનિકોમાં સેવાઈ રહી છે. આસપાસની સોસાયટીના રહિશોએ છેલ્લા એક વર્ષથી વીજ ડીપી ખસેડવાની માંગ કરી હોવા છતાં વીજ તંત્ર આંખ આડા કાન કરતું હોવાના આક્ષેપ લાગ્યા છે. ડાકોરની પુનિતપાર્ક સોસાયટી, નંદનવન, શિવમપાર્ક, ગોકુલનગર, મહાલક્ષ્મી સહિતની સોસાયટીના રહિશો દ્વારા એમજીવીસીએલના ઈજનેર અને પાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી હતી કે, ડાકોર ઝાખેડનાડાથી



ગાંધીજીની પ્રતિમા સુધીના જાહેર માર્ગ પર આવેલી પુનિતપાર્ક સોસાયટીની બહાર એમજીવીસીએલ દ્વારા ડીપી મુકવામાં આવી છે. જાહેર માર્ગ પર મુકવામાં આવેલી વીજ ડીપીના વાયરો ખૂલ્લા હોવાથી ત્યાંથી પસાર થતાં સ્થાનિકોમાં ભય સેવાઈ રહ્યો છે. નજીકમાં શાળા આવેલી છે, ત્યારે શાળાએ જતાં બાળકો, વિસ્તારમાંથી પસાર થતી લક્ઝરી બસના આગમનથી ખૂલ્લા વાયરો તૂટી જવાની તથા મુસાફરો સહિત સોસાયટીના રહીશોને કરન્ટ લાગવાની સંભાવનાઓ છે. સોસાયટીઓમાં રહેતા ૨૫૦થી વધુ પરિવારો દ્વારા છેલ્લા એક વર્ષથી ડીપી ખસેડવા માંગ કરવામાં આવી રહી છે. છતાં એમજીવીસીએલ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતી હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ એમજીવીસીએલના અધિકારીઓ દ્વારા ડીપી ખસેડવા ત્રણ લાખ ભરવાનું જણાવવામાં આવ્યું હોવાના આક્ષેપ લગાવ્યા હતા. એમજીવીસીએલમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામ ચાલે છે, ત્યારે સ્થાનિકો પાસેથી નાણાં માંગવાના બદલે કે.એ.પટેલ નામની એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવે તેવી માંગ કરી હતી.

### 350 શાળાના વિદ્યાર્થીઓએ કચરારૂપે 50 હજાર પ્લાસ્ટિક બોટલો ભેગી કરી

આણંદ : આણંદ તાલુકાની શાળાઓમાં બાળકોને તથા તેમના વાલીઓને સાથે લઈને સ્ટોપ ધ પ્લાસ્ટિક ફલડ થીમ અંતર્ગત પ્લાસ્ટિક પ્રદૂષણ સામે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયું છે. જેમાં તાલુકાની ૩૫૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૫૦ હજારથી વધુ પ્લાસ્ટિક બોટલોનું કચરા સ્વરૂપે કલેક્શન કરવામાં આવ્યું છે. આ કલેક્શન ૧ લાખ પ્લાસ્ટિક બોટલો સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે.આ અભિયાન હેઠળ પીએમ શ્રી પ્રાથમિક શાળા, હાડગુડમાં પ્લાસ્ટિકની બોટલ કલેક્શન અને જનજાગૃતિ તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ફૂલસરમાં રોડના કામમાં નડતરરૂપ 10 કાચા-મકાનના દબાણ વિરોધ વચ્ચે હટાવ્યાં

(એજન્સી) ભાવનગર । તા.04

છેલ્લા લાંબા સમયથી ભાવનગર શહેરમાં મહાપાલિકા દ્વારા નાના-મોટા ગેરકાયદે દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે સોમવારે કેટલાક ગેરકાયદે મકાન, લારી-ગલ્લાના દબાણ મનપાની ટીમે હટાવ્યા હતા અને કેટલોક સામાન જપ્ત કર્યો હતો. મહાપાલિકાની ટીમે દબાણ હટાવવાની કાર્યવાહી કરતા દબાણકર્તાઓમાં રોષ ભભુકી ઉઠયો હતો અને કેટલાક લોકોએ વિરોધ પણ કર્યો હતો.



ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગની દબાણ હટાવ ટીમ દ્વારા આજે સોમવારે ૨૪ મીટર ડી.પી. રોડ, અમર પાર્ક ફૂલસર પાસે રોડ બનાવવામાં નડતરરૂપ ૧૦ કાચા-પાકા મકાનને અગાઉ નોટિસ આપવા છતાં ખાલી કરતા ન હતા, જેના પગલે આજે એસ્ટેટ વિભાગ તેમજ ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે રહી ગેરકાયદેસર બનાવેલ મકાનો દૂર કરવામાં આવ્યા હતાં. આ કામગીરી પૂર્વે કેટલાક લોકોએ દબાણ હટાવી લીધા હતા, જ્યારે કેટલાક દબાણકર્તાઓએ ઉગ્ર વિરોધ કર્યો હતો પરંતુ પોલીસ બંદોબસ્ત વચ્ચે મનપાની ટીમે દબાણ દૂર કર્યા હતાં. આ કામગીરી દરમિયાન એક મહિલા બેભાન થઈ જતા ઈમરજન્સી વાહન ૧૦૮ બોલાવવામાં આવ્યુ હતું. જ્યારે પીરછલ્લાં માર્કેટ તેમજ ગંગાજળિયા શાક માર્કેટમાંથી અસ્થાયી પ્રકારના દબાણ દૂર કરી ૦૬ સ્ટેચ્યૂ તેમજ અન્ય સમાન જપ્ત કરેલ છે. આ ઉપરાંત ક્રેસેન્ટ સર્કલ પાસેથી અસ્થાયી પ્રકારના દબાણ દૂર કરી ૦૨ લારી જપ્ત કરી હતી.

મહાપાલિકાની ટીમે મકાન, લારી-ગલ્લા સહિતના દબાણ દૂર કરતા દબાણકર્તાઓમાં દોડધામ મચી જવા પામી હતી અને કેટલાક દબાણકર્તાઓ રોષ ઠાલવતા નજરે પડયા હતાં. આગામી દિવસોમાં પણ દબાણ દૂર કરવાની કામગીરી યથાવત રહેશે તેમ મનપાના સુત્રોએ જણાવેલ છે.

## જિલ્લાની 3 નગરપાલિકા ચૂંટણીમાં 214 ફોર્મ માન્ય


(એજન્સી) ભાવનગર । તા.04

ભાવનગર જિલ્લાની ત્રણ નગરપાલિકા, ત્રણ તાલુકા પંચાયત અને ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય-પેટા ચૂંટણીમાં આજે ફોર્મ ચકાસણી કરાઈ હતી. જેમાં ત્રણ નગરપાલિકા ચૂંટણીમાં ૨૧૪ ફોર્મ માન્ય ઠર્યા છે. જ્યારે ૧૯ ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ તાલુકા પંચાયતની પાંચ બેઠક માટે પેટા ચૂંટણીમાં એક માત્ર લાખણકા બેઠક પર જ બે ફોર્મ અમાન્ય રહ્યા હતા.

સ્વરાજ્યની ચૂંટણીના જાહેર થયેલા કાર્યક્રમ અનુસાર આજે સોમવારે ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં તળાજા નગરપાલિકાની ચૂંટણી માટે રજૂ થયેલા કુલ ૭૧ ફોર્મમાંથી ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષના મળી ૦૭ ફોર્મ અમાન્ય રહ્યા હતા. જ્યારે ૨૮ બેઠક માટે ૬૨ નામાંકનને માન્ય રાખવામાં આવ્યા છે. જ્યારે ગારિયાધાર નગરપાલિકાની ૨૮ બેઠક માટે યોજાનારી ચૂંટણીમાં રજૂ થયેલા ૬૪ પૈકીના ૬૦ ફોર્મ માન્ય અને ડમી ઉમેદવારોના ચાર ફોર્મ રદ કરાયા છે. તેમજ સિહોર તાલુકા પંચાયતની ૩૬ બેઠકની ચૂંટણીમાં ૧૦૨ ફોર્મ માન્ય ઠર્યા છે. જ્યારે ડમી ઉમેદવારોએ રજૂ કરેલા આઠ ફોર્મ અમાન્ય રહ્યા હતા.આ ઉપરાંત તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં તળાજા તા.પં.ની રાજપરા (બે ફોર્મ) અને ઉંચડી (ચાર ફોર્મ) બેઠક માટે ૬ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. સિહોરની વળાવડ અને સોનગઢ બેઠકમાં કોંગ્રેસ અને ભાજપના બે-બે મળી કુલ ચાર ફોર્મ ભરાયા હતા. તે તમામ ફોર્મ માન્ય ઠર્યા છે. ભાવનગર ગ્રામ્યની લાખણકા સીટ માટે રજૂ થયેલા બે ફોર્મ માન્ય રહ્યા છે. જ્યારે બે ડમી ફોર્મ રદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

### માઈ મંદિરોમાં જય માતાજીનો ગગનભેદી જયઘોષ ગૂંજી ઉઠશે

# અઢારેય વર્ણના કુળદેવી ખોડિયાર માતાજીનો જન્મ જયંતિ મહોત્સવ ઉજવાશે




(એજન્સી) ભાવનગર । તા.04

દર વર્ષની જેમ આ વર્ષે પણ અઢારેય વર્ણના કુળદેવી જગત જનની જોગમાયા આઈ શ્રી ખોડિયાર માતાજીની જન્મ જયંતિની મહા સુદ ૮ આગામી ૫ ફેબુરઆરીના રોજ પરંપરાગત રીતે ભાવ અને ભક્તિમય માહોલમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ અવસરને અનુલક્ષીને ખોડિયાર મંદિરમાં વિશેષ શણગારના દર્શન, ત્રણેય પહોરની આરતી, પૂજન અર્ચન અને યજ્ઞા તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. પ્રાગટયોત્સવને લઈને આવતીકાલે સવારથી જ માઈભક્તો માઈમંદિરે દર્શનાર્થે ઉમટી પડશે.આવતીકાલ તા.૫-૨ ને બુધવારે ભાવનગર શહેરમાં સંસ્કાર મંડળ નજીક આવેલા ખાંડીયા કુવા ખોડિયાર માતાજીના મંદિરેથી સવારે ૮ કલાકે માતાજીની શોભાયાત્રા નીકળશે. સવારે ૯ કલાકે હોમાત્મક નવચંડી યજ્ઞાનો પ્રારંભ થશે. સવારે ૧૦ કલાકે ધ્વજદંડ આરોહ સ્થાપન થશે. સાંજે ૫ કલાકે શ્રીફળ હોમાશે બાદ સાંજે ૭-૧૫ કલાકથી મહાપ્રસાદ રાખેલ છે. રાત્રે ૮ કલાકે ડાક ડમરૂનો કાર્યક્રમ રાખેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભાવનગરના આ પૌરાણિક અને શ્રધ્ધાસ્થાનકમાં બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટતા હોય છે એટલુ જ નહિ, અત્રે સાંજે હજ્જારો ભાવીકો ભાવભેર મહાપ્રસાદ લઈને ધન્યતાની લાગણી અનુભવશે.

જ્યારે સિહોર તાલુકાના રાજપરા ખાતે આવેલા આઈ શ્રી ખોડિયાર માતાજીના મંદિરમાં પરંપરાગત રીતે જન્મ જયંતિની ભારે ઉત્સાહભેર ઉજવણી કરાશે.મહંત પરિવાર દ્વારા આ પ્રસંગે સવારે ૫ કલાકે મંગળા આરતી, સવારે ૧૧ કલાકે બાવન ગજની ધજા મંદિરના શીખર પર ચડાવાશે. સવારથી સર્વે ભાવિકોને લાપસીના મહાપ્રસાદનું વિતરણ કરાશે. અત્રે એ નોંધનીય છે કે, દર વર્ષે રાજપરા ખોડિયાર માતાજીના મંદિરે કારતક માસમાં લાભ પાંચમના મહિમાવંતા મહાપર્વથી પૂનમ સુધી, વર્ષની ચારેય નવરાત્રિ દરમિયાન તેમજ દર શનિવાર, રવિવાર તેમજ ધાર્મિક તહેવારો અને રજાના દિવસોમાં ૭૦ હજારથી વધુ આબાલવૃધ્ધ માઈભક્તો દર્શનાર્થે ઉમટતા હોય છે. તહેવારોના દિવસોમાં ગામેગામથી ૧૫૦ ઉપરાંત સંઘો દ્વારા વાજતે-ગાજતે માતાજીને ધજા ચડાવતા હોય છે અને લાપસીની પ્રસાદી ધરાવાય છે. અત્રે દર રવિવારે અંદાજે ૨૦ હજારથી વધુ ભાવિકો દર્શનાર્થે આવે છે અને જય માડી ખોડિયાર જય જય ખોડિયારનો ગગનભેદી જયઘોષ ગૂંજી ઉઠે છે. આ ઉપરાંત નાગધણીબા ખોડિયાર માતાજીના મંદિરે પણ પ્રાગટયોત્સવ ઉજવાશે. તળાજાના તાલધ્વજ ડુંગર પર બિરાજમાન આઈ શ્રી ખોડિયાર માતાજીના મંદિરે બુધવારે સવારે ૯ કલાકે વિપુલભાઈ દેસાઈના શાસ્ત્રીપદે યજ્ઞાનો પ્રારંભ થશે. સાંજે ૫ કલાકે બીડુ હોમાયા બાદ ભોજન પ્રસાદ રાખેલ છે.

## ગઢડા ન.પા. વોર્ડ નં.1 માં કોંગ્રેસે લડયાં પહેલા જ હાર સ્વીકારી, ભાજપની પેનલ બિનહરીફ




(એજન્સી) ગઢડા । તા.04

ગઢડા નગરપાલિકાના વોર્ડ નં.૧ની ચૂંટણીમાં કોંગ્રેસે લડયાં પહેલા શરણાગતિ સ્વીકારી લીધી છે. ચારમાંથી બે બેઠક પર કોંગ્રેસે મેદાનમાં ઉતરવાની તસ્દી લીધી ન હતી અને હવે જે બે ઉમેદારી પત્રકો ભર્યા હતા. તે બન્ને પણ પાછા ખેંચી લેતા કોંગ્રેસે ચૂંટણી લડયાં પહેલા જ હાર સ્વીકારી લેતા ભાજપની પેનલ બિનહરીફ થઈ હતી. ગઢડા નગરપાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકમાંથી વોર્ડ નં.૧ માટે કોંગ્રેસના ફક્ત બે ઉમેદવારે દાવેદારી નોંધાવી હતી. પરંતુ છેવટે કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડવાની તૈયારી દર્શાવનાર વિઠ્ઠલ હીરાભાઈ પરમાર અને ચંદ્રિકાબેન અરવિંદભાઈ મકવાણાએ આજે સોમવારે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા ભાજપની પેનલ ચૂંટણી લડયાં વિના જ બિનહરીફ થઈ છે. કોંગ્રેસની પીછેહઠના કારણે વોર્ડ નં.૧માં ભાજપના કિશોર ખાચર, કાંતિ તેજાણી, દીપ્તિબેન ઉંડવિયા અને રાધાબેન સોલંકીની પેનલ બિનહરીફ થવા પામી છે. આમ, ગઢડા નગરપાલિકાની ચૂંટણીમાં બીજેપીએ સોગઠી મારતા ચૂંટણી પહેલા કોંગ્રેસને પ્રથમ ગ્રાસે મક્ષિકા અને ભાજપની છાવણીમાં આનંદની લહેર સાથે સમર્થકોએ મોં મીઠા કર્યા હતા.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**
કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો.



**કર્ક (ડ,હ)**
એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં.




**સિંહ (મ,ટ)**
માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્રઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.




**કન્યા (પ,ઠ,ણ)**
તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.



**તુલા (ર,ત)**
શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. લમે જેમની સાથે રહો છો.



**વૃશ્ચિક (ન,ય)**
અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.




**ધન (ભ,ધ,ફ)**
ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો.



**મકર (ખ,જ)**
સાંજે થોડીક હળવાશ માણો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

# પાંચ વર્ષ પછી રેપો રેટમાં ઘટાડાની અપેક્ષા, વ્યાજ દરોમાં 0.25% ઘટાડો થવાની વકી

(એજન્સી) મુંબઈ તા 04

બજેટમાં રાજકોષીય શિસ્ત જાળવીને વપરાશ વધારવાના પગલાંની જાહેરાત કર્યા બાદ હવે અર્થતંત્રને વેગ આપવા માટે પગલાં લેવાનો કેન્દ્રીય બેંકનો વારો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૬ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી લગભગ ૫ વર્ષમાં પ્રથમ વખત રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. આગામી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થઈ શકે છે. ૭ ફેબ્રુઆરીએ નાણાકીય સમીક્ષા અંગેના નિર્ણયની જાહેરાત કરશે. મોનેટરી પોલિસી કમિટીએ મે ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં ૨૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યા પછી, સતત ૧૧ મીટિંગમાં તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મે ૨૦૨૦માં રેપો રેટમાં છેલ્લે ઘટાડો કરવામાં આવ્યો હતો. બજેટમાં વિકાસ દરમાં નરમાઈ, ફુગાવામાં ઘટાડાની અપેક્ષા અને રાજકોષીય કાર્યક્ષમતાને કારણે દરમાં ઘટાડો થવાની શક્યતા છે. ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)નો વૃદ્ધિ દર ઘટીને ૫.૪ ટકા થયો હતો, જે સાત ક્વાર્ટરમાં સૌથી નીચો છે. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, અમે ફેબ્રુઆરીમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થવાની અપેક્ષા રાખીએ છીએ કારણ કે ફુગાવો વધવાનું જોખમ ઘટયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં છૂટક ફુગાવો સરેરાશ ૪ ટકા રહી શકે છે. જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ૪.૫ ટકાથી નીચે રહી શકે છે. સામાન્ય બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોની તિજોરી પર વધુ અસર નહીં થાય, જે હકારાત્મક છે. જો કે, આરબીઆઈ ચાલુ નાણાકીય વર્ષ માટે તેની વૃદ્ધિ અને ફુગાવાના અંદાજમાં સુધારો કરે તેવી સંભાવના પર સહભાગીઓ વિભાજિત થયા હતા.

## બિટકોઈનમાં મોટી ઊથલપાથલ: તમામ ક્રિપ્ટોમાં મોટો ઘટાડો

# અમેરિકા દ્વારા ટ્રેડ વોર શરૂ કરાતા ક્રિપ્ટો માર્કેટસમાં રોકાણકારોનું માનસ ખરડાયુ

(એજન્સી) મુંબઈ તા 04



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલી ટ્રેડ વોરને પરિણામે વિશ્વભરના દેશોમાં આર્થિક ગણિતો ખોરવાઈ જવાની ભીતિએ સોમવારે સપ્તાહના પ્રથમ દિવસે ક્રિપ્ટોકરન્સીસમાં મોટા કડાકા બોલાઈ ગયા હતા. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં નીચામાં ૯૧૯૮૭ ડોલર અને ઉપરમાં ૯૯૪૨૦ ડોલર થઈ મોડી સાંજે ૯૫૦૦૦ ડોલર મુકાતો હતો. એથરમમાં ૨૭ ટકા ઘટાડો જોવાયો હતો. આ ઉપરાંત એક્સઆરપી, સોલાના જેવી અન્ય ક્રિપ્ટોકરન્સીસમાં પણ ૨૫ ટકાથી વધુના કડાકા જોવા મળ્યા હતા. એથરમનો ભાવ ઉપરમાં ૩૧૦૦ ડોલર અને નીચામાં ૨૧૭૦ ડોલર જોવાયો હતો. મોડી સાંજે ૨૫૭૭ ડોલર બોલાતો હતો. એક્સઆરપી ઉપરમાં ૨.૮૪ ડોલર અને નીચામાં ૧.૮૦ ડોલર થઈ મોડી સાંજે ૨.૩૦ ડોલર મુકાતો હતો. ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા ટેરિફનો વળતો જવાબ આપવાની કેનેડા તથા મેક્સિકોની ચીમકીને કારણે તેના વૈશ્વિક વેપાર પર છાંટા ઉડવાની શકયતાએ ક્રિપ્ટો ખેલાડીઓનું માનસ બગડયું હતું. ચીને આ મુદ્દે વિશ્વ વેપાર સંગઠનમાં ઉઠાવવાનું જાહેર કર્યું છે. ટેરિફને કારણે બિનજરૂરી આર્થિક ખલેલ ઊભી થઈ છે અને તેને કારણે ફુગાવો વધશે. ઊંચા ટેરિફ દરેક દેશો માટે નુકસાનકારક બની રહેશે તેવો ટ્રેડરોમાં મત પ્રવર્તી રહ્યો છે. ટ્રેડવોરને કારણે બજારમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે રોકાણકારો જોખમી એસેટસથી દૂર જઈ રહ્યા છે. સોમવારના કડાકાને પગલે ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ૧૧ ટકા જેટલી ઘટી ૩ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ હતી.

# કેન એન્ટરપ્રાઈઝ લિમિટેડની 5 ફેબ્રુઆરી, 2025ના રોજ આઈપીઓ ખોલવાની જાહેરાત

(એજન્સી) મુંબઈ તા 04

કેન એન્ટરપ્રાઈઝ લિમિટેડ એક ટેક્સટાઈલ મેન્યૂફેક્ચરર છે, તેણે તેના ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ)ની જાહેરાત કરી છે, જે 05 ફેબ્રુઆરી, 2025ના રોજ ખુલશે. કંપનીનો ઉદ્દેશ્ય 83.65 કરોડ એકત્ર કરવાનો છે, જેના શેર એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે.

**ઈક્વિટી શેરની ફાળવીણી**

» નૉન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (એનઆઈઆઈ) - 42,27,000 ઈક્વિટી શેર સુધી

» રિટેલ ઈન્ડિવિઝ્યૂઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) - 42,27,000 ઈક્વિટી શેર સુધી

માર્કેટ મેકર - 4,45,200 ઈક્વિટી શેર

કેન એન્ટરપ્રાઈઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને ચેરમેન શ્રી નિકુંજ હરિપ્રસાદ બગડિયાએ જણાવ્યું, "અમારા આઈપીઓની રજૂઆત કેન એન્ટરપ્રાઈઝ લિમિટેડની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકાથી વધુની સફરમાં એક નિર્ણાયક ક્ષણ છે. અમે ઝારા, ટાર્ગેટ અને પ્રાઈમાર્ક જેવી પ્રખ્યાત વૈશ્વિક બ્રાન્ડ્સને ઉચ્ચ-ગુણવત્તાવાળા, ટકાઉ ફેબ્રિક ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિષ્ઠા બનાવવા માટે સખત મહેનત કરી છે. અમારા એસેટ-લાઈટ બિઝનેસ મોડેલ, થર્ડ-પાર્ટી મેન્યૂફેક્ચરર્સ સાથેની મજબૂત ભાગીદારી સાથે ગુણવત્તા અને ગ્રાહક સંતોષ પરના અડગ ધ્યાને અમને કાર્યક્ષમ રીતે વિકાસ કરવામાં સક્ષમ બનાવ્યા છે. આ ઓફરિંગના માધ્યમથી એકત્ર કરાયેલ ભંડોળ વિકાસને ગતિ આપશે, કાર્યક્ષમતામાં સુધારો લાવશે અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં અમારી સ્થિતિને મજબૂત બનાવશે. ખાસ કરીને, આ રકમનો ઉપયોગ ભારત અને વિદેશમાં અધિગ્રહણ, નવી મશીનરી ખરીદવા, અમારી મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટના નવીનીકરણ માટે મૂડી ખર્ચ અને કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવશે.

# બજેટમાં ડિજિટલ પેમેન્ટ ઈન્સેન્ટિવમાં 78 ટકાનો સૂચક ઘટાડો

## નાણાકીય વર્ષ ૨૦૨૬માં બજેટમાં રૂ. ૪૩૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે એક વર્ષ અગાઉ રૂ. ૨,૦૦૦ કરોડ હતી

(એજન્સી) મુંબઈ તા 04




બજેટ ૨૦૨૫-૨૬માં, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) અને રૂપે ડેબિટ કાર્ડ દ્વારા નાની રકમના વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટેના સરકારી નાણાકીય પ્રોત્સાહનોમાં ૭૮ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં આવા વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં રૂ. ૪૩૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે એક વર્ષ અગાઉ રૂ. ૨,૦૦૦ કરોડ હતી. પરંતુ અંતિમ ફાળવણી આ પીઅર-ટુ-મર્ચન્ટ (P2M) યુપીઆઈ વ્યવહારો અને રૂપે ડેબિટ કાર્ડ ચુકવણીઓને પ્રોત્સાહન આપવા માટે પ્રારંભિક ખર્ચ કરતાં વધારે છે. સરકારે અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૫માં પ્રોત્સાહન તરીકે રૂ. ૧,૪૪૧ કરોડની ફાળવણી કરી હતી, જે પાછળથી વધારીને રૂ. ૨,૦૦૦ કરોડ કરવામાં આવી હતી.

સતત બીજું વર્ષ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવતા પ્રોત્સાહનોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. સરકારે એપ્રિલ ૨૦૨૨માં શરૂઆતમાં રૂ. ૨,૬૦૦ કરોડ આપીને પ્રોત્સાહનની શરૂઆત કરી હતી. આ જોગવાઈ અંતિમ ખર્ચમાં થોડો વધારો કરી શકે છે, પરંતુ પેટીએમ ટ્રાન્ઝેક્શનના ખર્ચને આવરી લેવા માટે હજુ પણ તે પૂરતું નથી. એવું અનુમાન છે કે આ ખર્ચને આવરી લેવા માટે ઉદ્યોગને ઓછામાં ઓછા રૂ. ૪ થી ૫ હજાર કરોડની સબસિડીની જરૂર પડશે. ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવા માટે પેમેન્ટ પ્રોસેસિંગ કંપનીઓ અથવા બેંકો દ્વારા વેપારીઓ પાસેથી વસૂલવામાં આવતી ફીને એમડીઆર કહેવામાં આવે છે. બેંકો અને ડિજિટલ પેમેન્ટ પ્રોસેસિંગ કંપનીઓ ભારતની ફિઝિકલ પેમેન્ટ સિસ્ટમ પર પ્રોસેસિંગ ટ્રાન્ઝેક્શનનો ખર્ચ ઉઠાવે છે. પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, અમે ગયા વર્ષના એપ્રિલથી પ્રોત્સાહનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. શૂન્ય મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટની ગેરહાજરીમાં, વાતાવરણમાં ખેલાડીઓ અને બેંકો આ નાણાકીય વર્ષ માટે બાકી ચૂકવણીની રાહ જોઈ રહ્યા છે.

## ત્રણથી ચાર વર્ષના ગાળામાં સુધારેલું રિટર્ન ફાઈલ કરે તો ચૂકવવા પાત્ર ટેક્સ અને વ્યાજની રકમ પર ૭૦ ટકા વધુ ચૂકવવું પડશે

# કરદાતા 4 વર્ષ સુધી ટેક્સ રિટર્ન સુધારીને હવે ફાઈલ કરી શકશે

(એજન્સી) મુંબઈ તા 04




નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે રજૂ કરેલા બજેટમાં સુધારેલું રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા બે વર્ષથી વધારીને ૪ વર્ષ કરી છે. તેમ જ તેના પર વધારાનું વ્યાજ ચૂકવવાના અને ટેક્સના દરમાં સુધારો કરવામાં આવ્યો છે. કરદાતાએ આવકવેરાનું રિટર્ન ફાઈલ કર્યુ હોય અને રિટર્ન ફાઈલ કર્યા પછી તે રિટર્નમાં તેણે ફેરફાર કરવો હોય તો અગાઉ કલમ ૧૩૯(૮એ) હેઠળ કરદાતા વધુ ટેક્સ ભરીને સુધારેલું રિટર્ન ફાઈલ કરી શકતો હતો.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જતીન શાહનું કહેવું છે કે અગાઉ એક વર્ષની સમયમર્યાદામાં આવકવેરાના રિટર્નમાં ફેરફાર કરવો હોય તો ચૂકવવા પાત્ર ટેક્સ અને તેના પરના વ્યાજની કુલ રકમ પર ૨૫ ટકા વધારાની રકમ ભરવી પડતી હતી. આ જ રીતે એકથી બે વર્ષના ગાળામાં રિટર્નમાં સુધારો કરવામાં આવતો હતો ત્યારે વધારાના ભરવાને પાત્ર ટેક્સ અને વ્યાજની રકમ પર ૫૦ ટકા વધુ રકમ ચૂકવવી પડતી હતી.

હવે આ સમયમર્યાદા વધારીને બેથી ત્રણ વર્ષ વચ્ચેના ગાળામાં કરદાતા તેના રિટર્નમાં કોઈ ફેરફારે તો ચૂકવવા પાત્ર ટેક્સ અને વ્યાજની કુલ રકમ પર ૬૦ ટકા વધુ રકમ જમા કરાવીને રિટર્ન સુધારી શકશે. આ જ રીતે ત્રણથી ચાર વર્ષના ગાળા બાદ કરદાતા તેના રિટર્નમાં સુધારો કરવા માગતો હોય તો તેવા સંજોગોમાં તેણે ભરવા પાત્ર ટેક્સ અને વ્યાજની કુલ રકમ ઉપરાંત વધારાની ૭૦ રકમ વધુ ચૂકવીને રિટર્નમાં ફેરફાર કરી શકશે.

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટમાં કરેલી જાહેરાત પ્રસ્તુત જાહેરાત કરી છે કે આવકવેરા વેરા ધારાની કલમ ૧૪૮(એ)ની પેટા કલમ (૩)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ ઓર્ડર કરવામાં આવે કે આવકવેરા ધારાની કલમ ૧૪૮ યોગ્ય ન જણાય તો બાકી રહેલા બાર માસના ગાળામાં કરદાતા તેમનું સુધારેલું પત્રક ફાઈલ કરી શકશે. ૩૭થી ૪૮ મહિનાના ગાળામાં તેમને સુધારેલું પત્રક ફાઈલ કરવાની તક આપવામાં આવશે. કલમ ૧૪૮ હેઠળ આવકવેરાનું રિટર્નનો કેસ ત્રણ વર્ષ સુધી રિઓપન કરવાની છૂટ છે. કેસ રિઓપન કરવા માટેનો કેસ યોગ્ય ન હોય તેવા સંજોગમાં છેલ્લા બાર મહિનામાં કરદાતાને અપડેટ કરેલું એટલે કે સુધારેલું રિટર્ન ફાઈલ કરવાની તક આપવામાં આવી છે.

### ૪૮ મહિના સુધી રીટર્ન ફાઈલ કરવાની તક મળશે

રિટર્નમાં વિગતો દર્શાવવાની રહી ગઈ હોય અને સુધારેલું રિટર્ન ફાઈલ કરવામાં આવે તો આવકવેરા ધારાની કલમ ૧૪૮(એ) હેઠળ આકારણી વર્ષ પૂરું થયા પછી ૩૬ મહિના સુધીમાં કારણદર્શક નોટિસ આપવામાં આવી હોય તો તેવા સંજોગોમાં તે કરદાતાઓને સુધારેલા રિટર્ન ફાઈલ કરવાની તક પૂરી પાડવામાં આવશે નહિ, એમ આવકવેરાના જાણકાર હિરેન વકીલનું કહેવું છે.

# વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડે જોય ઇ-બાઈક સાથે ફ્લીટ ઓપરેશન્સમાં પ્રવેશ કર્યો, હૈદરાબાદમાં 100 ઈવી તૈનાત કર્યાં

## ડિલિવરી પાર્ટનર્સ માટે 360 ડિગ્રી સપોર્ટ સાથે ભારતમાં પ્રથમ સર્વાંગી સ્માર્ટ ફ્લીટ સોલ્યુશન્સ રજૂ કર્યાં

(એજન્સી) વડોદરા તા 04

જોય ઈ-બાઈક અને જોય ઈ-રિક બ્રાન્ડ્સ હેઠળ ઈલેક્ટ્રિક વ્હીકલ્સના અગ્રણી નિર્માતા વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડે તેની ફ્લેગશીપ બ્રાન્ડ જોય ઈ-બાઈક અંતર્ગત ફ્લીટ ઓપરેશન્સ અને લાસ્ટ-માઈલ ડિલિવરી મોબિલિટીમાં તેના પ્રવેશની જાહેરાત કરી છે. ઓપ્ટિમોશન બેનર હેઠળ સ્પીડફોર્સઈવી સાથેના સહયોગથી કંપનીએ આજે હૈદરાબાદમાં 100 ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સની પ્રથમ બેચ તૈનાત કરી છે. આ વ્યૂહાત્મક પગલું ડિલિવરી પાર્ટનર્સ અને ફ્લીટ ઓપરેટર્સ માટે ટકાઉ, ટેક્નોલોજી-સંચાલિત ઉકેલો પ્રદાન કરવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ છે.માત્ર વ્હિકલ તૈનાતી ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં પરંપરાગત ફ્લીટ ઓપરેશન્સથી વિપરિત વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડ ડિલિવરી પાર્ટનર્સ માટે સુવિધાજનક કામગીરી સુનિશ્ચિત કરતાં ભારતમાં વિશિષ્ટ અભિગમ રજૂ કરી રહ્યું છે. આ પહેલમાં વ્હિકલ સપ્લાય, 24/7 મેન્ટેનન્સ,



સ્પેર પાર્ટ્સની ઉપલબ્ધતા, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ અને ઈન્સ્યોરન્સ સપોર્ટનો સમાવેશ થાય છે, જે વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા પ્રદાન કરાય છે. આ એકીકૃત અભિગમ ફ્લીટ ઓપરેટર્સ માટે શૂન્ય ડાઉનટાઈમ, મહત્તમ વ્હિકલ અપટાઈમ સુનિશ્ચિત કરતાં આવકની સંભાવનામાં વધારો કરે છે. કેશલેસ ઈન્સ્યોરન્સ સેવાનું સંચાલન બ્લુબેલ્સ, ફાઈનાન્સિંગ મંગલમ ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સ લિમિટેડ, ચાર્જિંગ સ્ટેશન્સનું મેનેજમેન્ટ એમ્પવોલ્ટ્સ લિમિટેડ તથા સ્પેર પાર્ટ્સ અને મેન્ટેનન્સની કામગીરી સ્પીડફોર્સઈવી દ્વારા કરાશે.શરૂઆતમાં ઝોમાટો, સ્વિગી, ફ્લિપકાર્ટ, એમેઝોન અને બિગબાસ્કેટ માટે તૈનાતી સાથે કંપની હૈદરાબાદની બહાર ચેન્નઈ, મુંબઈ, પૂણે, વડોદરા, અમદાવાદ, કોલકત્તા, બેંગ્લોર અને સુરત સહિતના પ્રમુખ શહેરોમાં ઝડપી વિસ્તરણની યોજના ધરાવે છે. વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર યતિન ગુપ્તેએ આ પહેલ વિશે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, "ભારતીય ઈવી ઈન્ડસ્ટ્રી માટે આ ઐતિહાસિક ક્ષણ છે કે જ્યારે અમે ફ્લીટ ઓપરેશન્સને સપોર્ટ કરવા માટે એક સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ ઈકોસિસ્ટમની રચના માટે પ્રયાસ કરી રહ્યાં છીએ.

# 3 ફેબ્રુઆરી 2025 ના રોજ વેદાંતા સહિત સમગ્ર મેટલ ઈન્ડેક્સ શા માટે ઘટ્યા?

મુંબઈ | આજે શેર માર્કેટમાં માત્ર વેદાંત જ નહીં પરંતુ સમગ્ર મેટલ સેક્ટરમાં ઘટાડો થયો છે. આ ઘટાડા પાછળ ઘણા કારણો છે. તમને જણાવી દઈએ કે નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં માત્ર એક જ સ્ટોક વધ્યો હતો. અન્ય તમામ શેર 5 ટકા સુધી તૂટ્યા હતા. મેટલ ઈન્ડેક્સ પણ શરૂઆતમાં -5 ટકા ઘટ્યો હતો.જે શેર માર્કેટ બંધ થતા સુધીમાં 3.96% સુધી રહી ગયા હતા. 3 ફેબ્રુઆરી 2025 ના રોજ વેદાંત સહિત સમગ્ર મેટલ ઈન્ડેક્સ શા માટે ઘટ્યો?- અમેરિકન- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા, મેક્સિકો અને ચીન પર નવા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. જેના કારણે વૈશ્વિક બજારમાં ટ્રેડ વોરનો ભય વધી ગયો છે. આથી વૈશ્વિક બજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. આ સંકેતોની અસર ભારતીય મેટલ શેર પર પણ જોવા મળી રહી છે.

## GMDC લિમિટેડ અને JK સિમેન્ટ લિમિટેડ વચ્ચે

# કચ્છના લખપત ખાતે પુનરાજપુર ખાણમાંથી ચૂનાના પથ્થર માટે લાંબા સમયગાળા માટેના પુરવઠા કરાર પર હસ્તાક્ષર

(એજન્સી) અમદાવાદ તા 04

ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GMDC) દ્વારા ગુજરાતના કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલી તેની લખપત પુનરાજપુર ખાણમાંથી 40 વર્ષના સમયગાળામાં 250 મિલિયન ટન ચૂનાના પથ્થરના પુરવઠા માટે JK સિમેન્ટ લિમિટેડ સાથે લાંબા ગાળાના પુરવઠા કરાર (LSA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. 29 જાન્યુઆરી, 2025 (બુધવાર)ના રોજ GMDC લિમિટેડના ચેરમેન ડૉ. હસમુખ અઢિયા, IAS (નિવૃત્ત) દ્વારા આ હસ્તાક્ષરની અધ્યક્ષતા કરવામાં આવી હતી અને GMDC લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રૂપવંત સિંહ, IAS અને JK સિમેન્ટ લિમિટેડના ગ્રે સિમેન્ટના બિઝનેસ હેડ શ્રી અનુજ ખંડેલવાલ દ્વારા સત્તાવાર રીતે આ કરાર ઔપચારિક રીતે રજૂ કરવામાં આવ્યો હતો, જેઓએ તેમની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું.આ કરાર GMDC લિમિટેડની વિશાળ ચૂનાના પથ્થરની સંપત્તિનું મુદ્રીકરણ કરવા અને આ બંને ભાગીદારોને લાભ પહોંચાડવા માટે એક વ્યૂહાત્મક ભાગીદારી છે. આ JK સિમેન્ટ લિમિટેડને ગ્રીનફિલ્ડ ઈન્ટિગ્રેટેડ મેગા-કેપેસિટી સિમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવામાં સહાયતા કરશે, જેના લીધે આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે. આ સહયોગથી કચ્છમાં વધુ રોકાણને પ્રોત્સાહન મળશે, આ વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ વધશે અને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હજારો રોજગારીની તકો પણ મળશે, અને તે ગુજરાતની સામાજિક-આર્થિક પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપશે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો માટે સુગમતા અને ઓછા ખર્ચ સાથે કાર્યક્ષમ લોજિસ્ટિક્સ સાથે કચ્છનો દરિયાકાંઠો એ સિમેન્ટ ઉત્પાદન માટે આદર્શ કેન્દ્ર છે. આ ઉપરાંત, આ પહેલ રોયલ્ટી, નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ (NMET) યોગદાન, ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF) ભંડોળ અને ચૂનાના પથ્થર અને સિમેન્ટ ઉત્પાદન બંને પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના રૂપમાં આવક ઊભી કરીને રાજ્યની આવકમાં પણ નોંધપાત્ર યોગદાન આપશે.

## સરકારે ૧૨ લાખ સુધીની આવક વેરા મુક્ત કરી દીધી

# કુલ રૂપિયા ૭.૫૪ કરોડ કરદાતામાંથી ૬.૫૦ કરોડે ટેક્સ ભરવો જ નહિ પડે

(એજન્સી) મુંબઈ તા 04

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં ૨૦૨૫-૨૬ના વર્ષનું બજેટ રજૂ કરતાં વાર્ષિક રૂ. ૧૨ લાખ સુધીની આવક ધરાવનારા કરદાતાઓને એક પણ રૂપિયો ટેક્સ ન ભરવો પડે તેવી જોગવાઈ દાખલ કરી દેતા ભારતના કુલ સાત કરોડ ચોપ્પનલાઘ, એકસઠ હજાર બસોને છ્યાંસી કરદાતાઓમાંથી છ કરોડ પસાચ લાખ કરદાતાઓને માથે ટેક્સ ભરવાની જવાબદારી આવશે નહિ. પરંતુ રિટર્ન તો તેમણે સહુએ ભરવાના આવશે જ આવશે. સરકારે મહેનત કરીને ટેક્સ બેઝ છેલ્લા ચારથી પાંચ વર્ષમાં બમણો કરી દીધો છે. પરંતુ નવી જોગવાઈને કારણે અંદાજે ૮૭ ટકા કરદાતાઓ પર ટેક્સ ભરવાની જવાબદારી જ આવશે નહિ. આવકવેરા ખાતાને અંદાજે રૂા. ૨૨ લાખ કરોડની વાર્ષિક આવક થાય છે. તેમાંથી માત્ર ૬.૨૨ ટકા આવક જ વાર્ષિક રૂા. ૧૨ સુધીની લાખની આવક ધરાવનારા કરદાતાઓના વર્ગ તરફથી આવી રહી છે. આમ તેમનો ફાળો ૧.૨૫ લાખ કરોડથી વધારેનો ન હોવાનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે. તેનાથી સરકારની આવકવેરાની આવકમાં અંદાજે એક લાખ કરોડનો ઘટાડો થઈ જવાનો અંદાજ છે. જોકે કરદાતાઓના હાથમાં બચનારા રૂા. ૧ લાખ કરોડની રકમ બજારમાંથી ચીજવસ્તુઓ ખરીદવા માટે વપરાવાની છે. તેમ જ મનોરંજન માટે જ ખર્ચાવાની છે. આજની નવી પેઢી બચતમાં બહુ માનતી ન હોવાથી અને અત્યારે જ જિંદગીની મજા માણી લેવાની માનસિકતા ધરાવતી હોવાથી તેઓ બચત કરવાને બદલે ખર્ચ કરવાનું જ વધુ પસંદ કરશે. પરિણામે તેમાંથી ખાસ્સી આવક વેટ અને જીએસટીની આવકના સ્વરુપમાં મેળવી લેશે. સૌથી વધુ યવાનો ધરાવતા ભારત દેશના યુવાનો બચત નહિ કરે તો તેમણે ભવિષ્યમાં ભયંકર આર્થિક ભીડનો સામનો કરવો પડી શકે છે. આમ ટેક્સ પેયર્સ બેઝ બહુ જ મોટો દેખાશે પરંતુ વાસ્તવમાં ટેક્સ ભરનારાઓની સંખ્યા એક કરોડ ચાર લાખની આસપાસની જ રહે જવાની શક્યતા રહેલી છે. જોકે રૂા. ૧૨ લાખ સુધીની આવક પરનો અંદાજે ૬૦,૦૦૦ સુધીના ટેક્સ રિબેટનો લાભ મેળવવા માટે તમામ કરદાતાઓએ તેમના આવકવેરાના રિટર્ન ફાઈલ કરવા જ પડશે. આ વખતના બજેટમાં સિનિયર સિટીઝન અને સુપરસિનિયર સિટીઝનને વિશેષકોઈજ લાભ આપવામાં આવ્યો નથી. સરકારે કલમ ૮૭-એ હેઠળ વધારાનું રૂા. ૩૫૦૦૦નું રિબેટ આપવાની જાહેરાત કરી તેને પરિણામે રૂા. ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનારાઓએ કોઈ જ ટેક્સ ભરવો પડશે નહિ.નવી સિસ્ટમમાં રૂ. ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર કરદાતાને વેરામાં રૂ. ૮૦,૦૦૦નો લાભ મળશે. આ જ રીતે રૂ. ૧૨ લાખથી વધુ અને રૂ. ૧૬ લાખ સુધીની આવક ધરાવનાર કરદાતાને વેરામાં રૂ. ૫૦,૦૦૦નો લાભ મળશે. જ્યારે રૂ. ૧૬ લાખથી વધુ અને રૂ. ૨૦ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાને રૂ. ૯૦,૦૦૦નો વેરા લાભ મળશે. રૂ. ૨૦ લાખથી વધુ અને રૂ. ૨૪ લાખની આવક ધરાવનરા કરદાતાને રૂ. ૧,૧૦,૦૦૦નો વેરાનો લાભ મળશે.

# 8th Pay Commissionથી સરકારી કર્મચારીઓની કેટલી સેલરી વધશે?

(એજન્સી) મુંબઈ તા 05

કેન્દ્ર સરકારે હાલમાં જ 8મા પગાર પંચનો પ્રસ્તાવ મુક્યો. જે હેઠળ 1 કરોડથી વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના પેન્શન અને ભથ્થામાં વધારો થવાનો છે. ત્યારે સવાલ એ થાય કે 8મા પગાર પંચની જાહેરાત પછી કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોની માસિક આવકમાં કેટલો વધારો થશે? જેને લઈને એક ફોર્મ્યૂલા સામે આવી છે જે પરથી અંદાજો લગાવી શકાય કે કર્મચારીઓના પગારમાં કેટલો વધારો થઈ શકે છે. આ સૂત્ર ડૉ. વોલેસ એક્રોઈડ દ્વારા બનાવવામાં આવ્યું હતું, જે જીવનની લઘુત્તમ કિંમત નક્કી કરવા માટે બનાવવામાં આવ્યુ હતું. આ સૂત્રમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે સરેરાશ કર્મચારીની પોષણ જરૂરિયાતોના આધારે વેતનની ગણતરી કરવી જોઈએ. વાજબી વેતન માટે આ સૂત્ર વિકસાવતી વખતે, ડૉ. એક્રોઈડે કર્મચારીઓની ખોરાક, કપડાં અને રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. 15મી ભારતીય શ્રમ પરિષદ (ILC) એ 1957માં કર્મચારી, તેના જીવનસાથી અને બે બાળકો માટે લઘુત્તમ વેતન સ્થાપિત કરવા માટે આ સૂત્ર અપનાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે 8મા પગાર પંચ હેઠળ પણ એક્રોઈડ ફોર્મ્યુલા અપનાવવામાં આવશે, જેથી ખાતરી કરી શકાય કે સરકારી કર્મચારીઓનો પગાર આજના ફુગાવા અનુસાર યોગ્ય છે કે નહીં? અહેવાલો સૂચવે છે કે સરકાર 1.92 અને 2.86 ની વચ્ચે ફિટમેન્ટ ફેક્ટર પર વિચાર કરી શકે છે. જો આ શ્રેણીનો ઉચ્ચતમ અંત, 2.86, પસંદ કરવામાં આવે, તો સરકારી કર્મચારીઓ માટે લઘુત્તમ મૂળ પગાર સંભવિત રીતે વધીને રૂ. 51,480 થઈ શકે છે, જે વર્તમાન રૂ. 18,000 કરતા નોંધપાત્ર રીતે વધારે છે. આ ઉપરાંત, પેન્શન 9,000 રૂપિયાથી વધીને 25,740 રૂપિયા થઈ શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-08

# ટેરિફ વોર : ટ્રમ્પના અહંકારનું પ્રદર્શન



અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે ટેરિફ વોર શરૂ કરી જ દીધી. તેમણે પહેલાં આપેલી પોતાની ચેતવણી અનુસાર કેનેડા, મેક્સિકો અને ચીનથી આયાતી સામગ્રી પર આયાત શુલ્ક વધારી દીધી. જ્યાં કેનેડા અને મેક્સિકો પર ૨૫-૨૫ ટકા આયાત શુલ્ક લગાવવામાં આવી, જ્યારે ચીન પર ૧૦ ટકા લાદવામાં આવી. એ ઉલ્લેખનીય છે કે તેમણે કેનેડા અને મેક્સિકોની તુલનામાં ચીન પર થોડી નરમાશ રાખી. આ નરમાશ એટલા માટે થોડી ગૂંચવી રહી છે કારણ કે ચીન તો અમેરિકાનું ચિર પ્રતિદ્વંદ્વી છે અને તેના વર્ચસ્વને ઘટાડવા માગે છે, જ્યારે કેનેડા અને મેક્સિકો તો અમેરિકાના પડોશી છે. એમાં પણ કેનેડા અમેરિકાનું ખાસ સહયોગી રહ્યું છે. સ્પષ્ટ છે કે ટ્રમ્પ અમેરિકાને ફરીથી મહાન બનાવવાના પોતાના અભિયાન અંતર્ગત નજીકના સહયોગીઓ પર પણ કોઈ કૃપા દેખાડવા માટે તૈયાર નથી, પરંતુ તેમાં શંકા છે કે ટ્રમ્પે જે ટેરિફ વોર શરૂ કરી છે, તેને અમેરિકાને લાભ જ થશે. ભરપૂર અણસાર એવા છે કે તેનાથી અમેરિકાને નુક્સાન પણ જઈ શકે છે, કારણ કે હવે કેનેડા, મેક્સિકો અને ચીનથી આવનારો સામાન મોંઘો થઈ જશે અને તેનાં દુષ્પરિણામ અમેરિકી જનતાએ ભોગવવાં પડશે. આશ્ચર્ય નહીં કે ટ્રમ્પના નિર્ણયના જવાબમાં કેનેડાએ પણ અમેરિકી આયાત પર વધારાનો કર લાદવાનો નિર્ણય કર્યો છે અને મેક્સિકો તથા ચીને પણ જવાબી કાર્યવાહી



કરવાની જાહેરાત કરી છે. બની શકે કે આગળ જઈને અમેરિકી રાષ્ટ્રપતિ આ ત્રણયે દેશો સાથે પોતાના મનમાફક સમજૂતી કરવામાં સફળ થઈ જાય, પરંતુ ભારતે સતર્ક થઈ જવું જોઈએ, કારણ કે તેઓ ભારતને ટેરિફ કિંગ કહેતા રહ્યા છે. ગત દિવસોમાં બજેટ દ્વારા નાણાં મંત્રીએ આયાતી મોટરસાયકલો અને અન્ય વાહનો પર આયાત શુલ્ક ઘટાડી છે, પરંતુ જોવાનું એ રહેશે કે ટ્રમ્પ એટલાથી સંતુષ્ટ થાય ચે કે નહીં. કારણ કે આગામી થોડા દિવસોમાં ભારતીય વડાપ્રધાનનો અમેરિકાનો પ્રવાસ સંભવિત છે, તેથી એ આશા રાખવામાં આવે છે કે બંને દેશો વાતચીત દ્વારા કોઈ સહમતિ પર પહોંચી શકશે. જો ભારત અને અમેરિકા વચ્ચે આયાત શુલ્કને લઈને કોઈ સહમતિ બની જાય છે તો તેનાથી બંને દેશોને લાભ થશે. ભઆરતની કોશિશ વાતચીત દ્વારા સમસ્યાના સમાધાનની હોવી જોઈએ, પરંતુ વાત ત્યારે બનશે જ્યારે ટ્રમ્પ સમજશે કે તેઓ અમેરિકાને આગળ રાખવાના ચક્કરમાં અમેરિકી હિતોને જ નુક્સાન પહોંચાડવાની સાથે વિશ્વ વેપારમાં અસંતુલન પેદા કરવાનું કામ કરશે. અમેરિકા એક પ્રભાવશાળી રાષ્ટ્ર છે અને જો તે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા માગે છે તો તેણ એક જવાબદાર દેશની ભૂમિકાનું વહન કરવું પડશે. હાલમાં તો ટ્રમ્પ અહંકારનું પ્રદર્શન કરી રહ્યા છે. જો તેઓ એમ ઈચ્છતા હોય કે અમેરિકા ડોલરના પ્રભુત્વનો લાભ ઉઠાવતું રહે અને અન્ય દેશો પોતાના વેપારી હિતોની ચિંતા ન કરે તો તે સંભવ નથી.

## NEWS BRIEF

### આયુષ્માન આરોગ્ય મંદિર કોટડાખુર્દ દેવળીયા સ્કૂલમાં એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે ની ઉજવણી કરાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદમાં આયુષ્માન આરોગ્ય મંદિર કોટડાખુર્દ દેવળીયા સ્કૂલ ખાતે એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમ્યાન હાજર કિશોર - કિશોરીઓને આર. કે. એસ. કે. પ્રોગ્રામ વિશે વિસ્તાર પૂર્વક સમજૂતી આપવામાં આવી હતી. જેમાં પોષણયુક્ત આહાર, માસિક સ્વચ્છતા, સિકલસેલ એનિમિયા તેમજ આયનફોલિકની ગોળીઓ વિશે સમજૂતી આપવામાં આવી હતી. આર. ટી. આઈ./ એસ. ટી. આઈ., ટીબી, લેપ્રેસી વિશે સમજૂતી આપવામાં આવી હતી. આ નિમિતે ચણા, ખજૂર, બોલપેન આપવામાં આવ્યા હતા.જેમાં CHO, mphw અને phc MPHS દ્વારા આરોગ્યલક્ષી સમજૂતી પણ આપવામાં આવી હતી. ઉપરાંત આરોગ્યની સેવાઓનો લાભ લેવા માટે પણ સૂચન કરવામાં આવ્યું હતું.

### ખારોલના આયુષ્યમાન આરોગ્ય મંદિર ધણાસાવલીએ તાલુકા અને જિલ્લાકક્ષાએ નામ રોશન કર્યું



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના આરોગ્ય કેન્દ્ર ખારોલના આયુષ્યમાન આરોગ્ય મંદિર ધણાસાવલીને કેન્દ્રીય કક્ષાએથી નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડનું સર્ટિફિકેશન અંગેની રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા જાન્યુઆરીમાં કરવામાં આવ્યું જેમાં એન. ક્યુ. એ . એસ . સર્ટિફિકેશન માટે ગુણવત્તા સભર સેવાઓ અંગેની ચકાસણી કરવામાં આવી હતી જેમાં એનક્યુએએસ અંતર્ગત ૯૦.૦૮ ટકા મેળવીને જિલ્લા તથા તાલુકા નું નામ આરોગ્ય ક્ષેત્રે રોશન કરીને નેશનલ ક્વોલિટી સર્ટિફિકેશન મેળવ્યું છે.

### સંખેડા ભંગારની દુકાનમાં જોવા મળ્યો બારોબાર વેચાણ થયેલો સરકારી દવાખાનનો કાટમાળ



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના પલંગ, ટેબલ, વ્હીલ ચેર ભંગારની દુકાને જોવા મળ્યા હતા. રેફરલ હોસ્પિટલના સ્ટાફે અને પોલીસે જગ્યા પર જઈ તપાસ કરી હતી.. સંખેડા ખાતે ટાંકી ગ્રાઉન્ડ તરફ જવાના રસ્તા ઉપર જૂનું સરકારી દવાખાનું આવેલુ છે. આ જુનું દવાખાનું ઘણા સમયથી બંધ થઈ ગયું છે. ત્યાર બાદ ચોરા પાસે પણ નવીન રેફરલ હોસ્પિટલ બની હતી. તે પણ જૂની અને જર્જરિત થતાં નવીન રેફરલ હોસ્પિટલ સ્ટેશન રોડ ઉપર બની છે. ટાંકી ગ્રાઉન્ડ જવાના રસ્તા ઉપરના જૂના સરકારી દવાખાના કમ્પાઉન્ડમાં આવેલા અલગ અલગ રૂમોમાં જૂનું ફર્નિચર પડેલુ છે. જેની કાળજી આરોગ્ય વિભાગ દ્વારા લેવાતી નથી. જોકે એ બાબતે આરોગ્ય વિભાગ દ્વારા કોઈ કાળજી લેવાઈ નથી. અહીંયા પડેલા લાખ્ખો રૂપિયાના ફર્નિચરની કાળજી લેવામાં આરોગ્ય વિભાગ નિષ્ફળ નીવડી છે. સંખેડા રેફરલ હોસ્પિટલનું ફર્નિચર સ્ટેશન રોડ નજીક આવેલ એક ભંગારની દુકાને પડેલું હોવાની જાણ સંખેડા રેફરલ હોસ્પિટલના કર્મચારીઓને થતાં તેઓ ત્યાં જોવા માટે પહોંચ્યા હતા. આ બાબતની જાણ થતાં સંખેડા ટાઉન પોલીસ કર્મી પણ ત્યાં પહોંચ્યા હતા. આ ફર્નિચરનું ભંગાર અહીંયા કોણ લાયુ તે અંગેની પોલીસ તપાસ કરી રહી છે.

## ખાનાય જાગીરના મહંત મેઘરાજજી દાદાનું દેવલોક ગમન



મહેશ એલ.સોની | નખત્રાણા

કચ્છના રણુજા તરીકે જાણિતા અબડાસા તાલુકાના ખાનાય જાગીરના મહંત તેમજ કચ્છના આદરણીય સંતો માના સંતશ્રી મેઘરાજજી દાદા ઉ.વ.૬૫ સોમવારે રાત્રે દેવલોક પામતા કચ્છે સાચા સંત ગુમાવ્યા હતા. કચ્છ તેમજ કચ્છ બહાર મોટી સંખ્યામાં અનુયાયી ધરાવતા દાદાના પરલોક ગમનના સમચાર સાંભળી અનુયાયીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. આજે મંગળવારે તેમનાં દર્શનાર્થે મોટી સંખ્યામાં અનુયાયી ઉમટી પડયા હતા ત્યારે વાતાવરણ ગમગીન બન્યું હતું.

ખાનાય મધ્યે હરિસિંગજી દાદા -લીફરી સંજયનાથજી દાદા, મંગલનાથજી દાદા, રાજનનાથજી દાદા, મંગલ નાથજીદાદા કાલીનાથજી દાદા, યોગી ત્રિલોકનાથજી -જૂનાગઢ સોમનાથજી બાપુ - થાન જાગીર,મોજનાથજી બાપુ કાલીનાથજી બાપુ ઉદયનાથજી બાપુ, રમયનાથજી બાપુ કંથળનાથજી બાપુ તેમજ જૂનાગઢ થી આવેલા નાથ સંપ્રદાય ના સંતો મહંતોની હાજરીમાં સાંજે ચાર વાગ્યે નાથ સંપ્રદાય નિયમો મૂજબ દાદાને સમાધિ આપવામાં આવશે.

દાદા તાજેતરમાં જ કુંભ મેળામાં ગયા હતા તેમજ બે દિવસ પહેલા જ પરત આવેલ હતા. કચ્છની આરાધવાણીને પૂન: ઉજાગર કરી પાટકોરી પરંપરા જાળવી સનાતન સંસ્કૃતિની ધૂણી ધખાવી હતી. દાદા કચ્છના દરેક સમાજનાં લોકહૃદયમાં સ્થાન ધરાવતા હતા. તેઓ શ્રી એ ખાનાયના રામદેવ પીર મંદિરના વડપણ હેઠળ ગૌ શાળા શરૂ કરી હતી જે હાલ કાર્યરત છે. તો દાદાએ રતનાલ રામ ટેકરી ખાતે આશ્રમ સ્થાપ્યો હતો.

**કચ્છ સહિત દેશ વિદેશમાં મોટી સંખ્યામાં અનુયાયીઓ ધરાવતા હતા**

## કોઠંબા ચોવીસ ગામ લેવા પાટીદાર વિકાસ પરિષદ યોજીત 21મો સમૂહ લગ્ન ઉત્સવ યોજાયો

# 15 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે કોઠંબા 24 કામ લેઉઆ પાટીદાર વિકાસ પરિષદ યોજીત 21 મો સમૂહ લગ્ન ઉત્સવ યોજવામાં આવી ગયો કાળજાળ મોંઘવારીની ભીષ્મ ખેડૂત પરિવારોને આખું જીવન વ્યક્તિત થઈ જાય તેટલા ભભકાદાર અને ખર્ચાળ લગ્ન સમારોમ્બોની વર્ણથંબી વણજાર વચ્ચે કોઠંબા મહીસાગર જિલ્લામાં સમાજને તેમજ અન્ય સમાજમાં પણ ઉત્તમ ઉદાહરણ રૂપે પુરવાર થાય તેવો સમૂહ લગ્ન ઉત્સવ યોજવામાં આવી ગયો યોજવામાં આવેલા આ 21 માં સમૂહ લગ્ન ઉત્સવમાં 15 જેટલા યુગલો એ પ્રભુતામાં પગલાં માર્યા હતા.

વિકાસની કેડી પર હરણફાળ ભરી રહેલા કોઠંબા ગામ ખાતે સમૂહ લગ્નની પરંપરા સને ૨૦૨૦-૨૧ થી શરૂ કરવામાં આવી છે અતિ ખર્ચાળ અને જાહોજલાલી પૂર્વક ઉજવવામાં આવતા લગ્ન સમારંભોની લાંજલિ આપીને ઓછા ખર્ચે અને મધ્યમ તેમજ સામાન્ય વર્ગના લોકોને પરવડી શકે તે રીતે સમૂહ લગ્ન સૌની પરંપરા આજે મહુવાના સમયમાં ખૂબ જ અસરકારક અને લાભદાય સાબિત થઈ રહી છે જ્યારે બીજી બાજુ સમૂહ લગ્ન સૌના અનુકરાણીય અને પ્રેરણાદાય ઉત્સવમાં પણ વધુને વધુ સમાજ અને લોકો જોડાઈ રહ્યા છે. આ યોજવામાં આવેલ સમુહ લગ્ન ઉત્સવમાં નવયુગલોને વીમા પોલિસી નું દાન અને 70 જેટલી ઘર વપરાશની વસ્તુઓ કન્યાદાનમાં દાતાઓએ આપીને નવદંપતી યુગલોની આશીર્વાદ પ્રદાન કર્યા હતા.


આ શુભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાન્ત પટેલ, અધિક નિવાસી કલેકટર લટા, પૂર્વ કમિશનર અને સમાજના પૂર્વ પ્રમુખ એચએસ પટેલ, સૌરાષ્ટ્રના પ્રખ્યાત મોટીવેશન વક્તા શૈલેષભાઈ સાગપરિયા સર્વે ઉપસ્થિત રહીને નવયુગલોને આશીર્વાદ આપીને સમાજની માર્ગદર્શન આપીને પ્રેરણાદાયક પ્રસંગો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે કોઠંબા લેઉવા ગામ પાટીદાર સમાજના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, મહામંત્રી પ્રોફેસર સંજયભાઈ, કારોબારીના સદસ્યો, સલાહકાર સદસ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને 21 માં લગ્ન ઉત્સવ સમારંભને ચાર ચાંદ લગાવી દીધા હતા.

### 'સમાજ ધીરે ધીરે સમુહ લગ્ન તરફ જઈ રહ્યો છે'

સામાન્ય વર્ગ માટે આશીર્વાદરૂપ સાબિત થતા આ સમૂહ લગ્ન ઉત્સવ બાબતે જિલ્લા વિકાસ અધિકારીઓ જણાવ્યું હતું કે સમાજ ધીરે ધીરે સમુહ લગ્ન તરફ જઈ રહ્યો છે વિવિધ સમાજમાં પણ ધીરે ધીરે સમુહ લગ્ન ની અમલમાં મૂકવાની શરૂઆત થઈ ચૂકી છે તેમને જણાવ્યું હતું કે સમુહ લગ્ન સમારંભમાં લગ્ન કરનાર યુગલોને લગ્નના ખર્ચમાં અડધો અડધ કાપ મુકાઈ જવા પામે છે તેમજ સમાજના મોભેદાર અને ધનિક બંધુઓ દ્વારા રોકડ દાન ઉપરાંત રોજીંદી જીવન જરૂરિયાત ની વપરાશની તમામ ઘરવખરી નેટ સ્વરૂપે આપવામાં આવતી હોવાથી લગ્ન પછી ઘર વસાવવાના ખર્ચમાં ખૂબ જ રાહત મળી જવા પામે છે હવે મોંઘવારીના સમયમાં ઉચ્ચ અને મધ્યમ વર્ગના લોકો પણ લગ્ન પ્રસંગના આવા મોંઘાત ખર્ચાઓ ઘટાડવા માટે સમૂહ લગ્ન ઉત્સવમાં જોડાઈ રહ્યા છે.

## સાપુતારા-માલેગામ ઘાટમાર્ગનાં અકસ્માત ઝોનની સુરત રેંજનાં IGPએ મુલાકાત લીધી



### સુરત રેંજ પોલીસ વિભાગનાં મહાનિરીક્ષક પ્રેમવીરસિંગે સાપુતારા ઘાટમાર્ગનાં અકસ્માત ઝોન સ્પોટની સ્થળ મુલાકાત કરી અકસ્માત નિવારણ માટે અધિકારીઓને સૂચના આપી...

સુશીલ પવાર-ડાંગ | જિલ્લાનાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા-માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનો વળાંક લાંબા અરસાથી વાહનચાલકો માટે જીવલેણ તેમજ ગોઝારો સાબિત થઈ રહ્યો છે.જેમાં તા.02/02/2025 નાં રોજ વહેલી સવારે 04:30 વાગ્યાના અરસામાં માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસે મધ્યપ્રદેશની ખાનગી બસનાં ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલ્ટી મારીને ઊંડી ખીણમાં ખાબકી હતી.જેના કારણે બસમાં રહેલ કુલ-51 મુસાફરોમાંથી 6 મુસાફરોનું મોત નિપજતા સમગ્ર રાજયમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.અહી ડાંગ વહીવટી તંત્રની ટીમ તથા સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ તથા પોલીસ કર્મીઓની ટીમ દ્વારા અંધારામાં યાત્રીઓને શોધવા માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરશેન હાથ ધરવામાં આવ્યુ હતુ.જોકે આ સ્થળ પર અવારનવાર અક્સ્માત કેમ સર્જાતા હોય તેને લઈને સુરત રેંજ પોલીસ વિભાગનાં મહાનિરીક્ષક પ્રેમવીરસિંગે આજરોજ અકસ્માતના સ્થળની જાત મુલાકાત લીધી હતી.અને આ ઝોનની ઝીણવટભરી રીતે તપાસ કરી હતી.આ મુલાકાત દરમિયાન સુરત રેંજ આઈ.જી.પી.પ્રેમવીરસિંગ સાથે ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા,રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં નાયબ કાર્યપાલક ઈજનેર વિપુલભાઈ પંચાલ,સાપુતારા પી.આઈ. આર.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## પાવી જેતપુર તાલુકાના ભેસાવહી ગામ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ અને ટીબી સ્ક્રિનિંગ કેમ્પ યોજાયો

કમલેશ પટેલ | સંખેડા



આજરોજ પાવીજેતપુર તાલુકામાં ભારત સરકાર શ્રી તરફથી 2025 માં ટીબી નાબૂદી અભિયાન શરૂ કરવામાં આવેલ છે જે અંતર્ગત NTEP વિભાગ છોટાઉદેપુર જિલ્લા ખાતેથી વિરાટ ડાયગનોસિસ વિભાગ અને આરોગ્ય ડિપાર્ટમેન્ટ ના સહયોગથી પાવી જેતપુર તાલુકાના ભેસાવહી ગામ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ અને ટીબી સ્ક્રિનિંગ કેમ્પ રાખવામાં આવ્યો હતો જે સંદર્ભે ભેસાવહી ગામના અને આજુબાજુના વિસ્તારના લોકોએ લાભ લીધેલ હતો જેમાં ઉપસ્થિત નિદાન ટીમ આરોગ્ય ની ટીમ અને જેમાં ટીબી સુપરવાઈઝર વિનોદભાઈ વણકર નેહલભાઈ દલાલ તેમજ ચુડેલ પીએચસી ના આરોગ્ય ની ટીમ નું યોગદાન રહ્યું હતું આ કેમ્પ દરમિયાન વિવિધ પ્રકારની સેવા આપવામાં આવી જેમકે ટીબી એક્સ રે શંકાસ્પદ દર્દીના 84 એક્સરે પાડવામાં આવ્યા અને 14 દર્દીના ગળફાની તપાસ કરવામાં આવી ડાયાબિટીસ તપાસ કરવામાં આવી બીપી ની તપાસ અને વજન કરવામાં આવેલ અને મેડિકલ ચેક અપ અને સામાન્ય રોગોની તપાસ કરી દવા ગોળી પણ આપવામાં આવી. અને આ કેમ્પમાં ઉપસ્થિત રહેલા દર્દીઓને સુપરવાઈઝર વિનોદભાઈ વણકર દ્વારા કોમ્યુનિટી મીટીંગ નું આયોજન કરી ટીબી રોગ વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. જેવી કે ટીબી ના લક્ષણો નિદાન સારવાર અને સરકારશ્રી તરફથી આપવામાં આવતી સહાય વિશેની પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

## કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા ખાદ્ય સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી સભાખંડ,પાલનપુર ખાતે સબંધિત અધિકારીશ્રીઓ સાથે જિલ્લા ખાદ્ય સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષશ્રી મિહિર પટેલ દ્વારા ફુડ સેફટી વિભાગની ગત વર્ષ જુલાઈ થી ડિસેમ્બર-૨૦૨૪ના થયેલ વિવિધ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

આ સાથે અધ્યક્ષશ્રીએ ખાદ્ય સુરક્ષા અધિનિયમ, ૨૦૦૬ અન્વયે ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાને સુનિશ્ચિત કરવા તથા સ્વચ્છતા,નિયમન પર ખાસ ભાર મૂકવા જણાવ્યું હતું. લોકોને ખાદ્ય પદાર્થો સ્વચ્છ, પોષણપ્રદ અને સુરક્ષિત મળી રહે તે દિશામાં કામગીરી કરવામાં આવે તે જરૂરી હોવાનું અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું. ખાદ્ય સુરક્ષા નિયમોનો ભંગ કરનારાઓ વેપારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેમ જણાવવામાં આવ્યું હતું. આગામી સમયગાળામાં જાહેર જનતાને આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો મળી રહે તે માટે અધ્યક્ષશ્રી દ્વારા ઉપસ્થિતોને જરૂરી સુચનો કરાયા હતા.

આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, કૃષિ યુનિવર્સિટી ફૂડ ટેકનોલોજીના પ્રોફેસરશ્રી, વેપારી એસોસિયેશન અને મીઠાઈ ફરસાણના પ્રમુખશ્રી, બનાસ ડેરીના પ્રતિનિધિશ્રી સહિત સબંધિત અધિકારીશ્રીઓ અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને શક્તિ આપતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડાએ તેમના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકાસ માટે એક યાત્રાની શરૂઆત કરી છે. માનનીય પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલના દૂરસંદર્શન હેઠળ, કોલેજના ઈનોવેશન ક્લબ દ્વારા બે દિવસીય તકનીકી તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું.સંસ્થાના મલ્ટીમીડિયા હોલમાં આ તાલીમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જ્યાં પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલ, IQAC સંકલક પ્રો. પરેશભાઈ એસ પુરાણીની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી. ઉદ્ઘાટન સત્રની શરૂઆત પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલના ઉષ્માભર્યા સ્વાગત પ્રવચન દ્વારા થઈ.ઈનોવેશન ક્લબના સંકલક ડો. દિવ્યાંગ કે વ્યાસે KCGના પ્રતિષ્ઠિત ટ્રેનર શ્રી અંશ સેટ્ટીનો પરિચય આપ્યો, જેના પછી શ્રી અંશ સેટ્ટીનુ પુસ્તક રૂપિ પુષ્પ આપી સ્વાગત કરવામાં આવ્યું. ઈનોવેશન ક્લબના સંકલક ડો. દિવ્યાંગ કે વ્યાસે ક્લબની દૃષ્ટિ અને અગાઉની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી, જે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક ચમક પ્રગટ કરવા માટે આયોજિત કરવામાં આવી હતી. સરકાર દ્વારા સ્થાપિત આ ઈનોવેશન ક્લબ, ગેર-તકનીકી વિદ્યાર્થીઓને પણ નવીન વિચારો વિકસાવવામાં પ્રોત્સાહિત કરવા અને સ્ટાર્ટઅપ જગતમાં તેમનું માર્ગદર્શન કરવા માટે રચાઈ છે. આ પહેલ વિદ્યાર્થીઓને તેમના વિચારોને હકીકતમાં પરિવર્તિત કરવા માટે જરૂરી કુશળતાઓ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.


બાળ સુરક્ષા: જવાબદારી આપણાં સૌની

# નોંધારા બનેલા બાળકોની વ્હારે આવશે 'અનામી પારણું'

માહિતી બ્યુરો | પાલનપુર

બાળકોની સુરક્ષા એ માત્ર એક વ્યક્તિની નહીં, પણ સમગ્ર સમાજની જવાબદારી હોય છે. બાળકો આપણા સમાજનું ભવિષ્ય છે, અને તેમના સુરક્ષિત અને આરોગ્યદાયક વિકાસ માટે હર એક વ્યક્તિ અને સંસ્થા જવાબદાર હોય છે. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં બાળકોની વિશેષ સુરક્ષા અને કાળજી માટે સબંધિત વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

ડીસાના ધારાસભ્યશ્રી પ્રવીણ માળીના હસ્તે જનરલ હોસ્પિટલ ડીસા ખાતે 'ખુશીઓનું સરનામું' નામે 'અનામી પારણું' ખુલ્લું મુકાયું હતું. કોઈ વાલી વારસ દ્વારા તાજા જન્મેલા નવજાત શિશુને કોઈ અવાવરુ સ્થળ પર, ઝાડીમાં કે કચરાપેટીમાં ત્યજી



દેવામાં આવે તો તેમની વિરૂદ્ધ કાયદાકીય જોગવાઈઓ તો રહેલી જ છે. આ ત્યજી દીધેલા બાળકને શારીરિક અને માનસિક ઈજાઓ પણ પહોચતી હોય છે.

આવા નવજાત શિશુને કોઈપણ જગ્યાએ નોંધારા ન છોડતા અહીં આ પારણામાં મૂકવામાં આવે એવા ઉમદા વિચારથી આ અનામી પારણું ખુલ્લું મૂકાયું છે. અહીં કોઈપણ મજબૂર માતા પોતાના નવજાત શિશુને મૂકી શકે છે. બાળ સુરક્ષા ટીમ બનાસકાંઠા દ્વારા આ બાળકને કાળજી અને રક્ષણ પૂરું પાડવામાં આવશે. બાળક પારણામાં આવ્યા બાદ જનરલ હોસ્પિટલ ડીસા દ્વારા બાળકના આરોગ્યની કાળજી લેવામાં આવશે. જ્યારે બાળક સ્વસ્થ હશે ત્યારે બાળ કલ્યાણ સમિતિ અને જિલ્લા બાળ સુરક્ષા કચેરી પાલનપુરના સંકલનથી આ બાળકને પાલનપુર ખાતે આવેલ શિશુ ગૃહમાં મૂકવામાં આવશે. અને ત્યારબાદ દત્તક ઈચ્છુક દંપતિ દ્વારા જરૂરી તમામ માપદંડ પૂરા કર્યા બાદ બાળકને કાયદાકીય રીતે દતકમાં આપી બાળકને નવીન જીવન આપવામાં આવશે.

### ધારાસભ્ય પ્રવીણ માળીના હસ્તે જનરલ હોસ્પિટલ ડીસા ખાતે "ખુશીઓનું સરનામું" નામે 'અનામી પારણું' ખુલ્લું મુકાયું

આ અનામી પારણાને ડીસાના ધારાસભ્યશ્રી પ્રવીણ માળી દ્વારા રીબીન કાપીને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સિવિલ સર્જનશ્રી ડીસા જનરલ હોસ્પિટલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી બનાસકાંઠા, અન્ય આગેવાનશ્રીઓ, ડીસા જનરલ હોસ્પિટલના ડોક્ટર્સ અને સ્ટાફ મિત્રો તથા સામાજિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાળકની ઊંચાઈ વધારવા માટે ખવડાવો આ 5 વસ્તુઓ અને પછી જુઓ ચમત્કાર

જો આહાર સારો હોય તો તેની અસર બાળકોના વૃદ્ધિ અને વિકાસ પર પણ દેખાય છે. આવી સ્થિતિમાં અહીં જાણો કે કયો ખોરાક બાળકની ઊંચાઈ વધારવામાં મદદરૂપ સાબિત થાય છે. બાળકોની ઊંચાઈ વધારવા માટે, તેમને દૂધ અને દૂધની બનાવટો આપી શકાય છે. ઊંચાઈ વધારનારા ખોરાકમાં દૂધ, પનીર, દહીં અને ચીઝનો સમાવેશ થાય છે. કેલ્શિયમ અને પ્રોટીનની સાથે, આમાં વિટામિન એ, બી અને ડી સારી માત્રામાં હોય છે અને શરીરને તેમાંથી વિટામિન ડી પણ મળે છે. આવી સ્થિતિમાં દૂધની બનાવટોને ખાસ કરીને બાળકોના આહારનો ભાગ બનાવવો જોઈએ.પ્રોટીનથી ભરપૂર ઈંડા બાળકો માટે ખૂબ જ ફાયદાકારક છે. ઈંડામાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે. બાળકોને ઈંડામાંથી પણ વિટામિન B2 મળે છે. આવી સ્થિતિમાં, ઈંડાને બાળકોના આહારનો એક ભાગ બનાવી શકાય છે. સવારે, તમે તમારા બાળકોને ઈંડા ઉકાળીને અથવા ઈંડાનું ઓમેલેટ બનાવીને ખવડાવી શકો છો. પાલક અને કાલે જેવા લીલા પાંદડાવાળા શાકભાજી બાળકોના આહારમાં સામેલ કરી શકાય છે. આ શાકભાજીમાંથી બાળકોને સારી માત્રામાં આયર્ન, કેલ્શિયમ અને એન્ટી-ઓક્સિડન્ટ મળે છે. આયર્ન ખાસ કરીને હિમોગ્લોબિન વધારવામાં મદદ કરે છે, જે લોહીમાં ઓક્સિજનનું વહન કરે છે અને ઉર્જા ઉત્પાદન માટે જરૂરી છે. જ્યારે કેલ્શિયમ હાડકાંને મજબૂત બનાવવાનું કામ કરે છે. બાળકોના આહારમાં સૂકા મેવા અને બીજનો સમાવેશ કરી શકાય છે. બાળકોને બદામ, અખરોટ અને ચિયા બીજ વગેરે ખવડાવી શકાય છે. આ શરીરને પ્રોટીન, સ્વસ્થ ચરબી અને મેગ્નેશિયમ પણ પ્રદાન કરે છે. આ ઉપરાંત, આ ખોરાક પ્રોટીન સંશ્લેષણમાં ફાયદાકારક છે. આ ખાવાથી શારીરિક અને માનસિક બંને રીતે સારી અસર પડે છે. એટલા માટે ઊંચાઈ વધારવા માટે સૂકા મેવા અને બીજ ખાઈ શકાય છે. જો બાળકોને નારંગી, બેરી અને પપૈયા જેવા ફળો ખવડાવવામાં આવે તો તેની ઊંચાઈ વધારવામાં અસર જોવા મળે છે. તેમાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે અને તેમાં ફાયદાકારક એન્ટી-ઓક્સિડન્ટ્સ પણ હોય છે જે સ્વાસ્થ્યને સારી સ્થિતિમાં રાખે છે. વિટામિન સી શરીરને વૃદ્ધિ માટે જરૂરી આયર્ન શોષવામાં પણ મદદ કરે છે. બાળકોએ તેમના વિકાસના તબક્કા દરમિયાન શારીરિક રીતે સક્રિય રહેવું જોઈએ. નિયમિત કસરત સ્નાયુઓ અને હાડકાંને મજબૂત બનાવી શકે છે, સ્વસ્થ વજન જાળવવામાં મદદ કરે છે અને વૃદ્ધિ હોર્મોન્સ ઉત્પન્ન કરે છે. બાળકોએ દિવસમાં ઓછામાં ઓછો 1 કલાક કસરત કરવી જોઈએબાળકોના વિકાસ માટે પૂરતી ઊંઘ લેવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. બાળકોના શારીરિક અને માનસિક વિકાસ તેમજ તેમની ઊંચાઈ વધારવા માટે ઊંઘ જરૂરી છે. જે બાળકો રાત્રે 9 થી 5 વાગ્યાની વચ્ચે શાંતિથી સૂઈ જાય છે તેમની ઊંચાઈ યોગ્ય રીતે વધે છે.



**જો આહાર સારો હોય તો તેની અસર બાળકોના વૃદ્ધિ અને વિકાસ પર પણ દેખાય છે**

# ટાઇટ ફેટ ઓછું કરવા ઘરે રોજ કરો આ કસરતો



ઘણા લોકોના સાથળમાં વધુ પડતી ચરબી જમા થાય છે. આના કારણે પગ ખૂબ જાડા દેખાવા લાગે છે, જે બિલકુલ સારા દેખાતા નથી. ઘણા લોકો જાંઘની ચરબી ઘટાડવા માટે જીમનો સહારો લે છે. પરંતુ તમે ઘરે આ 5 કસરતો કરીને જીમ ગયા વિના પણ જાંઘની ચરબી ઘટાડી શકો છો. ઘરે તમારા દિનચર્યામાં કેટલીક સરળ કસરતોનો સમાવેશ કરીને તમે અસરકારક પરિણામો મેળવી શકો છો. આ કસરતો ફક્ત સાથળની ચરબી ઘટાડશે નહીં પરંતુ તમારા પગની મજબૂતાઈ અને ફ્લેક્સિબિલિટી પણ વધારશે. ચાલો જાણીએ આવી 5 કસરતો વિશે જે સાથળની ચરબી ઝડપથી ઘટાડવામાં મદદ કરશે.

સ્ક્વોટ્સ - સ્ક્વોટ્સ એ એક ઉત્તમ કસરત છે, જે ફક્ત તમારા સાથળને ટોન જ નહીં કરે પણ હિપ્સ અને શરીરના નીચેના ભાગના સ્નાયુઓને પણ મજબૂત બનાવે છે. આ કસરત ચરબી બર્ન કરવામાં મદદ કરે છે અને તમારા શરીરને આકારમાં લાવે છે.

તે કેવી રીતે કરવું - તમારા પગ ખભા જેટલી પહોળાઈ રાખીને ઊભા રહો. આ પછી તમારા ઘૂંટણ વાળો અને ધીમે-ધીમે એવી રીતે બેસો જાણે તમે ખુરશી પર બેઠા છો. તમારી કરોડરજ્જુ સીધી રાખો અને તમારા પેટના સ્નાયુઓને કડક રાખો. પછી ધીમે-ધીમે ઉભા થાઓ અને તેને 15-20 વાર પુનરાવર્તન કરો.

સ્ક્વોટ્સ - સ્ક્વોટ્સ એ એક ઉત્તમ કસરત છે, જે ફક્ત તમારા સાથળને ટોન જ નહીં કરે પણ હિપ્સ અને શરીરના નીચેના ભાગના સ્નાયુઓને પણ મજબૂત બનાવે છે. આ કસરત ચરબી બર્ન કરવામાં મદદ કરે છે અને તમારા શરીરને આકારમાં લાવે છે. તે કેવી રીતે કરવું - તમારા પગ ખભા જેટલી પહોળાઈ રાખીને ઊભા રહો. આ પછી તમારા ઘૂંટણ વાળો અને ધીમે-ધીમે એવી રીતે બેસો જાણે તમે ખુરશી પર બેઠા છો. તમારી કરોડરજ્જુ સીધી રાખો અને તમારા પેટના સ્નાયુઓને કડક રાખો. પછી ધીમે-ધીમે ઉભા થાઓ અને તેને 15-20 વાર પુનરાવર્તન કરો.

લંજેસ -લંજેસ એ શરીરના નીચેના ભાગ માટે એક ઉત્તમ કસરત છે જે તમારા સાથળની ચરબી ઉતારવામાં અને તમારા સ્નાયુઓને આકાર આપવામાં મદદ કરી શકે છે. આ કસરત માત્ર સાથળની ચરબી જ નહીં પણ બેલેન્સ અને સ્ટેમિના પણ વધારે છે.

કેવી રીતે કરવું - સીધા ઊભા રહો અને તમારા જમણા પગને આગળ ખસેડો. હવે ધીમે-ધીમે તમારા ઘૂંટણને વાળો અને તમારી સાથળ ફ્લોરની સમાંતર ન થાય ત્યાં સુધી નીચે વાળો. થોડીક સેકન્ડ રાહ જુઓ અને પછી પાછા ઉભા થાઓ. હવે બીજા પગ સાથે પણ આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન કરો. આ કસરત 15-20 વાર કરો.

લેગ લિફ્ટ : જે લોકો શરીરના નીચેના ભાગને ટોન કરવા માંગે છે તેમના માટે લેગ લિફ્ટ એક ઉત્તમ કસરત છે. તે સાથળની ચરબી ઝડપથી ઘટાડવામાં મદદ કરે છે. લેગ લિફ્ટ તમારા સાથળને અને પેટમાં ચરબી ઘટાડે છે અને તમારા પગને મજબૂત બનાવે છે.

કેવી રીતે કરવું - ફ્લોર પર સૂઈ જાઓ અને તમારા પગ સીધા રાખો. હવે ધીમે ધીમે તમારા એક પગને ઉપર ઉઠાવો અને તેને થોડી સેકન્ડ માટે પકડી રાખો. પછી ધીમે ધીમે તેને નીચે લાવો અને બીજા પગ સાથે પણ આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન કરો. આ કસરત 15-20 વાર કરો.

બ્રિજ પોઝ : બ્રિજ પોઝ એ એક યોગ આસન છે જે ફક્ત તમારા હિપ્સ અને સાથળને ટોન જ નથી કરતું પણ કમરના નીચેના ભાગને પણ મજબૂત બનાવે છે. આ ઉપરાંત આ કસરત જાંઘ, હિપ્સ અને પેટની ચરબી ઘટાડવામાં મદદ કરે છે.

કેવી રીતે કરવું - તમારી પીઠ પર સૂઈ જાઓ અને તમારા ઘૂંટણ વાળો. તમારા પગ ફ્લોર પર મજબૂતીથી રાખો અને તમારા હાથ તમારી બાજુઓ પર રાખો. હવે તમારા હિપ્સને ઉપર ઉઠાવો અને થોડી સેકન્ડ માટે આ પોઝમાં રહો. ધીમે-ધીમે નીચે આવો અને તેને 15-20 વાર પુનરાવર્તન કરો.

સ્ટેપ-અપ્સ : સ્ટેપ-અપ્સ એ કાર્ડિયો અને સ્ટ્રેન્થ ટ્રેનિંગ કસરત છે જે સાથળની ચરબી ઝડપથી બાળવામાં મદદ કરે છે. સ્ટેપ-અપ્સ કેલરી બર્ન કરે છે, જે જાંઘની ચરબી ઝડપથી ઘટાડવામાં મદદ કરે છે.

તે કેવી રીતે કરવું - મજબૂત સ્ટૂલ અથવા સ્ટેપ પ્લેટફોર્મની સામે ઊભા રહો. તમારા જમણા પગથી સ્ટૂલ પર ચઢો અને પછી પાછા નીચે આવો. હવે ડાબા પગથી પણ આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન કરો. આ 15-20 વાર પુનરાવર્તન કરો.

# રોટલી બનાવતા પહેલા આ વસ્તુને લોટમાં મિક્સ કરો, યુરિક એસિડ થશે કંટ્રોલ, પેટ પણ રહેશે સાફ

આજકાલ યુરિક એસિડનું પ્રમાણ વધવું એક સામાન્ય સમસ્યા બની ગઈ છે, જેની સીધી અસર સાંધાના દુખાવા, સંધિવા અને કિડનીની સમસ્યાઓ પર પડે છે. જ્યારે શરીર તેને યોગ્ય રીતે ઉત્સર્જન કરવામાં અસમર્થ હોય છે ત્યારે યુરિક એસિડ વધે છે, જેના કારણે શરીરમાં યુરિક એસિડ સ્ફટિકો બને છે અને સોજો અને દુખાવાની સમસ્યાઓ શરૂ થાય છે. આવી સ્થિતિમાં, આપણે યુરિક એસિડ ઘટાડવા માટે ઘરેલું ઉપચાર શોધીએ છીએ, કારણ કે આપણા રોગોને દૂર કરવા માટે, આપણે દવાઓ લેતા પહેલા ઘરેલું ઉપચાર કરવાનું પસંદ કરીએ છીએ. જો તમે પણ કુદરતી રીતે યુરિક એસિડને નિયંત્રિત કરવાના રસ્તાઓ શોધી રહ્યા છો. આજે અમે તમને જણાવી રહ્યા છીએ કે રોટલી બનાવતા પહેલા લોટમાં કઈ વસ્તુઓ ઉમેરવી, તો આ સમસ્યા ઘણી હદ સુધી ઓછી થઈ શકે છે. અજમો પાચનમાં સુધારો કરે છે અને શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. તે યુરિક એસિડને નિયંત્રિત કરવામાં અને સાંધાના દુખાવાને ઘટાડવામાં અસરકારક સાબિત થઈ શકે છે. રોટલીના લોટમાં સેલરી ઉમેરવાથી શરીરનું ચયાપચય પણ સુધરે છે. અળસીના બીજમાં ઓમેગા-૩ ફેટી એસિડ જોવા મળે છે, જે બળતરા ઘટાડવામાં મદદ કરી શકે છે. તે યુરિક એસિડના સ્તરને નિયંત્રિત કરી શકે છે અને હાડકાંને મજબૂત બનાવી શકે છે. મેથી શરીરમાં જમા થયેલા યુરિક એસિડને દૂર કરવામાં મદદરૂપ થાય છે. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે પેટ સાફ રાખે છે અને પાચનતંત્ર વધુ સારી રીતે કાર્ય કરે છે. જવનો લોટ શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. યુરિક એસિડને નિયંત્રિત કરવાની સાથે, તે બ્લડ સુગર લેવલને પણ સંતુલિત રાખે છે. ઘઉંના લોટમાં સોયાનો લોટ મિક્સ કરો : સોયા પ્રોટીનનો ઉત્તમ સ્ત્રોત છે અને શરીરમાં યુરિક એસિડના સ્તરને સંતુલિત કરવામાં મદદ કરી શકે છે. તેને લોટમાં ભેળવીને પીવાથી સ્નાયુઓ મજબૂત થાય છે અને શરીરને જરૂરી પોષણ મળે છે.



યુરિક એસિડ ઘટાડવા માટે તમે આ ટિપ્સ પણ અનુસરી શકો છો. દરરોજ ઓછામાં ઓછું 8-10 ગ્લાસ પાણી પીવો. ફાસ્ટ ફૂડ, મસાલેદાર ખોરાક અને માંસાહારી વસ્તુઓનો વપરાશ ઓછો કરો. મોટી માત્રામાં ફાઈબરથી ભરપૂર ખોરાક લો, જેનાથી તમારું પેટ સાફ રહેશે. દરરોજ હળવી કસરત અને યોગ કરો. જો તમે યુરિક એસિડની સમસ્યાથી પરેશાન છો, તો તમે તમારા આહારમાં કેટલાક ફેરફાર કરીને તેનો ઉકેલ મેળવી શકો છો. લોટમાં સેલરી, અળસી, મેથીના દાણા, જવનો લોટ અને સોયાનો લોટ ભેળવીને રોટલી બનાવવાથી યુરિક એસિડ નિયંત્રણમાં રહેશે, પેટ સાફ રહેશે અને હાડકાં પણ મજબૂત બનશે.

# મગ ખાવાના ફાયદા જાણીને રહી જશો દંગ





**મગના ફાયદા**

**- રુપાલી દવે**

મગ ને ધરતી પરનું અમૃત માનવામાં આવે છે સુપાચ્ય અને વિટામિન્સ થી ભરપુર હોવાના લીધે લાંબી માંદગી માં પથારી વશ દર્દી ને મગ નું પાણી નિયમિત આહાર માં આપવા આવે છે. કોઈપણ સ્વરૂપે મગ,મગની ફોતરા વાળી દાળ અને મગ ની પીળી દાળ ભોજન માં લેવાથી એ ફાયદાકારી રહે છે. મગ પ્રોટીન નો ભરપુર સ્રોત માનવામાં આવે છે એમાં પણ ફણગાવેલા કાચા મગ નું નિયમિત સવારે સેવન કરવાથી શરીર નિરોગી અને સ્વસ્થ રહે છે. જાણીતા કથાકાર ડોંગરે મહારાજ નું વાક્ય "મગ ખાવ તો ગમ ના ખાવો પડે" ડોંગરે મહારાજ એના જીવંત પર્યંત મગ નો ભોજન માં ભરપુર ઉપયોગ કરતા હતા. મોટાભાગના ગુજરાતીઓ ના ઘરોમા બપોર ના ભોજન માં બુધવારે મગ લેવાનો રિવાજ છે. લોક વાયકા અનુસાર આંની પાછળ મુખ્ય રાહુ દાદાને લોકો કારણભૂત માને છે.ઘરેઘરે બુધવારે મગ નો ભોજન માં સ્વાદ લેવાય એટલે મૂળ શું કારણ થી અજાણ લોકો એ "રાહુ" કેન્દ્ર માં રાખી ચાલુ રાખ્યું.આમપણ વિક માં એકવાર મગ બનાવવા પાછળ નું કારણ કદાજ જેતે સમય માં સ્વાસ્થ્ય જ રહ્યું હશે. મગ ની અંદર રહેલા પોષક તત્વો ના લીધે જે તે સમય માં આયુર્વેદિક દવાઓ માં પણ ઉપયોગ થતો હતો.ગુજરાતી લગ્ન પ્રસંગો માં મંડપ મુહૂર્ત માં "મગ અને લાપસી" બનાવવાનો પારંપરિક રીવાજ છે.જ્યારે ઘરમાં વહુ ના પગલાં પડે ત્યારે શુકન મગ લાપસી થી થાય છે. જો મગ અને લાપસી માં સ્વાદ બેઠો તો આવનાર વહુ પરિવાર ને એક તાંતણે બાંધી ને રાખશે એવું માનવામાં આવે છે.

લીલા છમ મગ એ સ્વાસ્થ્ય સાથે શુકન માનવામાં આવે છે દીકરીને સાસરે વળાવતી વખતે માં માટલા માં પિયર તરફથી અન્ય મીઠાઈઓ સાથે લીલા છમ મગ અને આખા ચોખા મૂકવામાં આવે છે. ગણપતિ સ્થાન માં પણ ગોળ સાથે મગ મૂકવામાં આવે છે. અન્ય કઠોળ કરતા મગ નું પ્રાધાન્ય ભારતીય પરંપરા ને રીતરિવાજો માં વધારે છે. નવા મકાન મા પ્રવેશ કરતા પહેલા બાજોઠ પર મગ ની ઢગલી કરી એના પર ચાંદી નો સિક્કો અને ગણપતિ સ્વરૂપ સોપારી મૂકી ને ગોળ ધાણા નો પ્રસાદ અર્પણ કરીને દીપ પ્રગટાવવા માં આવે છે. જ્યારે ભાડા નું ઘર છોડી ને અન્ય પ્રસ્થાન કર્યા બાદ પાણિયારે મગ ની ઢગલી કરીને દીપ પ્રગટાવવા માં આવે છે. લીલા છમ મગની અંદર પુષ્કળ પ્રમાણ માં પોષક તત્વો અને એન્ટી ઓક્સિડન્ટ હોય છે. પ્રોટીન આયર્ન વિટામિન્સ બી ૯, કાર્બોહાઈડ્રેટ, મિનરલ્સ, ડાયટરી ફાઈબર,ફોલેટ, વગેરે ભરપુર માત્રા મા મળી રહે છે. સૂકા મગ ને બાફીને, ફણગાવીને કે મગદાળ સ્વરૂપે ભોજન માં લઈ શકાય છે.સવારનો બ્રેકફાસ્ટ હેલધી તો સમજો શરીર અનેક ગભીર બીમારીઓથી સુરક્ષિત અને સ્વસ્થ રહે છે. આયુર્વેદ એ સવારના નાસ્તા માં ફણગાવેલા મગ ને હેલધિ બ્રેક ફાસ્ટ માનીયો છે. ફણગાવેલા મગ ને પ્રોટીન નું પાવર હાઉસ કહેવામાં આવે છે.આયર્ન,પ્રોટીન અને ફાઈબરનો ફણગાવેલા મગ ઉતમ સ્રોત છે.સવારે બ્રેક ફાસ્ટ માં નિયમિત ફણગા વેલા મગ ખાવાથી દિવસ ભર ની દોડધામ માં શરીર ની જરૂરી ઉર્જા,પોષણ અને પર્યાપ્ત ઊર્જા પ્રદાન કરે છે.ફણગા વેલા મગ માં રહેલ ભરપુર માત્રા મા પ્રોટીન ના લીધે કેન્સર જેવો જીવલેણ રોગ સામે લડવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.એનિમિયા જેવી બ્લડ ને લગતી સમસ્યા માં ફણગાવેલા મગ ને બ્રેક ફાસ્ટ માં નિયમિત લેવાથી અત્યંત ફાયદાકારક સાબિત થાય છે. નિયમિત એક વાટકી ફણગાવેલા મગ ખાવાથી શરીર માં રક્ત કણો ની સંખ્યા માં વધારો થાય છે કેમકે એમાં નોનહેમ નામનું આયર્ન ઉપલબ્ધ હોય છે.

ફણગાવેલા મગ ના અસંખ્ય ફાયદાઓ એમાં રહેલ સેલેનિયમ નું પ્રમાણ વધારે હોવાથી એ ટ્યૂમર નો વિકાસ ઘટાડે છે. આ ઉપરાંત અમેરિકન હાર્ટ એસોસિયેશન ની સ્ટડી અનુસાર ફણગાવેલા મગમાં રહેલ ભરપુર માત્રા મા ફોલિક એસિડ અને ફાઈબર એ હાર્ટ ની સમસ્યા સાથે કેલોસ્ટ્રોલ,ટ્રાય ગ્લીસિરાઈડ ને લગતી સમસ્યા પર કાબૂ મેળવે છે.

ફણગાવેલ મગ ની માફક મગ કે મગની ફોતરા વાળી દાળ નો ઉપયોગ ખોરાક માં નિયમિત રાખવો ખાવી જોઈએ. મગ અને મગ ની ફોતરા વાળી દાળ માં ભરપુર માત્ર માં આયર્ન ઉપલબ્ધ હોવાના ખાલી ચડી જવું, દુખાવો થવો વગેરે સમસ્યા માં રાહત થાય છે.આ ઉપરાંત પગ ના અસહ્ય દુ:ખાવા,હેવી વજન ને લગતી સમસ્યા માંથી રાહત મેળવવા માટે મગ કે મગ ની ફોતરા વાળી દાળ માં ફાઈબર નું પ્રમાણ ભરપુર હોવાના લીધે નિયમિત ખાવાથી સમસ્યા હલ થાય છે.બાફેલા મગ પાચનતંત્ર ને લગતી સમસ્યા માં ફાયદાકારી છે. મગ માં ભરપુર માત્રા મા પ્રોટીન હોવાથી સ્નાયુ ને મજબૂત બનાવે છે એને લગતી સમસ્યા થતી નથી.ભારત ની કુલ વસ્તી માં ગામડાના લોકોનું આયુષ્ય અને હેલ્થ શહેર માં વસતા લોકો કરતા વધારે છે એની પાછળ નું મુખ્ય કારણ બન્ને વચ્ચે નું ફૂડ છે. મોટાભાગ ના ગામડાઓ માં નિયમિત રાત્રિ નું ભોજન હળવું મતલબ ફોતરા વાળી મગની ખીચડી કઢી કે ફોતરા મગની દાળ ખીચડી શાક હોય છે. એવી માન્યતા છે કે "બ્રેક ફાસ્ટ રાજા જેવો,લંચ પ્રજા જેવું અને ડિનર ભિખારી જેવું" આ મુજબ નું ફૂડ ડાયટ હોય તો બીમારી દૂર થી નજર કરતા જ ભાગી જાય છે.

લીલા છમ મગ ની પૌષ્ટિકતા અને ગુણ વિશે તો ભરપુર માહિતીઓ મેળવી લીધી. ચાલો આપણે લીલા છમ મગ ની રેસીપીઓ જાણીએ:





મગ નું સૂપ : અડધી નાની સાઈઝ ની વાટકી મગ લઈને એને પ્રેશર કુકર માં બાફી નાખો. કઢાઈ માં ચમચી તેલ ગરમ થવા મૂકો,તેલ ગરમ થઈ જાય એટલે એમાં લસણ,આદુ મરચા ની પેસ્ટ સાથે સ્વાદ અનુસાર નમક ભેળવી દયો. આ મિશ્રણ ને એકરસ કરીને એમાં બાફેલા મગ અને અડધો ગ્લાસ પાણી ઉમેરી દયો.બેત્રણ મિનિટ બધું મિશ્રણ એકરસ થતાં કઢાઈ નીચે ઉતરી બાઉલ મા સર્વ કરો.

મગની દાળ ના ચિલ્લા : ફોતરા વાળી મગની દાળ ને આગલા દિવસે પાણી માં પલાળી દયો. બીજે દિવસે સવારે પલાળેલી મગની દાળ ને મિક્સર મા લસણ,મરચા અને આદુ સાથે ગ્રાઈન્ડ કરો. મગની દાળ ના ખીરું માં સ્વાદ અનુસાર નમક ભેળવી દયો. નોન સ્ટીક તવા પર મગની દાળ નું ખીરું કઢાઈ પર ઊંડા ચમચા થી પાથરી દયો.મગ ના પુડલા ને ઉલટ પુલટ કરીને પ્લેટ મા ટમેટા ની ચટણી સાથે પીરસો.

મગ નું પાણી: મોટાભાગ ના લોકો ને મગ નું પાણી અંગે બે મત હોય છે.મગ નું પાણી એટલે છડી મગની દાળ કે ફોતરાવાળી મગની દાળ નું પાણી નહિ. મગનું પાણી ખાસ કરીને બિમાર વ્યક્તિ માટે બનાવતું હોય છે એટલે મગ નું પાણી વિશે સહેજ પણ ભ્રમણા હોય તો પ્રથમ ટિપ્સ લેવી જરૂરી છે. પ્રેશર કુકર માં માત્ર નાનકડી એક ચમચી મગ લઈને સહેજ મીઠું નાખી અને દોઢ ગ્લાસ પાણી ઉમેરી ને બાફી નાખવા. પ્રેશર કુકર ઠંડુ થયા બાદ બાફેલા મગ ને કાણા વાળા ચમચા થી તપેલી માં ગાળી નાખવું. તપેલી માં એકઠા થયેલ પાણી ને મગ નું પાણી માનવામાં આવે છે.તપેલી માંના મગ ના પાણી ને બાઉલ મા સહેજ ઘી ઉમેરી ને સર્વ કરો. ચમચા માં બચેલા મગ ને અન્ય ઉપયોગ માં લઈ શકાય છે.

મિત્રો, મગ એ આરોગ્ય માટે અત્યંત જરૂરી છે નિયમિત સવાર સવાર માં ફણગાવેલા મગ, ફોતરા વાળી મગ ની દાળ કે બાફેલા મગ નું સેવન કરશો તો એટલું નક્કી કે સમૃદ્ધ હેલ્થ સાથે વાળ,આંખ અને સ્કિન પણ તંદુરસ્ત બનશે..



# સૈફ પર હુમલો શું પબ્લિસિટી સ્ટંટ હતો?

## જ્વેલ થીફનો પ્લોટ કેસ જેવો જ છે; ગરદન પર પટ્ટી, હાથમાં પાટા સાથે ઈવેન્ટમાં પહોંચ્યો એક્ટર



(એજન્સી) મુંબઈ | તા.04

હુમલા પછી બોલિવૂડ સ્ટાર સૈફ અલી ખાનની પહેલી ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ એક્ટર કામ પર પાછો ફર્યો છે. નેક્સ્ટ ઓન નેટફ્લિક્સ ઈવેન્ટમાં તેણે હાજરી આપી હતી. જ્યાં એક્ટર આગામી ફિલ્મ “જ્વેલ થીફ: ધ હેઈસ્ટ બિગિન્સ”ના ટિઝર લોન્ચ માટે આવ્યો હતો.

સૈફ પર હુમલો શું પબ્લિસિટી સ્ટંટ હતો? ટિઝરનો વીડિયો સોશિયલ મીડિયા વાઈરલ થઈ રહ્યો છે અને લોકો હુમલાની સાથે ફિલ્મને જોડી રહ્યા છે. એવામાં હવે સવાલ થાય છે કે શું સૈફ અલી ખાન પર હુમલો કોઈ પબ્લિસિટી સ્ટંટ છે? ફિલ્મનો પ્લોટ ઘટના સાથે મેળ ખાય છે. ફિલ્મનું ટીઝર સમુદ્રમાં એક મોટા જહાજથી શરૂ થાય છે, જેમાં સૈફ અલી ખાન અને જયદીપ અહલાવત જોવા મળે છે.

તે જ સમયે, બ્રેકગ્રાઉન્ડમાં એક અવાજ સંભળાય છે, ‘એવું શું છે જેના કારણે તમે આટલું મોટું જોખમ લેવા તૈયાર થયા?’ જવાબ છે ‘રેડ સન’, જે એક આફ્રિકન હીરો છે અને તેની કિંમત 500 કરોડ રૂપિયા છે. આ રીતે ફિલ્મમાં એક હીરાની ચોરી ખૂની ખેલમાં બદલાઈ જાય છે.

ગરદન પર પટ્ટી, હાથમાં પાટા સાથે સૈફ ઈવેન્ટમાં પહોંચ્યો છરીના હુમલા પછી જ્યારે સૈફ અલી ખાન પહેલીવાર કોઈ પબ્લિક ઈવેન્ટમાં પહોંચ્યો હતો. આ દરમિયાન, એક્ટરે ગરદન પર પટ્ટી અને હાથમાં પાટો બાંધ્યો હતો. ફિલ્મમેકર સિદ્ધાર્થ આનંદ અને કો-એક્ટર જયદીપ અહલાવતે પણ ઈવેન્ટમાં હાજરી આપી હતી.

હુમલા પછી પણ સૈફે પોતાનું ટ્રેડમાર્ક સ્માઈ અને ફની અંદાજ જાળવી રાખ્યું અને આ પ્રોજેક્ટ માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. તેણે કહ્યું, અહીં તમારી સામે ઊભા રહીને ખૂબ સારું લાગે છે. અહીં આવીને ખૂબ ખુશ છું. હું આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છું. સિદ્ધાર્થ અને હું ઘણા સમયથી આ વિશે વાત કરી રહ્યા છીએ. હું હંમેશાંથી એક ચોરીની ફિલ્મ કરવા માગતો હતો અને આનાથી સારો કો-સ્ટાર ન મળી શકે. આટલું કહી તે જયદીપ અહલાવતના ખભા પર હાથ રાખે છે.

સિદ્ધાર્થ આનંદનું OTT પર ડેબ્યૂ સિદ્ધાર્થ અને મમતા આનંદ ફિલ્મ ‘જ્વેલ થીફ’થી OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર ડેબ્યૂ કરી રહ્યા છે. આ દરમિયાન તેણે કહ્યું, અમે માર્ફ્લિક્સમાં ધ જ્વેલ થીફ દ્વારા નેટફ્લિક્સ સાથે સ્ટ્રીમિંગ ડેબ્યૂ કરવા માટે તૈયાર છીએ. આ ફિલ્મ લવ, એક્શન, સસ્પેન્સની આસપાસ ફરે છે. ‘જ્વેલ થીફ’ સ્ટાર કાસ્ટ સિદ્ધાર્થ આનંદ દ્વારા ફિલ્મનું ડિરેક્શન કરવામાં આવ્યું છે, જેમણે ‘પઠાન’ અને ‘વોર’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. તેમાં જયદીપ અહલાવત અને સૈફ અલી ખાન મુખ્ય ભૂમિકામાં છે. એક્ટ્રેસ નિકિતા દત્તા પણ તેમની સાથે છે. હાલમાં ફિલ્મની રિલીઝ તારીખ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

15 જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો થયો હતો 15 જાન્યુઆરીની મોડી રાતે સૈફ અલી ખાન પર તેમના ઘરની અંદર છરી વડે હુમલો થયો હતો. આ ઘટના મુંબઈના ખારમાં ગુરુશરણ એપાર્ટમેન્ટના 12મા માળે રાતે 2:30 વાગ્યે બની હતી. આ હુમલામાં એક્ટરને ગરદન, પીઠ, હાથ અને માથા સહિત 6 જગ્યાએ છરીના ઘા મારવામાં આવ્યા હતા. હુમલા દરમિયાન છરીનો ટુકડો પણ કરોડરજ્જૂમાં ફસાઈ ગયો હતો. ઘાયલ સૈફને રાત્રે લીલાવતી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# ભારતીને શાહરુખના સ્ટારડમ વિશે ખબર જ નહોતી

## કહ્યું- જ્યારે એક્ટરે મારા બાળપણનો ગેટઅપ લીધો, ત્યારે હું ખૂબ જ ઈમોશનલ થઈ ગઈ...



(એજન્સી) મુંબઈ | તા.04

કોમેડિયન ભારતી સિંહે તાજેતરમાં શાહરુખ ખાન સાથે જોડાયેલી એક વાત શેર કરી છે. ભારતી સિંહે જણાવ્યું કે જ્યારે શાહરૂખ ખાન તેના બાળપણના પાત્ર લલ્લીના ગેટઅપમાં આવ્યો ત્યારે તે ભાવુક થઈ ગઈ.

જ્યારે શાહરુખ ‘લલ્લી’ બન્યો, ત્યારે હું ભાવુક થઈ ગઈ - ભારતી ઠગેશ શોમાં વાત કરતી વખતે ભારતીએ કહ્યું, હું આ ઈન્ડસ્ટ્રીમાં નવી હતી. મને શંકા હતી કે શાહરુખ ખરેખર ‘લલ્લી’નું પાત્ર ભજવી શકશે કે નહીં. મને તેમના વિશે ખબર નહોતી. તો, મેં તેમને પૂછ્યું, ‘સાહેબ, શું તમે ‘લલ્લી’ જેવા કપડાં પહેરશો?’ અને તેણે તરત જ કહ્યું - હા. જ્યારે મેં તેને વિગ આપી, ત્યારે તેણે મારા પાત્રનો સંપૂર્ણ પોશાક પણ માગ્યો. જ્યારે તેણે કપડાં પહેર્યા, ત્યારે હું મારા આંસુ રોકી શકી નહીં.

‘હું એક ગરીબ પરિવારમાંથી આવી છું’ ભારતીએ કહ્યું, ‘હું અમૃતસરના એક ગરીબ પરિવારમાંથી મુંબઈ આવી હતી, અને અહીં હું શાહરુખ ખાન પાસેથી કંઈક માગી રહી હતી.’ તેણે બરાબર મારા કહેવા પ્રમાણે કર્યું. આ મારા જીવનનો ગોલ્ડન દિવસ હતો. હું તેમની મોટી ફેન છું.

સોશિયલ મીડિયા પર ફરી વાઈરલ થયો વીડિયો શાહરુખ ખાન કોમેડી નાઈટ્સ બચાઓ શોમાં ગેસ્ટ તરીકે આવ્યો હતો. આ શોનો એક વીડિયો ફરી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં શાહરૂખ ‘લલ્લી’ના રૂપમાં જોવા મળી રહ્યો છે. ક્લિપમાં શાહરુખ મજાકમાં કહે છે, ‘પહેલાથી લોકો મને માચો હીરો સમજતા નથી.’ આ જોયા પછી, જે થોડા સમજતા હશે એ પણ હવે નહીં સમજે. શાહરુખ 2026 માં ફિલ્મ ‘કિંગ’માં જોવા મળશે શાહરુખ ખાન છેલ્લે ફિલ્મ “ડંકી” માં જોવા મળ્યો હતો. તે જ વર્ષે, એક્ટરની ‘પઠાણ’ અને ‘જવાન’ ફિલ્મોમાં પણ દેખાયા. બંને ફિલ્મો 2023 માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ખૂબ જ સારો દેખાવ કર્યો. વર્ષ 2026 માં શાહરુખ ફિલ્મ ‘કિંગ’માં જોવા મળશે. આ ફિલ્મમાં શાહરૂખની પુત્રી સુહાના ખાન પણ તેની સાથે જોવા મળશે. આ ફિલ્મ ઈદના અવસર પર રિલીઝ થશે



# સમય રૈનાનાં ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ પર વિવાદ...

## શોના કન્ટેસ્ટન્ટે કહ્યું- અરુણાચલના લોકો ડોગ મીટ ખાય છે, FIR દાખલ થઈ અને તાત્કાલિક કાર્યવાહીની માગ ઉઠી

(એજન્સી) મુંબઈ | તા.04

સ્ટેન્ડ અપ કોમેડિયન સમય રૈનાનો કોમેડી શો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ કાયદાકીય મુશ્કેલીમાં ફસાયેલો હોય તેવું લાગે છે. શોના એક કન્ટેસ્ટન્ટ દ્વારા કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી અંગે FIR દાખલ કરવામાં આવી છે.

‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ’ એક ફેમસ શો છે જે યૂટ્યુબ પર સ્ટ્રીમ થાય છે.

‘અરુણાચલ પ્રદેશના લોકો ડોગ મીટ ખાય છે’ આ શોમાં, અરુણાચલ પ્રદેશની રહેવાસી જેસી નાબામે તેમના રાજ્યના ફૂડ હેબિટને લઈ કોમેન્ટ કરી હતી.

‘મેમ્બર્સ ઓન્લી’ એપિસોડ દરમિયાન, સમય રૈનાએ તેમને પૂછ્યું કે શું તેમણે ક્યારેય ડોગ મીટ ખાધું છે. આ પ્રશ્નના જવાબમાં જેસી કહે છે, ‘અરુણાચલ પ્રદેશના લોકો ડોગ મીંટ ખાય છે, પણ મેં ક્યારેય સ્વાદ નથી ચાખ્યો.’ પોતાની વાત આગળ વધારતા, જેસી કહે છે કે મને ખબર છે કારણ કે મારા મિત્રો તે ખાય છે. તેઓ ક્યારેક તેમના પાલતુ પ્રાણીઓને પણ ખાઈ જાય છે. આ સાંભળીને, સમય આશ્ચર્યચકિત થઈ જાય છે જ્યારે શોના બીજા જજ, બલરાજ કહે છે કે તમે ફક્ત આ કહેવા ખાતર કહી રહ્યા છો ને? પછી જેસી કહે છે કે ના,ના હું સાચું કહી રહી છું.

FIRમાં તાત્કાલિક કાર્યવાહીની માગ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી FIRની નકલ દર્શાવે છે કે કેસ 31 જાન્યુઆરીએ નોંધવામાં આવ્યો હતો. આ ફરિયાદ અરુણાચલ પ્રદેશના પૂર્વ કામેંગ જિલ્લાના રહેવાસી અરમાન રામ વેલી બખા દ્વારા દાખલ કરવામાં આવી છે. આ FIR ઈટાનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને સંબોધીને લખાયેલી છે. FIRમાં કહેવામાં આવ્યું છે કે જેસીએ અરુણાચલ પ્રદેશના લોકો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. આ કેસમાં તાત્કાલિક પગલાં લેવા જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ જેસી જેવું વર્તન ન કરે. આ શોને પ્રતિ એપિસોડ સરેરાશ 20 મિલિયન વ્યૂઝ મળે છે સમય રૈનાનો આ શો તેની ડાર્ક કોમેડી કારણે હેડલાઈન્સમાં રહે છે.

# ‘દેવા’ ઓપનિંગ બાદ પણ ‘સ્કાય ફોર્સ’ સામે ન ટકી

## શાહિદની ફિલ્મ 4 દિવસમાં માત્ર 21 કરોડની કમાણી કરી, ‘સ્કાય ફોર્સ’ 100 કરોડ ક્લબમાં પહોંચી

(એજન્સી) મુંબઈ | તા.04

શાહિદ કપૂર અને પૂજા હેગડે સ્ટારર ફિલ્મ ‘દેવા’ 31 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મે 4 દિવસમાં 21 કરોડ રૂપિયાની કમાણી કરી છે. રિલીઝના ચોથા દિવસે, ફિલ્મે ફક્ત 2.25 લાખ રૂપિયાની કમાણી કરી. બીજી તરફ, અક્ષય કુમારની ફિલ્મ ‘સ્કાય ફોર્સે’ રિલીઝના 11મા દિવસે 1.35 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

બોક્સ ઓફિસ ટ્રેકર વેબસાઈટ sacnilkના રિપોર્ટ અનુસાર, શાહિદ કપૂરની ફિલ્મ ‘દેવા’એ ચોથા દિવસે 2 કરોડ 25 લાખ રૂપિયાની કમાણી કરી. આ સાથે, ફિલ્મનું કુલ ભારતીય કલેક્શન 21.35 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. સપ્તાહના અંતે ‘દેવા’ની કમાણીમાં ઉછાળો જોવા મળ્યો ફિલ્મ ‘દેવા’એ 5.5 કરોડની ઓપનિંગ કરી હતી અને પહેલા રવિવારે 7.25 કરોડની કમાણી કરી હતી. જોકે, સોમવારે કમાણીમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આ ફિલ્મનું બજેટ 50 કરોડ રૂપિયા છે. પહેલા સપ્તાહના અંતે કમાણીમાં ઘટાડો થવાને કારણે ફિલ્મનું બજેટ રિકવર કરવું મુશ્કેલ લાગે છે. સ્કાય ફોર્સ 100 કરોડ ક્લબમાં પહોંચી ગયું અક્ષય કુમાર અને વીર પહાડિયા સ્ટારર ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ 24 જાન્યુઆરીએ રિલીઝ થઈ છે. આ ફિલ્મે રિલીઝના 11મા




દિવસે 1.35 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે, ફિલ્મનું કુલ કલેક્શન 101.35 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. બીજા સપ્તાહના અંતે, ફિલ્મે સ્થાનિક બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાના ક્લબમાં પ્રવેશ કર્યો. આ ફિલ્મે વિશ્વભરમાં 129 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

# સોનુ નિગમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યો

(એજન્સી) મુંબઈ | તા.04

સિંગર સોનુ નિગમે સોમવાર, 3 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યો. આ દરમિયાન, તેણે રાષ્ટ્રપતિ ભવનના ઓપન થિયેટરના ઉદ્ઘાટન પ્રસંગે પર્ફોમન્સ કર્યું. આના એક દિવસ પહેલાં જ પુણેમાં એક કોન્સર્ટ દરમિયાન સોનુ નિગમની તબિયત બગડી ગઈ હતી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

રાષ્ટ્રપતિ કાર્યાલયે કાર્યક્રમના ફોટા શેર કર્યા રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા ટ્વિટર પર એક પોસ્ટ શેર કરવામાં આવી છે, જેમાં લખ્યું છે કે, ‘ફેમસ સિંગર અને મ્યુઝિક ડિરેક્ટર સોનુ નિગમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા. રાષ્ટ્રપતિ ભવન દિવસ નિમિત્તે તેણે રાષ્ટ્રપતિ ભવનમાં નવા બનેલા ઓપન એર થિયેટરમાં પણ પરફોર્મ કર્યું હતું.

‘કોન્સર્ટ દરમિયાન મને પીઠનો દુખાવો થયો હતો’ સોનુ નિગમે સોમવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે બેડ પર સૂતો જોવા મળ્યો હતો. તેણે કહ્યું, ‘આ મારા જીવનનો સૌથી મુશ્કેલ દિવસ હતો, પણ તે સંતોષથી ભરેલો હતો. હું ગાતો હતો અને ઊછળકૂદ કરતો હતો, જેના કારણે મારી કમર જકડાઈ ગઈ, પણ મેં કોઈક રીતે તેને કાબૂમાં રાખી. હું ક્યારેય લોકોની અપેક્ષા કરતાં ઓછું આપવા માગતો નથી. માટે મેં મારું બેસ્ટ આપવાનો પ્રયાસ કર્યો. સિંગિગ માટે ઘણા પુરસ્કારો જીત્યા છે સ્ટેજ સિંગર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર સોનુ નિગમે ‘મોર્ડન રફી’નું બિરુદ મેળવ્યું છે.

# વરુણની ભત્રીજી અંજિનીને સિકંદરમાં તક મળી




મુંબઈ : વરુણ ધવનની ભત્રીજી અંજિની ધવનને સલમાન ખાન સાથે ‘સિકંદર’ ફિલ્માં સ્ક્રીન શેર કરવાની તક મળી છે. વરુણ ધવન બોલીવૂડનો એવરેજ એક્ટર ગણાય છે અને એક્ટિંગ સ્કિલ્સ કે કમર્શિઅલ સફળતાની રીતે પણ તેણે ખાસ કોઈ મોટી સિદ્ધિ હાંસલ કરી નથી. આમ છતાં પણ ફિલ્મી પરિવારમાંથી આવતો હોવાથી તેને એક પછી એક ફિલ્મો મળ્યે જાય છે. હવે અંજિની પણ પરિવારના સંપર્કોના આધારે ફિલ્મો મેળવી રહી છે. અગાઉ તે ‘બિન્ની એન્ડ ફેમિલી’ ફિલ્મથી ડેબ્યૂ કરી રહી છે અને હવે તેણે જાતે જ જાહેર કર્યું છે તેમ તે સલમાન ખાન સાથે ‘સિકંદર’ ફિલ્મમાં સ્ક્રીન શેર કરવાની છે. આગામી ઈદ વખતે રીલિઝ થનારી આ ફિલ્મમાં રશ્મિકા મંદાના અને કાજલ અગ્રવાલની પણ ભૂમિકાઓ છે. આ સંજોગોમાં અંજિનીનો રોલ બહુ ટૂંકો હશે તે અપેક્ષિત છે.



## વધુ એક બોલીવૂડ સ્ટાર દ્વારા પ્રોપર્ટી ડીલ : મુંબઈના પોશ બાંદરા વિસ્તારના સોનાક્ષીને પાંચ વર્ષમાં 61 ટકા વળતર

# સોનાક્ષીએ 14 કરોડનો ફ્લેટ 22 કરોડમાં વેંચ્યો



મુંબઈ : ફિલ્મ અભિનેત્રી સોનાક્ષી સિંહાએ મુંબઈના બાંદરા વિસ્તારમાં આવેલો તેનો ફલેટ ૨૨ કરોડમાં વેચી દીધો છે. આ જ બિલ્ડિંગમાં સોનાક્ષીના બે ફલેટ હતા. તેમાંથી એક તેણે વેચી દીધો છે. સોનાક્ષીએ મે ૨૦૨૦માં ૧૪ કરોડ રુપિયામાં આ ફલેટ ખરીદ્યો હતો. આમ પાંચ વર્ષમાં તેને ૬૧ ટકાનું વળતર મળ્યું છે. આ ફલેટ ૪૨૧૧ સ્કવેર ફૂટનો છે. તેની સાથે ત્રણ કાર પાર્કિંગ પણ એલોટ કરાયાં છે. સોનાક્ષીના આ પ્રોપર્ટી સોદામાં ૧.૩૫ કરોડની સ્ટેમ્પ ડયૂટી ચૂકવાઈ છે.

બોલીવૂડમાં છેલ્લા કેટલાય સમયથી પ્રોપર્ટી સોદા થઈ રહ્યા છે. શ્રદ્ધા કપૂર, માધુરી દીક્ષિત અને અમિતાભ બચ્ચને પણ તાજેતરમાં મોટાપાયે પ્રોપર્ટીની લે વેચ કરી છે.

# પપ્પાના કારણે મળે છે કામ, સોશિયલ મીડિયા પર હોવું જરૂરી નથી: આમિરના દીકરા જુનૈદની કબૂલાત

(એજન્સી) મુંબઈ | તા.04

આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનની અંદર એક્ટિંગને લઈને ખૂબ ટેલેન્ટ છે. તે ઘણા થિયેટર પ્લે કરવાની સાથે ફિલ્મોમાં પણ પોતાનું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેની નવી ફિલ્મ ‘લવયાપા’ ટૂંક સમયમાં થિયેટર્સમાં રિલીઝ પણ થવાની છે જેના પ્રમોશનમાં તે વ્યસ્ત છે.

પિતા આમિર ખાનના કારણે મળી રહ્યો છે ખાસ ફાયદો જુનૈદે કહ્યું કે ‘હું આજે જ્યાં પહોંચ્યો છું, તે મારા પિતા આમિર ખાનના કારણે જ પહોંચી શક્યો છું. હું નસીબવાળો છું કે મને સોશિયલ મીડિયા ફોલોઈંગ વિના પણ પ્રોડ્યુસર ફિલ્મો આપે છે. આ તેમનો ખાસ ફાયદો છે. હું હવે એવા સ્ટેજ પર છું જ્યાં મે સોશિયલ મીડિયા પર ન રહેવાનું યોગ્ય સમજ્યું. મને નથી લાગતું કે મોટાભાગના એક્ટર્સને આ ખાસ ફાયદો મળતો હશે, પ્રોડ્યુસર્સ મારી પબ્લિક પ્રેજેન્સ ન હોવા છતાં મને કામ આપે છે. મને નથી લાગતું કે કોઈ અન્યની સાથે આવું થતું હશે. મને આ ખાસ ફાયદો મે જે પરિવારથી આવું છું તેના કારણે મળ્યો છે.’



**જુનૈદ ફ્રી માં ફિલ્મો રિલીઝ કરવા ઈચ્છતો હતો :** થોડા સમય પહેલા જુનૈદે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે હું વધુથી વધુ લોકો સુધી પોતાની ફિલ્મો પહોંચાડવા માગુ છું. જેના માટે મારું માનવું છે કે એક ફિલ્મને ફ્રી માં યુટ્યુબ પર રિલીઝ કરી દેવી જોઈએ. ઓટીટી અને થિયેટરમાં પણ કોઈ ફરક નથી કેમ કે હું એક એક્ટર છું. જુનૈદ ઘણી વખત પોતાના વિચાર સ્પષ્ટ અને સીધી રીતે લોકોની સામે મૂકતો આવ્યો છે. જેના કારણે લોકો તેના વખાણ પણ કરે છે. જુનૈદની નવી ફિલ્મ લવયાપા 7 ફેબ્રુઆરીએ થિયેટર્સમાં રિલીઝ થશે. તેની સાથે ફિલ્મમાં એક્ટ્રેસ ખુશી કપૂર પણ જોવા મળવાની છે.

# ફેક ન્યૂઝથી કંટાળ્યો બચ્ચન પરિવાર: આરાધ્યાએ અરજી દાખલ કરતાં કોર્ટે ગૂગલને પાઠવી નોટિસ

(એજન્સી) મુંબઈ | તા.04

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી આરાધ્યા બચ્ચને દિલ્હી હાઈકોર્ટમાં ફરીથી નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં આરાધ્યાએ વિનંતી કરી કે ‘મારી હેલ્થને લઈને અલગ-અલગ વેબસાઈટ પર ચાલી રહેલી ફેક અને ભ્રમિત કરનારી જાણકારી ઘણા પોર્ટલ્સ પર અત્યાર સુધી હાજર છે. જેને ઝડપથી હટાવવામાં આવે.’ અરજી પર કોર્ટ તરફથી નોટિસ જારી કરવામાં આવી છે.

આરાધ્યાએ પોતાની અરજીમાં મામલા પર સંક્ષિપ્ત નિર્ણયની માગ કરી છે. જેના જવાબમાં કોર્ટમાં સોમવારે સુનાવણી થઈ, જે બાદ ગૂગલ સહિત અન્ય વેબસાઈટને નોટિસ મોકલવામાં આવી. નોટિસમાં એ તર્ક આપવામાં આવ્યો છે કે ફેક જાણકારી અપલોડ કરનારે કોર્ટમાં હાજરી આપી નથી અને બચાવનો તેમનો અધિકાર પહેલા જ બંધ થઈ ચૂક્યો છે. મામલા પર આગામી સુનાવણી 17 માર્ચ 2025એ થશે. અમિતાભ બચ્ચનની પૌત્રી આરાધ્યા બચ્ચને પોતાના પિતા અભિષેક બચ્ચનની મદદથી એપ્રિલ 2023માં કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.



# જસપ્રીત બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી થઈ શકે બહાર

## પીઠમાં ખેંચનો આંચકો ઈન્ડિયાને લાગ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ શકે છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસની છેલ્લી ટેસ્ટમાં તેને પીઠમાં ખેંચ આવી હતી. તે પીડાથી પરેશાન હતો. એક સિલેક્ટરે ભાસ્કરને જણાવ્યું કે, બુમરાહ માટે ચેમ્પિયન્સ ટ્રોફી સુધી તેની પીઠની ઈજામાંથી બહાર આવવું મુશ્કેલ છે. તે ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીની એક પણ મેચ રમી શકશે નહીં. જો તે ફિટ ન હોય તો તેના સ્થાને હર્ષિત રાણાને ટીમમાં સામેલ કરી શકાય છે.

વાસ્તવમાં બુમરાહને ઈંગ્લેન્ડ સામેની છેલ્લી વનડે મેચ માટે ટીમમાં રાખવામાં આવ્યો હતો. આ મેચ 12 ફેબ્રુઆરીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. અહીં, બુમરાહ સોમવારે તેની પીઠની ઈજાની તપાસ કરાવવા બેંગલુરુ પહોંચ્યો છે. તે BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં 2-3 દિવસ સુધી મેડિકલ ટીમના નિરીક્ષણ હેઠળ રહેશે. બુમરાહની ફિટનેસ પર કામ ચાલી રહ્યું છે, જો તે સમયસર ફિટ થઈ જશે તો તે ટીમમાં રહેશે.

સિડની ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં બુમરાહ માત્ર થોડી જ ઓવર નાંખી શક્યો હતો. કમરના દુખાવાના કારણે તે બહાર ગયો હતો. બુમરાહે આ સિરીઝની 9 ઈનિંગ્સમાં 32 વિકેટ લીધી હતી. તે સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર અને ટૂર્નામેન્ટનો ખેલાડી હતો.ભારતની પસંદગી સમિતિએ 18 જાન્યુઆરીએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરી હતી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા જસપ્રિત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પસંદગી સમિતિએ બુમરાહના બેકઅપ તરીકે અર્શદીપ સિંહને રાખ્યો હતો.

સિડની ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં બુમરાહ માત્ર થોડી જ ઓવર નાંખી શક્યો હતો. કમરના દુખાવાના કારણે તે બહાર ગયો હતો. બુમરાહે આ સિરીઝની 9 ઈનિંગ્સમાં 32 વિકેટ લીધી હતી. તે સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર અને ટૂર્નામેન્ટનો ખેલાડી હતો. બુમરાહ 2023 ODI વર્લ્ડ કપમાં ઈજામાંથી પરત ફર્યો હતો. તે 2024માં T20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો ભાગ હતો. તેણે ટૂર્નામેન્ટની 8 મેચમાં કુલ 15 વિકેટ લીધી હતી. ફાઈનલમાં પણ તેણે રીઝા હેન્ડ્રીક્સ અને માર્કો યેન્સનની મહત્વની વિકેટ લીધી હતી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ પણ મળ્યો હતો.

# હાર્દિકના એક સવાલ પર સ્મૃતિ મંધાનાએ શરમાઈને આપ્યો જવાબ

(એજન્સી) મુંબઈ | તા 04

BCCI નમન એવોર્ડમાં હાર્દિક પંડ્યા અને સ્મૃતિ મંધાના વચ્ચે ફની વાતચીત થઈ હતી. સ્ટાર ઓલરાઉન્ડર ડ્રેસિંગ રૂમમાં સ્મૃતિ મંધાના ફેવરિટ ટોપ-3 ગીતો વિશે સવાલ પૂછ્યો. જાણો સ્મૃતિ મંધાનાએ આ સવાલ પર શું જવાબ આપ્યો, જાણો આ આર્ટીકલમાં.

શનિવારે મુંબઈમાં ભારતીય ક્રિકેટના સુપર સ્ટાર્સનો મેળાવડો હતો. પ્રસંગ હતો BCCIના વાર્ષિક નમન એવોર્ડનો. મહાન બેટ્સમેન સચિન તેંડુલકર, સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ, રવિચંદ્રન અશ્વિનની સાથે તનુષ કોટિયન જેવા યુવા ખેલાડીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ભારતીય મહિલા ટીમની દિગ્ગજ બેટ્સમેન સ્મૃતિ મંધાના અને સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા વચ્ચેની ફની વાતચીતનો વીડિયો વાયરલ થયો હતો. ખરેખર, સ્મૃતિ મંધાનાએ 2023-24ની સર્વશ્રેષ્ઠ મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટરનો એવોર્ડ જીત્યો હતો. સ્મૃતિ મંધાના, જે ICC મહિલા ODI ક્રિકેટર ઓફ ધ યર હતી, તેણે 2024 કેલેન્ડર વર્ષમાં ચાર સદી સાથે 743 રન બનાવ્યા છે. 28 વર્ષની મંધાનાએ 57.86ની એવરેજ અને 95.15ની શાનદાર સ્ટ્રાઈક રેટથી સ્કોર કર્યો છે. આ દરમિયાન સ્ટેજ પર કેટલીક રસપ્રદ વાતચીત પણ થઈ. સુટ અને બૂટમાં હાર્દિક પંડ્યા સ્ટેજ પર સ્મૃતિ મંધાના અને જેમિમાહ રોડ્રિગ્ઝ સાથે બેઠો હતો. હાર્દિક પંડ્યાએ સ્મૃતિ મંધાનાને ડ્રેસિંગ રૂમમાં તેના ટોપ 3 ગીતો વિશે પૂછ્યું. જેના પર સ્મૃતિએ પહેલા સંકોચ અનુભવ્યો, પછી પોતાની લાગણી વ્યક્ત કરી. સ્મૃતિએ કહ્યું, 'મને લાગે છે કે પ્લેલિસ્ટ બનાવનારી હું છેલ્લી વ્યક્તિ છું, કારણ પછી સેડ સોંગ છે. મને ખબર નથી કે મને આ ગીતો ગમે છે કે નહીં.



# 'ઠોકો તાલી', નવજોતસિંહ સિદ્ધુએ 5 મહિનામાં ઘટાડ્યું 33 કિલો વજન

(એજન્સી) નવી દિલ્હી | તા 04

પૂર્વ ભારતીય ક્રિકેટર અને નવજોત સિંહ સિદ્ધુએ 5 મહિનામાં 33 કિલો વજન ઘટાડ્યુ છે. સિદ્ધુએ તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેની વેટ લોસ જર્ની વિશે તેની બિફોર આફ્ટર ફોટો શેર કરી જણાવ્યુ છે. 61 વર્ષની ઉમરે સિદ્ધુનું આ ટ્રાન્સફોર્મેશન જોઈ સહુ કોઈ તેની પ્રશંસા કરી રહ્યા છે.



હવે સવાલ એ છે કે સિદ્ધુએ તેનુ વજન કેવી રીતે ઘટાડ્યુ. આપને જણાવી દઈએ કે સિદ્ધુએ વેટ ટ્રેનિંગની સાથે વોકિંગને પણ તેના રૂટિનમાં સામેલ કર્યુ હતુ. આ સાથે જ સિદ્ધુએ તેના ડાયેટને પણ એ પ્રમાણે મોલ્ડ કર્યુ કે તેમનુ વજન ઘટે. પૂર્વ ક્રિકેટરે તેના માટે સ્ટ્રિક્ટ ડાયેટ ફોલો કર્યુ. તેમણે તેની વેટ લોસ જર્નીનું પાછળ મુખ્ય પરિબળ યોગા, એક્સરસાઈઝ, પ્રાણાયામને ગણાવ્યુ અને તેને વેટલોસનું તમામ ક્રેડિટ આપ્યુ છે.સિદ્ધુએ લખ્યુ છે કે ઓગસ્ટ બાદથી પાંચ મહિનાથી પણ ઓછા સમયમાં મે મારુ 33 કિલો વજન ઓછુ કર્યુ છે. આ વિલપાવર, દ્દઢ સંકલ્પ પ્રોસેસ અને પ્રાણાયામ, વેટ ટ્રેનિંગ અને કલાકોનું વોકિંગ અને સ્ટ્રિક્ટ ડાયેટના કારણે શક્ય બન્યુ છે. અશક્ય કંઈ જ નથી દોસ્તો.

# ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલમાં આ 4 ટીમ વચ્ચે થશે ટક્કર : ગાંગુલીએ કરી ભવિષ્યવાણી

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને ભવિષ્યવાણી કરી હતી. ગાંગુલીએ ચેમ્પિયન્સ ટ્રોફીની ટોપ-4 ટીમ જે સેમીફાઈનલમાં પહોંચશે, તેને લઈ પોતાનો અભિપ્રાય આપ્યો છે. ખાસ વાત એ છે કે દાદાએ યજમાન દેશ પાકિસ્તાનનું નામ ટોપ-4 ટીમમાં સામેલ નથી



ચાર સેમીફાઈનલિસ્ટ ટીમોના નામ આપ્યા હતા. ગાંગુલીએ પોતાની ભવિષ્યવાણીમાં ચાર સેમી ફાઈનલિસ્ટ ટીમોમાં પાકિસ્તાનનું નામ સામેલ કર્યું નથી. તમને જણાવી દઈએ કે પાકિસ્તાન ટૂર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. આ સિવાય આ વખતે પાકિસ્તાનની ટીમ પણ ટૂર્નામેન્ટની યજમાની કરી રહી છે.

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટને પોતાની ભવિષ્યવાણીમાં સૌથી પહેલા ટીમ ઈન્ડિયાનું નામ લીધું હતું. આ સિવાય તેમણે બાકીની ત્રણ ટીમોમાં ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ કર્યો હતો. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ગાંગુલીની આગાહી કેટલી સાચી સાબિત થાય છે. 19 ફેબ્રુઆરીથી ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થશે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે કરાચીમાં રમાશે. ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયાની પ્રથમ મેચ 20 ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે યોજાશે. બીજી મેચ 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે થશે. ટૂર્નામેન્ટની ફાઈનલ 09 માર્ચે રમાશે. ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી 8 ટીમને બે ગ્રૃપમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ-Aમાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ, ભારત અને પાકિસ્તાન અને ગ્રૂપ-Bમાં દક્ષિણ આફ્રિકા, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડને રાખવામાં આવ્યા છે. ગાંગુલીએ ચેમ્પિયન્સ ટ્રોફીની ટોપ-4 ટીમ જે સેમીફાઈનલમાં પહોંચશે, તેને લઈ પોતાનો અભિપ્રાય આપ્યો છે. ખાસ વાત એ છે કે દાદાએ યજમાન દેશ પાકિસ્તાનનું નામ ટોપ-4 ટીમમાં સામેલ નથી કર્યું. જાણો ગાંગુલીએ કઈ ચાર ટીમોને સેમીફાઈનલમાં સ્થાન આપ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. આ ટુર્નામેન્ટ 19મી ફેબ્રુઆરીથી શરૂ થશે. આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાન કરશે, પરંતુ ટીમ ઈન્ડિયા તેની મેચો દુબઈમાં રમશે. ટૂર્નામેન્ટ પહેલા આગાહીનો રાઉન્ડ વધુ તીવ્ર બન્યો છે. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને BCCIના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ પણ ચેમ્પિયન્સ ટ્રોફી વિશે ટીમોના નામ આપ્યા હતા. ગાંગુલીએ પોતાની ભવિષ્યવાણીમાં ચાર સેમી ફાઈનલિસ્ટ ટીમોમાં પાકિસ્તાનનું નામ સામેલ કર્યું નથી. તમને જણાવી દઈએ કે પાકિસ્તાન ટૂર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.

# સંજુ સેમસનને થઈ ગંભીર ઈજા, આ મોટી મેચમાંથી થયો બહાર

(એજન્સી) મુંબઈ | તા 04

ભારતીય ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી શાનદાર રીતે સમાપ્ત કરી હતી. મુંબઈમાં રમાયેલી છેલ્લી મેચમાં અભિષેક શર્માની વિસ્ફોટક સદીના આધારે ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને 150 રનથી હરાવીને શ્રેણી 4-1થી જીતી લીધી હતી. ટીમ ઈન્ડિયા અને પ્રશંસકોએ જીતની જોરશોરથી ઉજવણી કરી હતી. પરંતુ હવે એવું લાગે છે કે આ શાનદાર સફળતાનો સ્વાદ થોડો ફિક્કો પડી ગયો છે કારણ કે ટીમનો સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસન ઈજાગ્રસ્ત થઈ ગયો છે અને હવે તેના માટે આગામી કેટલાક અઠવાડિયા સુધી મેદાન પર પરત ફરવું મુશ્કેલ છે.સેમસનને વાનખેડે સ્ટેડિયમમાં રવિવાર 2 ફેબ્રુઆરીએ રમાયેલી T20 શ્રેણીની પાંચમી અને છેલ્લી મેચમાં આ ઈજા થઈ હતી. પ્રથમ બેટિંગ કરતા સંજુ સેમસને ટીમ ઈન્ડિયા માટે ઈનિંગની શરૂઆત કરી અને જોફ્રા આર્ચરના પહેલા જ બોલ પર સિક્સર ફટકારી. પરંતુ ઓવરના ત્રીજા બોલ પર ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલરે સંજુ સેમસનને મુશ્કેલીમાં મૂકી દીધો હતો. બોલ સીધો સંજુના ગ્લોઝ પર વાગ્યો,



જેના કારણે તેની આંગળીમાં ઈજા થઈ. આવા સમયે ટીમ ઈન્ડિયાના ફિઝિયોએ મેદાનમાં ઉતરીને થોડો સમય તેની તપાસ કરી અને દર્દને અમુક હદ સુધી ઓછું કર્યું. જો કે સંજુ બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયો હતો.જો કે, ત્યાં સુધી આ ઈજા બહુ ગંભીર દેખાઈ ન હતી, પરંતુ જ્યારે તે બીજી ઈનિંગમાં મેદાન પર આવ્યો ન હતો, ત્યારે લાગ્યું કે સ્થિતિ સારી નથી. તેની જગ્યાએ ભારતીય બોલિંગ દરમિયાન ધ્રુવ જુરેલે વિકેટકીપિંગ કરી હતી. હવે સમાચાર એજન્સી PTIના અહેવાલમાં ખુલાસો થયો છે કે સેમસનને તેના જમણા હાથની છેલ્લી આંગળીમાં ફ્રેક્ચર થયું છે. રિપોર્ટ અનુસાર, સેમસનની આંગળીનું સ્કેન કરવામાં આવ્યું હતું.

# T20I માં એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા વિશ્વના 5 બેટ્સમેન

(એજન્સી) નવી દિલ્હી | તા 04

T20I માં એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા ટોચના 5 બેટ્સમેન, અભિષેકે તેની 135 રનની ઈનિંગમાં 54 બોલનો સામનો કર્યો. અભિષેકે પોતાની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 13 છગ્ગા ફટકાર્યા. ઈંગ્લેન્ડ સામેની પાંચમી T20 મેચમાં, અભિષેક શર્મા (અભિષેક શર્મા રેકોર્ડ) એ શાનદાર ઈનિંગ રમી અને 135 રન બનાવીને આઉટ થયો. અભિષેકે ૩૭ બોલમાં સદી ફટકારી હતી જે T-20 આંતરરાષ્ટ્રીયમાં કોઈ ભારતીય દ્વારા ફટકારવામાં આવેલી બીજી સૌથી ઝડપી સદી છે.



અભિષેકે ૧૩૫ રનની પોતાની ઈનિંગમાં ૫૪ બોલનો સામનો કર્યો. અભિષેકે પોતાની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 13 છગ્ગા ફટકારવામાં સફળતા મેળવી. આ T-20 આંતરરાષ્ટ્રીયમાં કોઈપણ ભારતીય દ્વારા બનાવેલ સૌથી વધુ સ્કોર છે. અભિષેકે શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો. ગિલે ૧૨૬ રનની ઈનિંગ રમી. આ ઉપરાંત, અભિષેક શર્મા T20 આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. તેણે રોહિત શર્માનો રેકોર્ડ તોડી નાખ્યો છે.રોહિતે 2017 માં શ્રીલંકા સામેની મેચ દરમિયાન તેની ઈનિંગમાં કુલ 10 છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે જ, અભિષેક T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર વિશ્વનો સંયુક્ત પાંચમો બેટ્સમેન બની ગયો છે. ચાલો જાણીએ વિશ્વના એવા પાંચ બેટ્સમેન વિશે જેમણે T20I ની એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકાર્યા છે.

# સૂર્યકુમાર કેપ્ટન તરીકે ખરાબ પર્ફોર્મન્સ આપનારો ખેલાડી

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ટીમ ઈન્ડિયામાંથી ધૂઆંધાર બેટિંગ માટે જાણીતા સૂર્યકુમાર યાદવે પોતાની જ કેપ્ટનશીપમાં કોઈ ખાસ પર્ફોર્મન્સ આપી શક્યો નથી. ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાયેલી પાંચ મેચની ટી20 સિરીઝમાં માત્ર 28 રન જ બનાવી શક્યો છે. આ સાથે તે કેપ્ટન તરીકે સૌથી ખરાબ બેટિંગ કરનાર ભારતીય ખેલાડી રહ્યો હતો.

ટીમ ઈન્ડિયાએ સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટી20 સિરીઝ 4-1થી જીતી હતી. પરંતુ બેટિંગમાં સૂર્યકુમાર નિષ્ફળ રહ્યો હતો. તેણે પાંચ ટી20માં માત્ર 28 રન જ બનાવ્યા હતાં. તેની એવરેજ પણ 5.60 રહી હતી. અગાઉ સૂર્યકુમાર યાદવે કેપ્ટનશીપમાં સાઉથ



આફ્રિકા સામેની ટી20 સિરીઝમાં 8.66ની એવરેજે રન બનાવ્યા હતાં. આ વખતે પણ તે કોઈ ખાસ કમાલ કરી શક્યો નહીં. સૂર્યકુમાર યાદવ સિરીઝમાં 5.60ની એવરેજે સૌથી રહ્યો છે. ગતવર્ષે પણ તે 8.66ની એવરેજમાં રન કરનારામાં રોહિત શર્મા બીજા ક્રમે છે. તેણે 2022માં દક્ષિણ આફ્રિકા સામે પોતાની જ કેપ્ટનશીપમાં 14.33ની એવરેજે 43 રન બનાવ્યા હતાં.

# કન્કશનનો વિવાદ, સુનીલે ટીમ ઈન્ડિયાને ખખડાવતા કહ્યું - 'છબિ બગાડતાં બચો'

નવી દિલ્હી તા 04

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી મેચમાં કન્કશન સબસ્ટિટ્યુટ જોવા મળ્યો હતો. અને તેના પર હજુ પણ વિવાદ ચાલી રહ્યો છે. જેને લઈને ટીમ ઈન્ડિયાની પણ ટીકા થઈ રહી છે, મેચ હાર્યા પછી પણ ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલર પણ આ નિર્ણયથી નાખુશ જોવા મળ્યા હતા. ત્યાર બાદ હવે સુનીલ ગાવસ્કરે કન્કશન સબસ્ટિટ્યુટ અંગે ટીમ ઈન્ડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ચોથી T20 મેચમાં શિવમ દુબેના હેલ્મેટ પર બોલ વાગ્યો હતો. જોકે, દુબેએ અંત સુધી બલ્લેબાજી કરી હતી, પરંતુ ફિલ્ડિંગ દરમિયાન કોન્કશન સબસ્ટિટ્યુટ તરીકે હર્ષિત રાણાને



સામેલ કરવામાં આવ્યો હતો. જેના પર વિવાદ ઉભો થયો છે. જેને લઈને ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કરે કહ્યું કે, 'પુણેમાં રમાયેલી મેચમાં હેલ્મેટ પર બોલ વાગ્યા પછી પણ દુબેએ અંત સુધી બેટિંગ કરી હતી. એટલે સ્પષ્ટપણે તેને ઈજા થઈ ન હતી. તેથી, ઈજાને કારણે અવેજી ખેલાડીને મંજૂરી આપવી યોગ્ય ન હતી. હા, જો બેટિંગ કરતી વખતે તેને સ્નાયુઓમાં ખેંચાણ આવી હોત તો, તે એક વિકલ્પ હોઈ શકે છે, પરંતુ તે માત્ર ફિલ્ડિંગ માટે હોત અને તે બોલિંગ કરી શક્યો ન હોત.'

ગાવસ્કરનું માનવું છે કે, 'શિવમ દુબે અને હર્ષિત રાણા એક જેના ખેલાડી નથી અને આ નિર્ણયથી ઈંગ્લેન્ડ ગુસ્સે અને નિરાશ થાય તે યોગ્ય છે. ગાવસ્કરે ભારતીય ટીમને ખખડાવતાં કહ્યું કે તેઓ એક શાનદાર ટીમમાંથી છે અને આ પ્રકારની હરકતો કરીને તેમની છબી ખરાબ કરવાની જરૂર નથી.'ત્યાર બાદ હવે સુનીલ ગાવસ્કરે કન્કશન સબસ્ટિટ્યુટ અંગે ટીમ ઈન્ડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે.

# ગંભીરે ટીમ ખેલાડીઓના કર્યા ભરપેટ વખાણ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ટીમ ઈન્ડિયાના મુખ્ય હેડ કોચ ગૌતમ ગંભીરે હવે રાહતનો શ્વાસ લીધો છે, કારણ કે સતત બે ટેસ્ટ સીરિઝ હાર્યા બાદ ટીમ ઈન્ડિયાને વ્હાઈટ બોલ સીરિઝમાં સફળતા મળી છે. ભારતે પાંચ મેચની T20 સીરિઝમાં ઈંગ્લેન્ડને 4-1થી હરાવ્યું છે. હવે આ જીત બાદ ગંભીરે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના ભરપેટ કર્યા છે. આ જીત બાદ ગૌતમ ગંભીરે કહ્યું કે, 'અમે મેચ હારવાથી ડરીશું નહીં. અમે 250-260 રન બનાવવા માગીએ છીએ અને જો આ દરમિયાન 120 રન પર આઉટ થઈ જઈએ તો પણ તે ખરાબ વાત નથી.'

ઈંગ્લેન્ડ એક હાઈ ક્વોલિટી વાળી ટીમ ગૌતમ ગંભીરે આગળ કહ્યું કે, 'ઈંગ્લેન્ડ એક ખૂબ જ હાઈ ક્વોલિટી વાળી ટીમ છે. અમે મેચ



હારવાથી ડરવા નથી માગતા. અમે 250-260ના સ્કોર સુધી પહોંચવા માગીએ છીએ અને ક્યારેક અમે 120 રનમાં આઉટ થઈ જઈએ છીએ, પરંતુ અમે સાચા માર્ગ પર છીએ. અમે આગળ પણ આવું જ કરીશું, અમે નિડર ક્રિકેટ રમવું પડશે. અમે અભિષેક શર્મા જેવા ખેલાડીઓનું સમર્થન કરવા માગીએ છીએ. આપણે આ છોકરાઓ સાથે ધૈર્ય રાખવું પડશે, તેમનું સમર્થન કરતા રહેવું મહત્વપૂર્ણ છે.

# ચહલે ધનશ્રીને આપ્યો દગો? એક્ટ્રેસને કર્યું હતું પ્રપોઝ! અભિનેત્રીએ કર્યો ખુલાસો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડાના સમાચાર સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં છે. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે બોલીવુડ એક્ટ્રેસ ઝારા યાસ્મીન યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા વચ્ચે આવી હતી. આ કારણે યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા વચ્ચે સંબંધોમાં કડવાશ વધી ગઈ. પરંતુ આ દાવાઓમાં કેટલી સત્યતા છે? શું ખરેખર ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને બોલીવુડ એક્ટ્રેસ ઝારા યાસ્મીન વચ્ચે કોઈ અફેર ચાલી રહ્યું છે? શું યુઝવેન્દ્ર ચહલે ઝારા યાસ્મીનને પ્રપોઝ કર્યું હતું? ઝારા યાસ્મીને આ બધા સવાલોના જવાબ આપ્યા. 'તે અને યુઝવેન્દ્ર ચહલ સારા મિત્રો છે, પણ...'



ઝારા યાસ્મીને આ અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢી. તેણે કહ્યું કે તે અને યુઝવેન્દ્ર ચહલ સારા મિત્રો છે, પરંતુ તેમની વચ્ચે કોઈ પણ પ્રકારનો રોમેન્ટિક સંબંધ નથી. કોરોના સમયગાળા દરમિયાન મેં યુઝવેન્દ્ર ચહલ સાથે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ સેશન કર્યું, જેમાં COVID-19 માટેના સલામતીના પગલાંની ચર્ચા કરવામાં આવી. આ સેશન પછી ચર્ચાઓએ જોર પકડવાનું શરૂ કર્યું. પરંતુ આવી બધી ચર્ચાઓ ખોટી અને પાયાવિહોણી હતી. તેણે એ પણ ખુલાસો કર્યો કે યુઝવેન્દ્ર ચહલે લાઈવ સેશન પછી તરત જ લગ્ન કરી લીધા, જેનાથી ચર્ચાઓને વધુ વેગ મળ્યો. 'આ ખોટી અફવાઓને કારણે શરમ અનુભવું છું...' ઝારા યાસ્મીન કહે છે કે આ ખોટી અફવાઓને કારણે તેને શરમ આવે છે, ખાસ કરીને જ્યારે યુઝવેન્દ્ર ચહલના લગ્ન પછી આ ચર્ચા વધુ ફેલાઈ. તેણે તેને માત્ર ખોટો આરોપ ગણાવ્યો. તમને જણાવી દઈએ કે ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડાના સમાચાર સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં છે. પરંતુ અત્યાર સુધી બંને કપલે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. પરંતુ સોશિયલ મીડિયા પર અટકળો ચાલુ છે.

# 'વિરાટ' દિલ, ફેન્સને ઘરમાં બોલાવીને આપ્યા ઓટોગ્રાફ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ભારતના દિગ્ગજ ખેલાડીઓમાંના એક વિરાટ કોહલીનો પોતાના ફેન્સ માટેનો પ્રેમ ફરી એકવાર જોવા મળ્યો છે. તેને ગુરુગ્રામ સ્થિત પોતાના ઘરની અંદર ફેન્સને આમંત્રણ આપ્યું અને ઓટોગ્રાફ આપીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. કેટલાક ફેન્સ તેમના મનપસંદ ક્રિકેટરની એક ઝલક મેળવવા માટે કલાકો સુધી રાહ જોતા હતા. સુધી જાગતા રહ્યા. કોહલીએ ફેન્સને ખૂબ જ ખુશી આપી, તેને તેમને ફક્ત પોતાના ઘરે આમંત્રણ આપ્યું જ નહીં, પરંતુ વ્યક્તિગત રીતે તેમને ઓટોગ્રાફ પણ આપ્યા. આ હૃદય સ્પર્શી ઘટનાની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે, જ્યાં વિશ્વભરના ક્રિકેટ પ્રેમીઓએ તેની પ્રશંસા કરી છે. વિરાટ કોહલી તાજેતરમાં રણજી ટ્રોફીમાં લાંબા સમયથી પછી પરત ફર્યો છે, જ્યાં તેને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના આદેશ પર લગભગ 13 વર્ષ પછી દિલ્હી માટે તેની પહેલી રણજી ટ્રોફી મેચ રમી હતી. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં તેમને રમતા જોવા માટે હજારો ફેન્સ ઉમટી પડ્યા હતા, જે સાબિત કરે છે કે તેની પોપ્યુલારિટી હજુ પણ અજોડ છે. સ્થાનિક ક્રિકેટમાં તેનું પરત ફરવું અપેક્ષા સામેની પહેલી ઈનિંગમાં 15 બોલમાં માત્ર 6 રન બનાવી શક્યા હતો. ઈંગ્લેન્ડ સામેની ODI સિરીઝમાં જોવા મળશે વિરાટ રણજી મેચમાં ઓછા રને આઉટ થવા છતાં વિરાટ હવે ભારતની ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણે રમાનારી ODI સિરીઝ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ડ્રેસિંગ રૂમની અફવાઓ પર હેડ કોચે તોડ્યુ મૌન

(એજન્સી) નવી દિલ્હી તા 04

ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને પાંચ મેચની T20 શ્રેણીમાં 4-1થી હરાવ્યું છે. આ પહેલા ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગ રૂમની માહિતી લીક થવાના સમાચાર પણ સામે આવ્યા હતા અને રિપોર્ટ અનુસાર સરફરાઝ ખાન પર ડ્રેસિંગ રૂમની માહિતી લીક કરવાનો આરોપ લાગ્યો હતો. આ સિવાય હેડ કોચ ગૌતમ ગંભીર પર પણ ગંભીરે હવે ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને ડ્રેસિંગ રૂમ અંગે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું, "તેઓ એકબીજા સાથે ઘણું ક્રિકેટ રમ્યા છે.

# અમેરિકાએ ગેરકાયદે રહેતા 205 ભારતીયોને પાછા મોકલ્યા

## ઈમિગ્રન્ટ્સને લઈને લશ્કરી વિમાન અમેરિકાથી રવાના થયું, આજે રાત્રે ભારત પહોંચશે

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી વધુ ઝડપી કરી છે. સોમવારે, અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લઈને એક લશ્કરી વિમાન ભારત માટે રવાના થયું છે. સમાચાર એજન્સી રોઈટર્સ મુજબ, સોમવારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લઈને એક C-17 વિમાન ભારત આવવા માટે ઉડાન ભરી છે, પરંતુ તેને પહોંચવામાં ઓછામાં ઓછા 24 કલાક લાગશે. જોકે, આ ફ્લાઈટમાં કેટલા લોકો સવાર હતા તેની પુષ્ટિ હજુ સુધી થઈ શકી નથી. રોઈટર્સે વિમાનના ટેકઓફ સમયનો પણ ખુલાસો કર્યો નથી. ખરેખરમાં, ટ્રમ્પે અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટી ડિપોર્ટેશન કરવાનું વચન આપ્યું હતું. આ પછી, ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ 15 લાખ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની યાદી તૈયાર કરી, જેમાં 18,000 ભારતીયોનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પે પહેલા 11 દિવસમાં 1700 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની અટકાયત કરી



ટ્રમ્પે સત્તા સંભાળ્યાના પ્રથમ 11 દિવસમાં 25 હજારથી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી હતી. ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને પણ ડિપોર્ટ કરવામાં આવ્યા યુએસ રક્ષા મંત્રાલય પેન્ટાગોને ટેક્સાસના એલ પાસો અને કેલિફોર્નિયાના સાન ડિએગોમાં અટકાયતમાં કરેલા 5,000થી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશોમાં મોકલવા માટે લશ્કરી વિમાન દ્વારા મદદ પૂરી પાડવાનું શરૂ કર્યું છે. અત્યાર સુધી, ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને લશ્કરી વિમાન દ્વારા

ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને પણ ડિપોર્ટ કરવામાં આવ્યા યુએસ રક્ષા મંત્રાલય પેન્ટાગોને ટેક્સાસના એલ પાસો અને કેલિફોર્નિયાના સાન ડિએગોમાં અટકાયતમાં કરેલા 5,000થી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશોમાં મોકલવા માટે લશ્કરી વિમાન દ્વારા મદદ પૂરી પાડવાનું શરૂ કર્યું છે. અત્યાર સુધી, ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને લશ્કરી વિમાન દ્વારા અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યા છે.

અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યા છે.ગયા મહિને, ભારત સરકારે કહ્યું હતું કે ભારત હંમેશા અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોની વાપસી માટે તૈયાર છે. ટ્રમ્પની આઈસ ટીમ (ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ)એ 12 રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. અહેવાલો અનુસાર સૌથી વધુ દરોડા રિપબ્લિકન રાજ્યોમાં પડ્યા છે. જેમાંથી 1700 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ ભારતીયોની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન, મેક્સિકો સરહદેથી ઘૂસણખોરીની ઘટનાઓમાં 94% ઘટાડો થયો છે. બાઈડનના કાર્યકાળ દરમિયાન, આ વર્ષે 1 જાન્યુઆરીથી 19 જાન્યુઆરી વચ્ચે દરરોજ ઘૂસણખોરીની સરેરાશ 2087 ઘટનાઓ બની હતી. જ્યારે ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ 20 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધી આ આંકડો ઘટીને 126 પર આવી ગયો છે. ભારતે કહ્યું છે કે તે અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પુષ્ટિ મળ્યા પછી પાછા લેશે. ભારતે કહ્યું છે કે તે અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પુષ્ટિ મળ્યા પછી પાછા લેશે. અમેરિકામાં 7.25 લાખ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ છે પ્યુ રિસર્ચ સેન્ટરના ડેટા મુજબ, અમેરિકામાં લગભગ 7.25 લાખ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ રહે છે. આ આંકડો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની ત્રીજી સૌથી મોટી સંખ્યા છે. પ્રથમ સ્થાને મેક્સિકોના ઈમિગ્રન્ટ્સ છે અને બીજા સ્થાને અલ સાલ્વાડોરના ઈમિગ્રન્ટ્સ છે. ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને પણ ડિપોર્ટ કરવામાં આવ્યા યુએસ રક્ષા મંત્રાલય પેન્ટાગોને ટેક્સાસના એલ પાસો અને કેલિફોર્નિયાના સાન ડિએગોમાં અટકાયતમાં કરેલા 5,000થી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશોમાં મોકલવા માટે લશ્કરી વિમાન દ્વારા મદદ પૂરી પાડવાનું શરૂ કર્યું છે. અત્યાર સુધી, ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના પ્રવાસીઓને લશ્કરી વિમાન દ્વારા અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યા છે.ગયા મહિને, ભારત સરકારે કહ્યું હતું કે ભારત હંમેશા અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોની વાપસી માટે તૈયાર છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે ભારત તપાસ કરી રહ્યું છે કે અમેરિકામાં કેટલા ભારતીયો ગેરકાયદેસર રીતે રહે છે અને તેમને પાછા મોકલી શકાય છે કે નહીં. જો કે, તેમણે એમ પણ કહ્યું કે આવા લોકોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી.

## ટ્રમ્પે USAIDના અધિકારીઓને રજા પર મોકલ્યા:મસ્કે કહ્યું- આ એક અપરાધી સંગઠન

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

US એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના બે ટોચના અધિકારીઓ સહિત ઘણા કર્મચારીઓને શનિવારે મોડી રાત્રે (રવિવારે ભારતીય સમય અનુસાર) રજા પર મોકલી દેવામાં આવ્યા છે. આમાં એજન્સીના ડિરેક્ટર જોન વૂરહીસ અને ડેપ્યુટી ડિરેક્ટર બ્રાયન મેકગિલનો સમાવેશ થાય છે. CNNના અહેવાલ મુજબ, આ અધિકારીઓ ઈલોન મસ્કના સરકારી કાર્યક્ષમતા વિભાગ (DOGE)ના કર્મચારીઓને એજન્સીની સિસ્ટમ્સ સુધી પહોંચ આપવાનો ઈનકાર કરી રહ્યા હતા. DOGE કર્મચારીઓએ USAID હેડક્વાર્ટરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને બહાર રોકવામાં આવ્યા. કર્મચારીઓએ ધમકી આપી હતી કે જો સિસ્ટમમાં પ્રવેશ આપવામાં નહીં આવે તો કાયદા અમલીકરણ માર્શલને બોલાવશે. DOGE કર્મચારીઓ USAIDની સુરક્ષા પ્રણાલીઓ અને કર્મચારીઓની ફાઈલોને એક્સેસ કરવા માગતા હતા. રિપોર્ટ અનુસાર આ ગુપ્ત માહિતી છે. CNNએ તેના અહેવાલમાં દાવો કર્યો છે કે DOGE કર્મચારીઓ સુરક્ષા મંજૂરી વિના USAIDની ગુપ્ત સાઈટ્સમાં પ્રવેશ્યા હતા અને નાગરિકોની ગુપ્ત માહિતી મેળવી હતી. DOGE માટે ટ્રમ્પની નિયુક્ત કેટી મિલરે પણ રવિવારે DOGE કર્મચારીઓની ઘૂસણખોરીની પુષ્ટિ કરી હતી.

કેટીએ X પર પોસ્ટ કર્યું કે પરવાનગી વિના કોઈપણ વર્ગીકૃત સામગ્રીને એક્સેસ કરવામાં આવી નથી. બીજી બાજુ, મસ્કએ X પર પોસ્ટ કર્યું અને લખ્યું, USAIDની વેબસાઈટ શનિવારે જ બંધ થઈ ગઈ હતી. તેના બદલે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પર USAID પેજ ઉમેરવામાં આવ્યું છે. એજન્સીનું એક્સ એકાઉન્ટ પણ શનિવારે બંધ થઈ ગયું હતું. દાવો- ગુપ્ત સ્થળોએ પ્રવેશ કર્યો, નાગરિકની અંગત માહિતી મેળવી.

# પાકિસ્તાન ખરાબ હાલતમાં છે! જાન્યુઆરીમાં 74 આતંકવાદી હુમલા, 245 લોકોના મોત, વાંચો રિપોર્ટ

**આતંકવાદ માટે સુરક્ષિત આશ્રયસ્થાન, પાકિસ્તાન હવે પોતે જ તેની સામે ઝઝૂમી રહ્યું છે. પરિસ્થિતિ એવી છે કે ફક્ત જાન્યુઆરી 2025 માં જ આતંકવાદી હુમલાઓ અને સુરક્ષા દળોના ઓપરેશનમાં 245 લોકો મૃત્યુ પામ્યા છે. જાન્યુઆરીમાં પાકિસ્તાનમાં 74 આતંકવાદી હુમલા થયા છે.**




ઈસ્લામાબાદ | પાકિસ્તાનને અત્યાર સુધી દુનિયાને જે આપ્યું છે તેના બદલામાં તે મળી રહ્યું છે. હવે આતંકવાદનો ડંખ પાકિસ્તાન માટે સમસ્યા બની રહ્યો છે. જો આપણે 2025 માં જાન્યુઆરી મહિનાની વાત કરીએ તો અહીં આતંકવાદી હુમલાઓ વધ્યા છે. આ ગયા વર્ષના છેલ્લા મહિના એટલે કે ડિસેમ્બર 2024 કરતા 42 ટકા વધુ છે. એક થિંક ટેન્કે આ અંગે માહિતી આપી છે. આતંકવાદ માત્ર પાકિસ્તાનના આર્થિક વિકાસને જ અસર કરી રહ્યો નથી પરંતુ સામાન્ય લોકોના જીવનને પણ જોખમ છે.

### આંકડા શું કહે છે?

પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર કોન્ફ્લિક્ટ એન્ડ સિક્યુરિટી સ્ટડીઝ દ્વારા જાહેર કરાયેલા ડેટાને ટાંકીને, 'ડોન' અખબારે અહેવાલ આપ્યો છે કે દેશભરમાં ઓછામાં ઓછા 74 આતંકવાદી હુમલાઓમાં 91 લોકો માર્યા ગયા, જેમાં 35 સુરક્ષા કર્મચારીઓ, 20 નાગરિકો અને 36 આતંકવાદીઓનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા ૧૧૭ લોકોની યાદીમાં ૫૩ સુરક્ષા કર્મચારીઓ, ૫૪ નાગરિકો અને ૧૦ આતંકવાદીઓનો સમાવેશ થાય છે.

### ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન સૌથી વધુ પ્રભાવિત



ખૈબર પખ્તુનખ્વા સૌથી વધુ પ્રભાવિત પ્રાંત હતો, ત્યારબાદ બલુચિસ્તાનનો ક્રમ આવે છે. જાન્યુઆરીમાં બે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ પણ થયા, બંને બલુચિસ્તાનમાં. પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને એક હુમલાની જવાબદારી સ્વીકારી હતી, જ્યારે પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ બીજા હુમલાની જવાબદારી સ્વીકારી હતી. વધુમાં, અહેવાલમાં અપહરણની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આતંકવાદીઓએ ઓછામાં ઓછા 37 લોકોનું અપહરણ કર્યું છે.

## દક્ષિણ આફ્રિકામાં શિક્ષકનું કૃત્ય, હિન્દુ વિદ્યાર્થીના કાંડામાંથી પવિત્ર દોરો કાપી નાખે છે

જોહાનિસબર્ગ: દક્ષિણ આફ્રિકાની એક શાળામાં એક શિક્ષકે કથિત રીતે એક હિન્દુ વિદ્યાર્થીના કાંડામાંથી ધાર્મિક દોરો (કલાવ) કાપી નાખ્યો હતો. આ ઘટના બાદ હિન્દુ સમુદાયમાં ગુસ્સો અને રોષ ફેલાયો છે. હિન્દુ સમુદાયના લોકોએ તેની નિંદા કરી છે અને તેને અસંવેદનશીલ અને બેજવાબદાર કૃત્ય ગણાવ્યું છે. આ ઘટના ગયા અઠવાડિયે ક્વાઝુલુ-નાતાલ પ્રાંતની ડ્રેકન્સબર્ગ માધ્યમિક શાળામાં બની હતી.

### આફ્રિકન હિન્દુ મહાસભાએ કાર્યવાહીની માંગ કરી

શિક્ષકના આ કૃત્ય બાદ દક્ષિણ આફ્રિકન હિન્દુ મહાસભા (SAHMS) એ શિક્ષણ અધિકારીઓ પાસેથી કાર્યવાહીની માંગ કરી છે. 'SAHMS એક શિક્ષક દ્વારા હિન્દુ વિદ્યાર્થીના પવિત્ર દોરાને કાપી નાખવાની અસંવેદનશીલ અને બેજવાબદાર કાર્યવાહીની સખત નિંદા કરે છે,' સંગઠને એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું.

બંધારણમાં દક્ષિણ આફ્રિકાના ધાર્મિક અધિકારો અને સ્વતંત્રતાઓનો ચાર્ટર ધર્મ સહિત વિવિધ આધારો પર ભેદભાવને પ્રતિબંધિત કરે છે. ભેદભાવપૂર્ણ પ્રથાઓ અંગેની કોઈપણ ફરિયાદો પર કાર્યવાહી કરવા માટે સરકારે એક વૈધાનિક માનવ અધિકાર આયોગની સ્થાપના કરી છે.

## આખરે બેલ્જિયમમાં સરકાર બની



(એજન્સી) બેલ્જિયમ | તા 04

નવી સરકાર 'એરિઝોના ગઠબંધન' તરીકે ઓળખાય છે, જેમાં 5 મુખ્ય રાજકીય પક્ષોનો સમાવેશ થાય છે. આ છે N-VA, ફ્લેમિશ ક્રિશ્ચિયન ડેમોક્રેટ્સ, સમાજવાદી વૂરુઈટ, ફ્રેન્ચ ભાષી સુધારાવાદી ચળવળ (MR) અને મધ્યવાદી લેસ એન્જેસ. બજેટ કાપ, કર વધારો અને પેન્શન સુધારા પર મહિનાઓની કઠિન વાટાઘાટો પછી પક્ષો એક કરાર પર પહોંચ્યા હતા. યુરોપિયન દેશ બેલ્જિયમમાં મહિનાઓ સુધી ચાલેલા રાજકીય મડાગાંઠ બાદ નવી સરકારે શપથ લીધા. સોમવારે બ્રસેલ્સના રોયલ પેલેસ ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં બેલ્જિયમના રાજા ફિલિપ સમક્ષ વડા પ્રધાન બાર્ટ ડી વેવર અને તેમના મંત્રીમંડળના 14 મંત્રીઓએ શપથ લીધા. બાર્ટ ડી વેવર ફ્લેમિશ રાષ્ટ્રવાદી પક્ષ ન્યૂ ફ્લેમિશ એલાયન્સ (N-VA) ના નેતા છે અને આ પહેલી વાર છે જ્યારે કોઈ ફ્લેમિશ રાષ્ટ્રવાદી સંઘીય સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. નવી સરકાર 'એરિઝોના ગઠબંધન' તરીકે ઓળખાય છે, જેમાં પાંચ મુખ્ય રાજકીય પક્ષોનો સમાવેશ થાય છે.

## અમેરિકા ચીનને આપશે જડબાતોડ જવાબ લાવશે Open AIનું નવું મોડલ

ન્યૂયોર્ક | તા 04

DeepSeekનો જાદુ ઘણા દિવસોથી આખી દુનિયામાં જોવા મળી રહ્યો છે. હવે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા આ AI યુદ્ધમાં અમેરિકાએ પણ પોતાનો દાવ લગાવી દીધો છે. અમેરિકાએ તેનું નવું ઓપન એઆઈ મોડેલ O3 મીની બજારમાં લોન્ચ કર્યું છે. આ ચેટબોટ માનવ જેવા તર્ક આપી શકે છે. આ ગયા વર્ષે લોન્ચ કરાયેલા શક્તિશાળી O3 નું અપગ્રેડેડ મોડેલ હોઈ શકે છે. ડીપસીકના પ્રતિભાવમાં બહાર પાડવામાં આવેલ નવો AI ચેટબોટ કેવો છે અને તેમાં શું ખાસ છે તે અહીં છે.

DeepSeekનો જાદુ ઘણા દિવસોથી દુનિયામાં જોવા મળી રહ્યો છે. હવે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા આ AI યુદ્ધમાં અમેરિકાએ પણ પોતાનો દાવ લગાવી દીધો છે. અમેરિકાએ તેનું નવું ઓપન એઆઈ મોડેલ O3 મીની બજારમાં લોન્ચ કર્યું છે. આ ચેટબોટ માનવ જેવા તર્ક આપી શકે છે. આ ગયા વર્ષે લોન્ચ કરાયેલા શક્તિશાળી O3 નું અપગ્રેડેડ મોડેલ હોઈ શકે છે. ડીપસીકના કોડિંગ, સાયન્સ અને મૈથ્સના મુશ્કેલ પ્રશ્નોના વધુ સારી રીતે જવાબ આપી શકે છે. તમે ChatGPT AI ચેટબોટમાંથી નવા મોડેલને ઍક્સેસ કરી શકો છો. સૌથી સારી વાત એ છે કે તેનો ઉપયોગ કરવા માટે તમારે કોઈપણ પ્રકારનો ચાર્જ ચૂકવવો પડશે નહીં.

**અમેરિકા તથા વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારને આ પારિતોષિક અપાય છે : તે સમારોહમાં પ્રમુખ ભાવુક બની રહ્યા**

# અમેરિકાને WHOમાં પાછું લાવવાની અપીલ: WHOના વડાએ કહ્યું- સભ્ય દેશોએ ટ્રમ્પ પર દબાણ લાવવું જોઈએ

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ડાયરેક્ટર જનરલ ડો. ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે સભ્ય દેશોને WHO સાથે ફરી જોડાવા ટ્રમ્પ પર દબાણ લાવવા અપીલ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગત અઠવાડિયે વિદેશી રાજદ્વારીઓની બેઠકમાં ગેબ્રેયસસે કહ્યું હતું કે, WHO છોડવાના ટ્રમ્પના નિર્ણયને કારણે અમેરિકા વૈશ્વિક રોગોથી સંબંધિત ઘણી મહત્વપૂર્ણ માહિતી મેળવી શકશે નહીં. એસોસિએટેડ પ્રેસના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે યોજાયેલી WHOની બજેટ બેઠકમાં એ વાત પર પણ ચર્ચા કરવામાં આવી હતી કે અમેરિકાના બહાર નીકળવાના કારણે ફંડિંગ કટોકટીને કેવી રીતે મેનેજ કરવામાં આવશે. હકીકતમાં અમેરિકા WHOને સૌથી મોટું ડોનર છે. યુએસ 2024-2025 માટે WHOને લગભગ $958 મિલિયન આપશે, જે તેના $6.9 બિલિયન બજેટના લગભગ 14% છે. હકીકતમાં, 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે WHOમાંથી હટી જવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પનો આરોપ છે કે WHOએ કોરોના સંકટને યોગ્ય રીતે હેન્ડલ કર્યું નથી. આ સિવાય અમેરિકા આ એજન્સીને ઘણા પૈસા આપે છે જ્યારે અન્ય દેશો તેનો મહત્તમ લાભ લે છે.



## એક ડ્રગ્સના કારણે ટ્રમ્પે કેનેડા, મેક્સિકો અને ચીન પર લગાવ્યો ટેરિફ

(એજન્સી) વોશિંગ્ટન | તા 04

ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે ફેન્ટાનાઈલ ડ્રગ્સ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેરકાયદેસર ઈમિગ્રેશન અંગેની રાષ્ટ્રીય કટોકટીનો અંત ન આવે ત્યાં સુધી આ ટેરિફ અમલમાં રહેશે. શું તમે જાણો છો કે ફેન્ટાનાઈલ ડ્રગ્સ શું છે ? અમેરિકામાં ફેન્ટાનાઈલ કટોકટી શું છે અને અમેરિકાએ ફેન્ટાનાઈલ ડ્રગ્સના કારણે આ દેશો પર કેમ ટેરિફ લગાવ્યો છે, તેના વિશે આ લેખમાં જાણીશું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કેનેડા અને મેક્સિકોથી આયાત થતી વસ્તુઓ પર 25 ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ચીન પર વધારાનો 10 ટકા ટેરિફ લાદવામાં આવ્યો. ટેરિફ અંગે શુક્રવારે જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ આ સમાચાર સામે આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ સપ્તાહના અંતે કેનેડા, મેક્સિકો અને ચીન પર નવા ટેરિફ લાદશે. મીડિયા રિપોર્ટ અનુસાર, અધિકારીઓએ જણાવ્યું હતું કે કેનેડાથી આવતા ઉર્જા ઉત્પાદનો પર 10 ટકા ડ્યુટી લાદવામાં આવશે. પરંતુ મેક્સીકન ઊર્જા આયાત પર સંપૂર્ણ 25 ટકા ડ્યુટી લાગશે. વ્હાઈટ હાઉસની ટેરિફ ફેક્ટ શીટ કહે છે કે તે કટોકટી સમાપ્ત થાય ત્રણેય દેશોએ રાહત મેળવવા માટે કયા પગલાં લેવા પડશે તેની વિગતો આપવામાં આવી નથી.

# દુનિયાની સૌથી મોંઘી ગાય, આ કિંમતે લક્ઝરી કારની લાઈન લાગશે




(એજન્સી) બ્રાઝિલ | તા 04

તાજેતરમાં બ્રાઝિલમાં એક સુંદર અને શક્તિશાળી સફેદ રંગની ગાય વેચાઈ હતી. આ ગાય વિશ્વની સૌથી મોંઘી ગાય હોવાનો રેકોર્ડ ધરાવે છે. મૂળભૂત રીતે આ પ્રજાતિ ભારતમાં જોવા મળે છે. તાજેતરમાં, બ્રાઝિલના મિનાસ ગેરાઈસ રાજ્યમાં નેલ્લોર જાતિની ગાયને વિશ્વની સૌથી મોંઘી ગાયનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ગાય ૩૧ કરોડ રૂપિયામાં વેચાણ માટે છે. આ નેલ્લોર ગાયનું વજન ૧,૧૦૧ કિલો છે, જે તેની જાતિની અન્ય ગાયો કરતા ૨ ગણું વધારે છે. આ ગાય ખૂબ જ સુંદર અને શક્તિશાળી પણ લાગે છે.બ્રાઝિલની આ સૌથી મોંઘી ગાયનું નામ વિઆટીના 19 છે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં તેને વિશ્વની સૌથી મોંઘી ગાય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.તેનું ભારે વજન, મજબૂત સ્નાયુઓ, સુંદર સફેદ રૂંવાટી, છૂટી ત્વચા અને પીઠ પરનો અનોખો ખૂંધ તેને સુંદર તો બનાવે છે જ, પણ ગરમી સહન કરવાની શક્તિ પણ આપે છે.વિઆટિના 19 ની છાલવાળી ત્વચા તેને ગરમીનો સામનો કરવાની ક્ષમતા આપે છે.

## પનામા કેનાલ પાછી ખેંચી લેવાની US ધમકીની અસર: પનામાએ કહ્યું- ચીન સાથે BRI એગ્રીમેન્ટ રિન્યૂ નહીં કરીએ

(એજન્સી)પનામા સિટી | તા 04

પનામાના રાષ્ટ્રપતિ રાઉલ મુલિનોએ રવિવારે કહ્યું કે, પનામા ચીન સાથે બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) કરારનું નવીકરણ કરશે નહીં. પનામાએ 2017માં ચીન સાથે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. હવે તે સમય પહેલા ખતમ થવાની શક્યતાઓ છે. મુલિનોએ અમેરિકા સાથે નવા રોકાણ પર કામ કરવાની ઈચ્છા દર્શાવી છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત પ્રોજેક્ટ પણ સામેલ છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો રવિવારે જ પનામાની મુલાકાતે પહોંચ્યા હતા. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ અમેરિકન રાજદ્વારી દ્વારા પનામાની આ પ્રથમ મુલાકાત છે. મીડિયા સાથે વાત કરતા મુલિનોએ રૂબિયોની મુલાકાતને સંબંધોમાં નવા દરવાજા ખોલવા સમાન ગણાવી હતી. જોકે, તેમણે પનામા કેનાલના સાર્વભૌમત્વ પર ચર્ચા ન કરવાના મુદ્દાને પણ પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું કે, તેમણે રૂબિયો સાથે કેનાલ પર ચીન સાથે સંબંધિત અમેરિકન ચિંતાઓ વિશે વાત કરી હતી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પનામા કેનાલ પર ચીનના નિયંત્રણનો અર્થ એ થશે કે અમેરિકા તેના અધિકારોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેશે. 1977માં USA પનામાને નિયંત્રણ આપવા માટે એક સંધિ પર હસ્તાક્ષર કર્યા. ગયા મહિને, શપથ ગ્રહણ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પનામા કેનાલને ફરીથી અમેરિકન નિયંત્રણ હેઠળ લેવાની ધમકી આપી હતી.

આ નહેર કેરેબિયન દેશ પનામાનો ભાગ છે. 1999 સુધી આ નહેર પર અમેરિકાનું નિયંત્રણ હતું. અમેરિકી રાજ્ય એરિઝોનામાં સમર્થકોની એક રેલીને સંબોધિત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ કેનાલને ખોટા હાથમાં નહીં જવા દે.રેલી પછી ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર AI જનરેટેડ ફોટો પણ પોસ્ટ કર્યો. આ ફોટોમાં પનામા કેનાલની વચ્ચે અમેરિકન ધ્વજ લગાવવામાં આવ્યો હતો. તસવીરના કેપ્શનમાં ટ્રમ્પે લખ્યું હતું કે, 'વેલકમ ટુ ધ યુનાઈટેડ સ્ટેટ્સ કેનાલ' લખ્યું હતું. તેનો અર્થ યુનાઈટેડ સ્ટેટ્સની નહેરમાં આપનું સ્વાગત છે.

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને જાનથી મારવાની ધમકી, કહ્યું- સંન્યાસીને મોતથી શેનો ડર?



(એજન્સી) પ્રયાગરાજ I તા. 04

બાગેશ્વર ધામ સરકાર ધીરેન્દ્ર શાસ્ત્રીએ તાજેતરમાં એક નિવેદન આપ્યું હતું કે મહાકુંભ ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકોએ મોક્ષ મળ્યો છે. તેમના આ નિવેદનની ચારેય તરફ ટીકા થઈ રહી છે. હવે ઉત્તરાખંડમાં જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતુ કે, 'આ રીતે મુક્તિ મળી શકતી નથી. જ્યારે લોકો સંકલ્પ લે છે અને પોતાનો જીવ આપે છે, ત્યારે તેમને મુક્તિ મળે છે; સંકલ્પ વિના મૃત્યુ મુક્તિ તરફ દોરી શકતું નથી.'

એક મીડિયા ઈન્ટરવ્યુમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે જણાવ્યું હતું કે, 'અમે આ બાબતે પંડિતો સાથે વાત કરી. તેમણે પૂછ્યું, શું આ રીતે ભીડમાં કચડીને કોઈને મુક્તિ મળશે? તો પંડિતોએ અમને કહ્યું અને અમે પોતે પણ શાસ્ત્રોમાં જોયું છે કે જ્યાં સુધી આપણે સંકલ્પ ન કરીએ અને પદ્ધતિનું પાલન ન કરીએ ત્યાં સુધી તે પ્રાપ્ત થઈ શકતું નથી. અહીં ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકો એ સંકલ્પ સાથે નહોતા આવ્યા કે આપણે મુક્તિ પ્રાપ્ત કરવી જોઈએ. જો તમે આ સંકલ્પ સાથે આવ્યા હોત અને મૃત્યુ પામ્યા હોત, તો તમને મુક્તિ મળી હોત.'મહાકુંભમાં થયેલી ભાગદોડ અંગે શંકરાચાર્યએ સરકાર પર સવાલો ઊઠાવ્યા છે. તેમણે ઉત્તર પ્રદેશ સરકાર પર કુંભની વ્યવસ્થામાં બેદરકારીનો આરોપ લગાવ્યો અને જણાવ્યું હતું કે, અકસ્માતમાં મૃત્યુઆંક છુપાવવામાં આવી રહ્યો છે. વાસ્તવિક આંકડો જાહેર કરવામાં આવી રહ્યો નથી.'આ ઉપરાંત તેમણે જણાવ્યું હતુ કે, 'મને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. સંન્યાસી મૃત્યુથી કેમ ડરે. આપણે કયા દુન્યવી સુખોનો આનંદ માણવા માંગીએ છીએ?'

## મહારાષ્ટ્રમાં ફરી ભાજપનું ટેન્શન વધારશે શિંદે? બીજી વખત ફડણવીસની બેઠકમાંથી ગેરહાજર

(એજન્સી) નવી દિલ્હી I તા. 04

મહારાષ્ટ્રમાં એનડીએ ગઠબંધનની આગેવાનીવાળી સરકારમાં આંતરિક ડખાં ચાલી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કેટલાક મહત્ત્વના પ્રોજેક્ટ પર ચર્ચા કરવા માટે બેઠક બોલાવી હતી, જેમાં અજિત પવાર તો પહોંચ્યા હતા, પરંતુ એકનાથ શિંદે ગેર હાજર રહ્યા હતા. અગાઉ પણ તેઓ ફડણવીસ દ્વારા બોલાવાયેલી કેબિનેટ મીટિંગમાં ગયા નહોતા. આમ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની મહત્ત્વપૂર્ણ બેઠકોમાં ગેર હાજરીથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં અનેક અટકળોએ જોર પકડ્યું છે.

હકીકતમાં, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા બોલાવાયેલી બેઠકમાં હાઉસિંગ પ્રોજેક્ટ્સ પર પણ ચર્ચા થવાની હતી. અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાઉસિંગ સાથે સંબંધિત મંત્રાલય એકનાથ શિંદે પાસે જ છે. આમ છતાં તેઓ બેઠકમાં હાજર રહ્યા નહોતા. જોકે, શિંદેના પક્ષ તરફથી ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે આ બેઠકમાં હાજરી આપી હતી. નોંધનીય છે કે, અગાઉ ગત અઠવાડિયે યોજાયેલી કેબિનેટ બેઠકમાં પણ શિંદે હાજર રહ્યા નહોતા. આમ એક જ અઠવાડિયામાં શિંદે બે મહત્ત્વપૂર્ણ બેઠકોથી દૂર રહેતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. એકનાથ શિંદે ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી સરકારમાં મંત્રી હતા, પરંતુ વર્ષ 2022માં તેણે શિવસેનામાં ભાગલા પાડીને ભાજપ સાથે ગઠબંધન કર્યું હતું. જે પછી રાજ્યમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર પડી ભાંગી હતી અને એનડીએની સરકાર બની હતી.

## મહાકુંભમાં ફરી મોટી દુર્ઘટના
# હિલિયમ ગેસ ભરેલા હૉટ એર બલૂનમાં બ્લાસ્ટ, છ ભક્તો ઈજાગ્રસ્ત

(એજન્સી) પ્રયાગરાજ I તા. 04

પ્રયાગરાજ મહાકુંભમાં વધુ એક મોટો અકસ્માત થયો છે. સોમવારે, હિલિયમ ગેસથી ભરેલો હૉટ એર બલૂનમાં બ્લાસ્ટ થયો હતો, જેના કારણે તેમાં મુસાફરી કરી રહેલા છ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આમાંથી એક ભક્તની હાલત નાજુક હોવાનું કહેવાય છે. ઘાયલોને તાત્કાલિક મેડિકલ કોલેજ દ્વારા સંચાલિત સ્વરૂપ રાની નેહરુ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. બલૂનમાં સવાર 6 શ્રદ્ધાળુઓ ગંભીર રીતે દાઝી ગયા. આ અકસ્માત મહાકુંભ મેળા વિસ્તારમાં સેક્ટર 20ના અખાડા માર્ગ પાસે થયો હતો, જ્યાં સોમવારે બપોરે વસંતપંચમીના સ્નાન પર્વ દરમિયાન હિલિયમ ગેસથી ભરેલો હૉટ એર બલૂન ફાટ્યો હતો. સદ્દભાગ્યની વાત એ હતી કે હૉટ એર બલૂન ઉડતા પહેલા જ ફાટી ગયો હતો જો આ દુર્ઘટના વધુ ઉંચાઈએ થઈ હોત તો ઘટના વધુ ગંભીર બની શકી હોત. ઘટના બાદ તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા મહાકુંભની સબ-સેન્ટ્રલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



### અગાઉ મૌની અમાવસ્યાના દિવસે પણ સર્જાયો હતો અકસ્માત

આ અકસ્માતમાં હૉટ એર બલૂનમાં સવાર 27 વર્ષીય પ્રદીપ, 13 વર્ષીય અમન, 16 વર્ષીય નિખિલ, 50 વર્ષીય મયંક, 32 વર્ષીય લલિત અને 25 વર્ષીય શુભમ ઘાયલ થયા છે. જેમાંથી પ્રદીપ અને નિખિલ ઋષિકેશના રહેવાસી છે, જ્યારે અમન હરિદ્વારનો છે, લલિત મધ્યપ્રદેશના ખરગોનનો છે, શુભમ ઈન્દોરનો છે અને મયંક પ્રયાગરાજનો છે. અગાઉ મૌની અમાવસ્યાના દિવસે મહાકુંભમાં નાસભાગ થતાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

## બજાજ ફાઉન્ડેશનના અધ્યક્ષ શિશિર બજાજે રાજ્યપાલ સાથે
# નવભારત ગ્રુપના CSR એવોર્ડ સમારોહમાં 44 પ્રતિષ્ઠિત CSR એવોર્ડ વિજેતાઓને સન્માનિત કર્યા

(એજન્સી) મુંબઈ I તા. 04

બજાજ ગ્રુપના ટ્રસ્ટી અને બજાજ ફાઉન્ડેશનના ચેરમેન શિશિર બજાજે નવભારત સીએસઆર સમિટ એન્ડ એવોર્ડ્સ, 2025ના ભવ્ય સમારોહમાં વિશેષ અતિથિ તરીકે ભાગ લીધો હતો, જ્યાં મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી સી. પી. રાધાકૃષ્ણન સાથે, તેમણે વિકસિત ભારત તરફના તેમના નોંધપાત્ર યોગદાન માટે 44 પ્રતિષ્ઠિત CSR પુરસ્કારોનું સન્માન કર્યું.

આઈટીસી ગ્રાન્ડ મરાઠા, પરેલ, મુંબઈના ઓડિટોરિયમમાં મંગળવાર, 4 ફેબ્રુઆરી, 2025 ના રોજ આયોજિત આ મહત્વપૂર્ણ સમારોહમાં તેમના વિશેષ સંબોધનમાં શ્રી બજાજે છેલ્લા 15 વર્ષોમાં બજાજ ફાઉન્ડેશન દ્વારા વર્ધા, સીકર અને લલિતપુરમાં કરેલા નોંધપાત્ર કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો. . તેમણે ખેડૂત આત્મહત્યા જેવા ગંભીર મુદ્દાઓને ઉકેલવા માટે મહારાષ્ટ્ર સરકાર અને ગ્રામીણ સમુદાયો સાથે મળીને જળ સંરક્ષણ અને અન્ય વિકાસ કાર્યોના સરળ અમલીકરણ પર ભાર મૂક્યો હતો. છેલ્લા 15 વર્ષોમાં બજાજ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ મુખ્ય કાર્યથી વર્ધા, સીકર અને



### 1.25 લાખ ખેડૂતોને સુભાષ પાલેકર કૃષિ (કુદરતી ખેતી)માં તાલીમ આપવામાં આવી છે, જેના પરિણામે 1.6 લાખ એકર જમીન રસાયણ મુક્ત બની છે

લલિતપુરના 1,750 થી વધુ ગામોમાં 5 લાખ પરિવારોને ફાયદો થયો છે અને 22 લાખથી વધુ લોકોના જીવનમાં સુધારો થયો છે. ઉપરાંત, 250 નદીઓને પુનર્જીવિત કરવામાં આવી છે, 130 ચેકડેમ બનાવવામાં આવ્યા છે, અને 8,000 ખેત તળાવો વિકસાવવામાં આવ્યા છે, જે 3.5 લાખ એકર ખેતીની જમીનને સિંચાઈ કરે છે અને 1 લાખથી વધુ પરિવારોને લાભ આપે છે. આ ઉપરાંત 1.25 લાખ ખેડૂતોને સુભાષ પાલેકર કૃષિ (કુદરતી ખેતી) માં તાલીમ આપવામાં આવી છે, જેના પરિણામે 1.6 લાખ એકર જમીન રસાયણ મુક્ત બની છે અને ખેડૂતો તેમની રોજિંદી જરૂરિયાતો ખેતરોમાંથી પૂરી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે 4,500 થી વધુ સ્વ-સહાય જૂથો (SHG) ની રચના કરવામાં આવી છે, જેણે 56,000 થી વધુ પરિવારોની આજીવિકામાં સુધારો કર્યો છે અને મહિલાઓ અને યુવાનોને ગ્રામીણ સાહસો દ્વારા આવક વધારવા માટે પ્રેરણા આપી છે. આ ઉપરાંત 6,000 થી વધુ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે અને 4,000 થી વધુ સોલાર યુનિટ લગાવવામાં આવ્યા છે. ડિઝાઈન ફોર ચેન્જ પ્રોગ્રામ હેઠળ, યુવા પેઢીની સમસ્યા હલ કરવાની માનસિકતાને પ્રોત્સાહિત કરવા માટે લગભગ 500 શાળાઓમાં 700 થી વધુ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. તેમના સંબોધનના અંતે, શ્રી બજાજે ભારતના કુદરતી અને માનવ સંસાધનોની અપાર સંભાવનાઓ વિશે વાત કરી. સહયોગ અને ભાગીદારીના મહત્વને રેખાંકિત કરતાં તેમણે કહ્યું કે આપણે સાથે મળીને ભારતને મજબૂત અને સુવર્ણ બનાવી શકીએ છીએ. તેમણે કહ્યું કે આપણા માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત વિકસિત ભારતના વિઝન મુજબ, હવે સમય આવી ગયો છે કે આપણે બધા એકબીજાને સહકાર આપીએ અને વિકસિત અને સુવર્ણ ભારતના સ્વપ્નને સાકાર કરીએ. આ ભવ્ય સમારંભમાં દેશના કોર્પોરેટ જગતના અગ્રણી પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## જીએસટી કાઉન્સિલમાં દેશના તમામ રાજ્ય સામેલ છે
# શું પેટ્રોલ-ડીઝલ પણ GST હેઠળ આવશે? સરકારે સંસદમાં આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી I તા. 04

પેટ્રોલ અને ડીઝલનો હાલ જીએસટીમાં સમાવેશ કરવાની કોઈ તૈયારી નથી. રાજ્યસભામાં એક સવાલના જવાબમાં કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે આ જાણકારી આપી છે. રાજ્યસભામાં જાણકારી આપતા કેન્દ્રીય મંત્રાલયે જણાવ્યું કે, પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવા માટે જીએસટી કાઉન્સિલની ભલામણ જરૂરી છે. જીએસટી કાઉન્સિલમાં દેશના તમામ રાજ્ય સામેલ છે અને તેમણે અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવાને લઈને કોઈ સલાહ કે ભલામણ નથી કરી.

### જીએસટી કાઉન્સિલે કર્યો ઈનકાર

પેટ્રોલિયમ મંત્રાલયે એવું પણ કહ્યું કે, જીએસટી કાઉન્સિલની 55મી બેઠક 21 ડિસેમ્બર, 2024ના દિવસે થઈ હતી, જેમાં




વિમાનમાં ઉપયોગમાં લેવાતા ઈંધણને જીએસટી હેઠળ લાવવા અંગે ચર્ચા થઈ હતી. પરંતુ, જીએસટી કાઉન્સિલે આ ભલામણને નકારી દીધી હતી.

### શું પેટ્રોલ-ડીઝલનો જીએસટીમાં સમાવેશ થશે?

નોંધનીય છે કે, કેન્દ્ર સરકારને જ્યારે પણ આ મુદ્દે સવાલ પૂછવામાં આવ્યો કે, શું પેટ્રોલ અને ડીઝલનો જીએસટીમાં સમાવેશને લઈને કોઈ વિચાર છે તો કેન્દ્ર સરકારે એવો જ જવાબ આપ્યો કે, તેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ કરશે. આ કાઉન્સિલમાં દેશના તમામ રાજ્યોના પ્રતિનિધિ હાજર છે.

### રાજ્યોએ કર્યો ઈનકાર

કેન્દ્ર સરકાર પહેલાં પણ કહેતી રહી છે કે, જ્યારે પણ આ મુદ્દો જીએસટી કાઉન્સિલ સામે આવ્યો તો તમામ રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. એવામાં એવું કહેવું કે, કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ નથી લાવવા ઈચ્છતી તે ખોટું છે. કારણ કે, જીએસટી કાઉન્સિલમાં તમામ રાજ્યોના પ્રતિનિધિ છે, જો તે આ પ્રસ્તાવને નકારે છે તો કેન્દ્ર સરકાર જીએસટી કાઉન્સિલની મંજૂરી વિના પેટ્રોલ અને ડીઝલનો જીએસટી હેઠળ સમાવેશ ન થઈ શકે.

# ગુજરાતના યુવા ઈનોવેટર્સ 'હેક ટુ ધ ફ્યુચર'માં ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોટોટાઈપ્સ સાથે ચમક્યા

(એજન્સી) બેંગાલુરૂ I તા. 04

ક્વેસ્ટ એલાયન્સે તેની પરિવર્તનશીલ પાંચ-દિવસીય હેકાથોન, હેક ટુ ધ ફ્યુચર: ઈનોવેટિંગ ફોર પાર્ટિસિપેટરી ફ્યુચર્સનું સફળતાપૂર્વક પૂર્ણ કર્યું, તેના પરથી કહી શકાય કે નવીનતાનું ભાવિ હવે સુરક્ષિત હાથમાં છે. આ ક્રાંતિકારી પહેલ ગુજરાત, આંધ્રપ્રદેશ, ઝારખંડ, કર્ણાટક અને ઓડિશાના એમ પાંચ રાજ્યોના 150થી વધુ યુવા પ્રતિભાઓને વાસ્તવિક દુનિયાના પડકારો માટે અસરકારક, સ્કેલેબલ ઉકેલો વિકસાવવા માટે એકસાથે લાવી. બેંગલુરૂમાં ક્વેસ્ટ લર્નિંગ ઓબ્ઝર્વેટરી (ક્યૂએલઓ) ખાતે 27થી 31 જાન્યુઆરી દરમિયાન આયોજિત આ ઈવેન્ટમાં સર્જનાત્મકતા, તકનીકી નિપુણતા અને સમસ્યાનું નિરાકરણ કરવાના કૌશલ્યને પ્રોત્સાહન આપવામાં આવ્યું. વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિમાંથી આવતા યુવા સહભાગીઓ ભાષાના અવરોધોને દૂર કરીને સહયોગ કરવા, નવી તકનીકોની શોધ કરવા કરવા અને ઉદ્યોગ માર્ગદર્શકો સાથે જોડાવા માટે એકઠા થયા હતા. 5 દિવસ દરમિયાન, શિક્ષાર્થીઓએ એઆઈ, આઈઓટી અને સસ્ટેનેબલ ટેકનોલોજીમાં પ્રગતિને એકીકૃત કરીને તેમના પ્રોટોટાઈપ વિકસાવ્યા. આ કાર્યક્રમનું સમાપન એક ભવ્ય પ્રદર્શન સાથે થયું જ્યાં વિદ્યાર્થીઓએ આદરણીય જ્યુરી સમક્ષ તેમના ઉકેલો રજૂ કર્યા હતા. ગુજરાતના જુનીબોડેલી પ્રાથમીક શાળા (છોટા ઉદેપુર), નવાફળિયા વર્ગ પ્રાથમીક શાળા (દાહોદ) અને પ્રાથમિક શાળા ઝરણાવાડી (નર્મદા)ના વિદ્યાર્થીઓએ નવીન પ્રોટોટાઈપના માધ્યમથી તેમની પ્રતિભાને દર્શાવી, જેણે સ્થાનિક પડકારોના ઉકેલો રજૂ કર્યા. નર્મદા, જે એક મુખ્યત્વે આદિવાસી જિલ્લો છે અને જ્યાં ટેકનોલોજીની પહોંચ મર્યાદિત છે, ત્યાં હેકાથોન દરમિયાન વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) જેવા અત્યાધુનિક સાધનોનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કર્યો. તેઓએ સમુદાય સંબંધિત વિશિષ્ટ સમસ્યાઓને પડકારવા માટે સંકેતો લખવાનું શીખ્યા અને કાર્યક્ષમ વિચારો વિકસાવવા માટે એઆઈ-સંચાલિત ઉકેલોનો પ્રયોગ કર્યો.

## તિરુપતિ બાલાજી મંદિર : અનાથ બાળકો માટે વૃદ્ધાનો પ્રશંસનીય નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી I તા. 04

વૃદ્ધાએ અનાથ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રશંસનીય નિર્ણય લીધો છે. તેણે તિરુપતિ મંદિરમાં પોતાના જીવનની પૂંજી દાન કરી છે. મંદિર ટ્રસ્ટને 50 લાખ રૂપિયા દાન કરીને ભગવાનના આશિર્વાદ લીધા છે. આ ડોનેશન અનાથ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે કરવામાં આવ્યુ છે. 70 વર્ષિય મહિલાઓ 35 વર્ષથી કરેલી સેવિંગ મંદિર ટ્રસ્ટને દાન કરી છે. તિરુપતિ બાલાજી મંદિરમાં અવાર-નવાર કરોડોનું અને વાળનું દાન કરવામાં આવે છે. ત્યારે આ ડોનેશન ખાસ બાળકો માટે કરાયુ હોવાથું ચર્ચાનો વિષય બન્યો છે. 70 વર્ષીય મહિલાએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના શ્રી વેંકટેશ્વર સર્વ શ્રેયસ બાલમંદિર ટ્રસ્ટને 50 લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ તેમની 35 વર્ષની કુલ બચત હતી. રેનિગુન્ટાના સી મોહનાએ કોસોવો, અલ્બેનિયા, યમન, સાઉદી અરેબિયા અને ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર સહિત વિવિધ ક્ષમતાઓમાં વિકાસ અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રમાં કામ કરતી વખતે પોતાની બચતમાંથી આ રકમ દાનમાં આપી છે.

## 31 ડિસેમ્બર 2024 સુધી દેશમાં 79,502 લાખ 10 રૂપિયાના સિક્કા બજારમાં હાજર છે
# 10 અને 20 રૂપિયાના સિક્કા મુદ્દે મોટા સમાચાર, સરકારે લોકસભામાં આપી જાણકારી

(એજન્સી) નવી દિલ્હી I તા. 04

દેશમાં અવાર-નવાર લોકો વચ્ચે ચર્ચા થતી રહે છે કે, 10 અને 20 રૂપિયાનો સિક્કો બંધ થવાનો છે. જોકે, હવે લોકસભામાં પૂછવામાં આવેલા એક સવાલના જવાબમાં સરકારે 10 અને 20 ના સિક્કા તેમજ નોટને લઈને મોટી જાણકારી આપી છે. આ જવાબમાં લોકોના મનમાં ઉદ્ભવતા તમામ પ્રશ્નો તેમજ શંકાનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

### નાણાં મંત્રાલયે આપ્યો જવાબ

નાણાં મંત્રાલયને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, દેશમાં હાલ 10 રૂપિયાના કેટલાં સિક્કા અને નોટ ચાલી રહ્યા છે? જેના જવાબમાં નાણાં મંત્રાલયે જણાવ્યું કે, આજે પણ 10 અને 20ના સિક્કા અને નોટ છપાઈ રહ્યા છે અને ચલણમાં છે. 31 ડિસેમ્બર 2024 સુધી 2,52,886 લાખ 10 રૂપિયાની નોટ બજારમાં ચાલી રહી છે, જેની કિંમત



25,289 કરોડ છે. વળી, 31 ડિસેમ્બર 2024 સુધી દેશમાં 79,502 લાખ 10 રૂપિયાના સિક્કા બજારમાં હાજર છે, જેની કિંમત 7950 કરોડ રૂપિયા છે.

આ સિવાય નાણાં મંત્રાલયને સવાલ પૂછવામાં આવ્યો કે, શું દેશમાં 20 રૂપિયાની નવી નોટ છાપવા પર રોક લગાવવામાં આવી છે? આ સવાલનો જવાબ આપતાં નાણાં મંત્રાલયે કહ્યું કે, આ સત્ય નથી. એટલે સ્પષ્ટ છે કે, ભલે બજારમાં 10 અને 20 રૂપિયાની નોટ અને સિક્કા આપણને ઓછા જોવા મળતા હોય, પરંતુ તે ચલણમાં છે. સમયાંતરે બંધ થવા તેમજ ચલણથી બહાર હોવાની ખબર સામે આવે છે, તે સંપૂર્ણપણે ભ્રામક છે.

### 2020માં પહેલીવાર રજૂ કરાયો 20 રૂપિયાનો સિક્કો |

નોંધનીય છે કે, સરકારે પહેલીવાર 20 રૂપિયાનો સિક્કો 2020માં રજૂ કર્યો હતો. તે સમયે સરકારે જણાવ્યું હતું કે, 20 રૂપિયાનો સ્કકો 12 ધારવાળો બહુકોણ હશે, જેમાં અનાજની આકૃતિ હશે, જે દેશમાં કૃષિનું પ્રભુત્વ દર્શાવશે. આ સિવાય એક, બે, પાંચ અને દસ રૂપિયાના સિક્કાની નવી શૃંખલા પણ બહાર પાડવામાં આવશે, જે ગોળાકાર ડિઝાઈનમાં હશે, જેના પર હિન્દી લિપિમાં મૂલ્ય લખેલું હશે.

## રેલ્વે મંત્રાલયની નવી એપથી પ્રવાસીઓને મળશે તમામ સુવિધા

નવી દિલ્હી : ભારતીય રેલ્વેએ સુપર એપ SwaRail લોન્ચ કરી છે. પ્લેટફોર્મ ટિકિટથી લઈને રિઝર્વેશન અને જનરલ ટિકિટ સુધી બધું જ અહીં ઉપલબ્ધ થશે. આ એપના માધ્યમથી ટિકિટ બુકિંગ, અનરિઝર્વ્ડ ટિકિટ, પ્લેટફોર્મ ટિકિટ, પાર્સલ બુકિંગ, પીએનઆર માહિતી, ફૂડ ઓર્ડર અને ફરિયાદ વગેરે કરી શકાશે. મુસાફરી સહાયક મદદ માટે આ એપ ઉપલબ્ધ રહેશે. રેલવેની આ નવી સુપર એપ હેઠળ, વપરાશકર્તાઓને ટ્રાવેલ આસિસ્ટન્ટ ફીચર પણ મળશે. જેમાં સિંગલ સાઈન-ઓન, ઓનબોર્ડિંગ અને અન્ય ઘણી સુવિધાઓ રેલ્વે મુસાફરો માટે ઉપલબ્ધ હશે. અહીં યુઝર્સને અલગ અલગ એપ્સ માટે અલગ અલગ લોગિન આઈડી અને પાસવર્ડ યાદ રાખવાની જરૂર રહેશે નહીં.

### બે ભાઈઓ વચ્ચે થયો ઝગડો, વાત અંતિમ સંસ્કાર માટે પિતાની લાશના ટુકડા કરવા સુધી પહોંચી

ઈન્દોર : મધ્યપ્રદેશના તિકમગઢમાં લાગણી શૂન્ય કરી દેતો કિસ્સો ધ્યાનમાં આવ્યો છે. પરિવારમાં મતભેદો અને ભાગલા થતા હોય છે પરંતુ પિતાના મૃત્યુ પછી મૃતદેહના પણ ભાગવા પાડવાની વિચિત્ર ઘટના બની છે. પિતાના મુત્યુ પછી અંતિમ સંસ્કાર માટે બે ભાઈઓ વચ્ચે મતભેદ પિતાની લાશના ભાગલા પાડવા સુધી પહોંચ્યા હતા.

**નામ બદલેલ છે**

હુ અકબર હુસૈનભાઈ ભટ્ટી મેં મારા પુત્ર નું નામ ભટ્ટી અમાનત અકબર થી બદલી ને ભટ્ટી નઝરેમોઈન અકબર રાખેલ છે.
ભટ્ટી અકબર હુસૈનભાઈ
૨૫/૫૭૯ ગર્વમેન્ટ એ કોલોની,
પોલીસ કમિશનર ઓફીસ,
શાહીબાગ અમદાવાદ
૩૮૦૦૦૪
મો. ૯૨૨૭૬ ૨૨૭૫૫

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**એર કન્ડિશનીંગ ભાડે રાખવું**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/61 (24-25) તા.04-02-2025. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-80-2024-25. **કામનું નામઃ** અસારવા - સિની. ડીઓએમ/અમદાવાદની ઓફિસમાં એર કન્ડિશનીંગ ભાડે રાખવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ 16,51,500/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 33,000/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.04-03-2025 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.04-03-2025 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-314

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ

## શાકભાજી વેચતા ખેડૂતનું ઘટનાસ્થળે કરુણ મોત

ગાંધીનગર | અકસ્માતમાં પ્રહલાદજીને માથા, બંને પગ અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને પ્રથમ માણસા અને ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક પ્રહલાદજી પોતાના પરિવારમાં પત્ની લીલાબેન, બે પુત્રો અને એક પુત્રી છોડી ગયા છે. તેઓ ગામના ગજેન્દ્રસિંહ વાઘેલાના ટ્રેક્ટર દ્વારા શાકભાજી વેચીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. માણસા પોલીસે આ ગંભીર અકસ્માત અંગે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## એમ્બ્યુલન્સમાં દારૂની હેરાફેરી કરનાર બુટલેગર દોઢ વર્ષે મળ્યો

ગાંધીનગર | ચિલોડા-હિંમતનગર હાઈવે ઉપર આશરે દોઢ વર્ષ પહેલા રાજસ્થાન તરફથી એમ્બ્યુલન્સમાં દારૂ ભરીને ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. તે દરમિયાન પોલીસે ધણપ પાસેથી એમ્બ્યુલન્સમાં લઈ જવાતા દારૂની હેરાફેરી અટકાવી હતી. એમ્બ્યુલન્સ આવતા રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકે વાહન હંકારી મુકતા ધણપ પાસે મુકીને ફરાર થઈ ગયો હતો. દોઢ વર્ષથી પોલીસથી ભાગતા ફરતા આરોપીને રણાસણ પાસેથી એલસીબીની ટીમે પકડી લીધો હતો.

# અંબાજીમાં શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2025નું ભવ્ય આયોજન, માઈભક્તોમાં ઉત્સાહ



મહોત્સવના આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(એજન્સી) બનાસકાંઠા | તા.04

ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરાશે. પવિત્ર યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે આગામી 9 થી 11 ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરાશે. આ મહોત્સવના સુચારુ, સુવ્યવસ્થિત અને સુંદર આયોજન તથા વ્યવસ્થાઓના ભાગરૂપે કરવાની થતી કામગીરી માટે પાલનપુર કલેક્ટર કચેરી, સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને વિવિધ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર 'શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2025'માં આદ્યશક્તિ મા અંબાના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને એક જ સ્થળે અને એક સાથે ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળશે. આ વર્ષે યોજાનાર આ મહોત્સવમાં ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. આ મહોત્સવમાં ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમા કરવા માટે આવશે ત્યારે આટલી મોટી સંખ્યામાં આવતા ભક્તોની તમામ સગવડો અને વ્યવસ્થાઓ સચવાય એ પ્રકારની તૈયારીઓ અને આયોજન વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયું છે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વિવિધ વિભાગોને સોંપવામાં આવેલી કામગીરી અંગે સમીક્ષા તથા જરૂરી સૂચનો કર્યા હતા. જેમાં બસનું સંચાલન, સ્વચ્છતા જળવાય, પાણી અને પાર્કિંગની વ્યવસ્થા, પ્રચાર પ્રસાર, શ્રદ્ધાળુઓનું નિશુલ્ક ભોજન વ્યવસ્થા વગેરે બાબતે ચર્ચા કરાઈ હતી. આ પરિક્રમા મહોત્સવની વ્યવસ્થા જાળવવા માટે અલગ અલગ સમિતિઓ બનાવવામાં આવી છે.આ મહોત્સવમાં અંબાજી ખાતે પહોંચતા ભક્તો માટે બસના પાર્કિંગના સ્થળેથી ગબ્બર સુધી જવા માટે મીની બસની વ્યવસ્થા કરાઈ છે. દિવસ દીઠ જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરાશે, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, સર્વે પ્રાંત અધિકારીઓ,અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદી સહિત સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યાત્રાધામ અંબાજીમાં કોરિડોરની કામગીરીને લઈ ગેરકાયદે દબાણ હટાવવા તંત્ર દ્વારા ઝૂંબેશ!

(એજન્સી) બનાસકાંઠા | તા.04



બનાસકાંઠા જિલ્લામાં આવેલા વિશ્વવિખ્યાત સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં કોરિડોરની કામગીરીને લઈ તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરાઈહતી.જેમાં 89 જેટલા દબાણો ઉપર તંત્રનું બુલડોઝર ફરી વળતા વર્ષોથી આ છત નીચે આશરો મેળવી રહેલા 89 પરિવારો છત વિહોણા બન્યા છે. જોકે તંત્રએ આશરો ગુમાવી બેઠેલા આ 89 પરિવારના છત માટે વૈકલ્પિક વ્યવસ્થા તો કરી પરંતુ માત્ર 11 રૂમ ફાળવી વૈકલ્પિક વ્યવસ્થાને નામે તંત્રએ નાટક રચ્યું છે. અને તંત્રના આ નાટકને પગલે અનેક પરિવારો આજે પણ ખુલ્લામાં આશરો મેળવવા મજબૂર બન્યા છે.રાજ્ય અને કેન્દ્રની સરકાર સહિત તંત્ર આશ્રમ વિહોણા લોકોને આશરો મળી રહે તે હેતુસર અનેક આવાસો બનાવવાની મસ્ત મોટી વાતો તો કરી રહી છે પરંતુ ક્યાંક તંત્ર અને સરકારનો વિકાસ લોકોના આસરા છીનવી રહી છે. અંબાજીમાં છેલ્લા કેટલાક સમયથી કોરીડોર ની કામગીરી ની શરૂઆત થઈ છે. અને આ કોરીડોરની કામગીરી દરમિયાન અનેક વિસ્તારોમાં દબાણ દૂર કરવામાં આવી રહ્યા છે. અત્યારે છેલ્લા કેટલાય વર્ષોથી ગબ્બર રોડ પર આવેલા રબારીવાસમાં પોતાનું કાચું પાકું મકાન બનાવી છતનું આશરો મેળવી રહેલા 89 જેટલા પરિવારોના આશરા પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. એક સપ્તાહ અગાઉ હાથ ધરાયેલી આ દબાણ ઝુંબેશમાં 89 જેટલા પરિવારો છત વિહોણા બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા આ છત વિહોણા બનેલા પરિવારોના આસરા માટે અનેક ધાબાઓ કરાયા તેમની વૈકલ્પિક વ્યવસ્થાની વાત કરાઈ. પરંતુ દબાણ હટાને એક એક સપ્તાહ વીત્યા બાદ પણ તંત્ર હજુ સુધી આ પરિવારોના આશ્રાની પૂર્તિ વૈકલ્પિક વ્યવસ્થા નથી કરી શકી. 89 જેટલા પરિવારોના આસરા છીનવાયા 89 પરિવાર છત વિહોણા બન્યા અને તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થા ને નામે ઠાકોર સમાજની બોર્ડિંગમાં માત્ર 11 રૂમોની વ્યવસ્થા કરી.

બ્રેકિંગ ન્યૂઝ

## 200થી વધુ રાઈડર્સે બાઈક પર ખેડી ધોરડોથી ધોળાવીરાની સફર

કચ્છ : ભારતની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત મોટરસાયકલિંગ ઈવેન્ટ 'BOBMC રાઈડર મેનિયા 2025' નું આયોજન આ વર્ષે ગુજરાતમાં કચ્છ રણોત્સવ ખાતે કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'થી સન્માનિત ધોરડો ખાતે BOBMC રાઈડર મેનિયાનું 22મું સંસ્કરણ 31 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી, 2025 સુધી યોજાયું હતું. ભારતના વિવિધ રાજ્યો જેવાંકે, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, યુપી, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, ઉત્તરપૂર્વના રાજ્યો જેવાકે મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ તેમજ નેપાળ અને ભૂટાન જેવા દેશોમાંથી મળીને લગભગ 2000થી વધુ બાઈક રાઈડર્સે આ 3 દિવસીય મોટરસાયકલિંગ ઈવેન્ટમાં હિસ્સો લીધો હતો.

## પત્નીએ માંગ્યા છૂટાછેડા તો પતિએ લીક કર્યા પ્રાઈવેટ PHOTO અને VIDEO

અમદાવાદ : અમદાવાદના મેમનગરમાં રહેતી 21 વર્ષીય મહિલાએ પોતાના પતિ પર બ્લેકમેલ અને ઓનલાઈન હેરાનગતિનો ગંભીર આરોપ લગાવ્યો છે. મહિલાનો આરોપ છે કે તેના પતિએ તેના અંગત ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર લીક કર્યા હતા. આ ઘટનાથી પરેશાન થઈને તેણે શુક્રવારે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જે બાદ પોલીસે તેના પતિ વિરુદ્ધ માનહાનિઅને ધમકીનો ગુનો નોંધ્યો હતો. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના લગ્ન એક વર્ષ પહેલા થયા હતા. લગ્ન બાદ તે વડોદરાના એક ગામડામાં પતિના સંયુક્ત પરિવાર સાથે રહેવા લાગી હતી, જ્યાં તેને સતત માનસિક ત્રાસનો સામનો કરવો પડતો હતો.

### થોડા દિવસ પહેલા રિક્ષાવાળો અને લારીઓ વાળા વચ્ચે રિક્ષા ઉભી રાખવા બાબતે પણ બોલાચાલી થઈ હતી

# ગેરકાયદેસર દબાણ-ટ્રાફિકથી મુસાફરો ભારે હેરાન: સરસપુર પ્લેટફોર્મ નં.12 બહાર લારીઓ-રિક્ષાચાલકોનું દબાણ વધ્યું

(એજન્સી) અમદાવાદ | તા.04



અમદાવાદનાં કાલુપુર રેલવે સ્ટેશનનું રિડેવલોપમેન્ટ ચાલી રહ્યું છે. રેલવે સ્ટેશન જવા માટે સરસપુર તરફ પ્લેટફોર્મ નંબર 12 આવેલું છે, જ્યાંથી મુસાફરો અવરજવર કરે છે. શહેરના પૂર્વ વિસ્તારમાં જનારા નાગરિકો સરસપુરના પ્લેટફોર્મ નંબર 12 તરફથી જતા હોય છે, ત્યારે રેલ્વે સ્ટેશનની બહાર ખૂબ ભીડ થાય છે. લારીઓવાળા અને રિક્ષાવાળાઓનો ખૂબ જ ત્રાસ છે, જેના કારણે મુસાફરોને અવરજવરમાં પણ તકલીફ પડે છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મની સીડી સુધી પહોંચવા માટે ખૂબ નાનો રસ્તો છે છતાં પણ ત્યાં રિક્ષાવાળાઓ ઉભા રહી જાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ કમિટીમાં આ દબાણો દૂર કરવા અંગે પણ રજૂઆત થઈ હતી. સરસપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 12 પાસે ગેરકાયદેસર લારીઓનું ખૂબ દબાણ વધી ગયું છે. થોડા દિવસ પહેલા રિક્ષાવાળો અને લારીઓ વાળા વચ્ચે રિક્ષા ઉભી રાખવા બાબતે પણ બોલાચાલી થઈ હતી. રિક્ષાઓ લારીઓની આગળ ઊભી રહી જતી હોવાના કારણે લારીઓ વાળા તેમનો ધંધો થતો નથી તેમ કહી અને તેમની સાથે ઝઘડો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મોટી સંખ્યામાં મુસાફરો રેલવે પ્લેટફોર્મ નંબર 12 પાસેથી અવર-જવર કરે છે. ત્યારે કોઈ યોગ્ય વ્યવસ્થા રેલવે સ્ટેશનની બહાર ન હોવાના કારણે લોકોને ખૂબ જ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. કાલુપુર મેટ્રો સ્ટેશન અને રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 12 પર જવા માટે બહારના ભાગે આવેલા રોડ ઉપર ગેરકાયદેસર લારીઓનું દબાણ વધી ગયું છે. આ દબાણો દૂર કરવાની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવી નથી. લારીઓ વાળા અને રિક્ષાવાળાઓ વચ્ચે પણ બોલાચાલીના બનાવો બને છે.

## ઈકોમર્સ વેબસાઈટ હેક કરનારને પેમેન્ટ કોડ આપનાર બેંકનો ડે. મેનેજર ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.04

ઈકોમર્સ વેબસાઈટ હેક કરીને પ્રોડક્ટના ભાવ સુધારીને સસ્તામાં વસ્તુઓ ખરીદી વેચી દેવાના કૌભાંડમાં પોલીસે એક્સિસ બેંકની રાણીપ બ્રાંચના ફોરેન ચેસ્ટ કરન્સીના ડેપ્યુટી મેનેજર સહદેવ ખોખરની ધરપકડ કરી હતી. સહદેવ ખોખર 3થી 10 ટકા કમિશન લઈને વિજય વાઘેલાને યુટીઆર કોડ આપતો હતો, જેના આધારે વિજય વાઘેલા ઈ કોમર્સ અને રમી સર્કલની વેબ સાઈટ હેક કરીને છેતરપિંડી કરતો હતો. 2 વર્ષમાં વિજયે સહદેવને કમિશન પેટે રૂ.6 લાખ આપ્યા હતા. ક્રાઈમ બ્રાંચની ટીમે રિલીફ રોડ પર ઓફિસ ભાડે રાખીને ઓનલાઈન કેસીનો અને સટ્ટા બેટિંગનો જુગાર રમાડતા વિજય વાઘેલા, નિતેશ મડતા અને આદિલ પરમારની ધરપકડ કરી હતી. પૂછપરછમાં આ ત્રણેય મિત્રો ઈકોમર્સ વેબસાઈટ હેક કરીને તેમાં વેચવા મૂકેલી જુદી જુદી પ્રોડક્ટના ભાવમાં સુધારો કરતા હતા. આમ તેઓ લાખો રૂપિયાની વસ્તુ માત્ર રૂ. 1, 2 અને 3માં ખરીદી ડમી ફોન નંબરના આધારે ડમી એડ્રેસ પર તે વસ્તુ મગાવતા હતા. ત્યાર બાદ તેની ડિલિવરી મેળવી તે વસ્તુ બજાર કિંમતે વેચી દેતા હતા. આ ત્રણેયે 2 વર્ષમાં આ રીતે રૂ.7 કરોડની કિંમતના ડ્રોન, કેમેરા, સોનુ સહિતની 125 વસ્તુ મગાવી હતી, જેના માત્ર રૂ.345 જ ચૂકવ્યા હતા. જોકે આ કૌભાંડ કરવા માટે તેમ જ પેમેન્ટ ઓપ્શનમાં સુધારો કરવા માટે બેંકના 12 ડિજિટના યુટીઆર કોડની જરૂર પડતી હતી. તે કોડ આ ટોળકીને એક્સિસ બેંક, એચડીએફસી બેંક, કોટક બેંક અને ધન બેંકમાંથી મળ્યા હતા. આરોપીઓની કબૂલાતના આધારે પોલીસે એક્સિસ બેંકની રાણીપ બ્રાંચના ફોરેન ચેસ્ટ કરન્સીના ડેપ્યુટી મેનેજર સહદેવ ખોખરની ધરપકડ કરી હતી.

### IPS અભય ચુડાસમાનું રાજીનામું

## ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા

ગુજરાત પોલીસમાં અલગ ઈમેજ ધરાવતા IPS અધિકારી અભય ચુડાસમાએ સ્વૈચ્છિક રાજીનામું આપી દીધું છે. જો કે, હજી સુધી રાજ્ય સરકારે રાજીનામાનો સ્વીકાર કર્યો નથી. 3 જાન્યુઆરીના સવારે 10 વાગ્યે તેઓએ રાજ્યના પોલીસવડાને પોતાનું રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. તેઓ હાલ એડિશનલ ડીજીપી તરીકે ગુજરાત પોલીસમાં ફરજ બજાવે છે. કયા કારણોસર અને નિવૃત્તિના થોડાક મહિના પહેલાં જ રાજીનામું આપ્યું તે અંગે અનેક ચર્ચા છે. અભય ચુડાસમા ગુજરાત પોલીસના સુપરકોપ કહેવાય છે અને તેઓ ગુજરાત પોલીસના અનેક મહત્ત્વના કેસ સાથે જોડાયાલા હતા. અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ હોય કે અન્ય મહત્ત્વના કેસ તેમણે ઉકેલવામાં મહત્ત્વની જવાબદરી નિભાવી છે. છેલ્લા ઘણા



સમયથી તેઓ સાઈટ પોસ્ટિંગમાં હતા અને તેમને મહત્ત્વની પોસ્ટિંગ મળશે તેવી અટકળો પોલીસબેડામાં હતી, ત્યારે તેમણે અચાનક રાજીનામું આપી દેતા તમામ અટકળોનો અંત આવ્યો છે. હવે પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તેઓ ગુજરાતના બીજા IPS અધિકારી હશે જેમણે તાજેતરમાં રાજીનામું આપ્યું છે. અભય ચુડાસમા ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા. પરંતુ, વય નિવૃત્તિના સાત મહિના પહેલાં જ કોઈ કારણોસર સ્વૈચ્છિક રાજીનામું આપ્યું છે. એક મહિના પહેલાં જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ પણ સ્વૈચ્છિક રાજીનામું આપી દીધું હતું જે સરકારે મંજૂર પણ કર્યું હતું. સુરેન્દ્રનગરના વઢવાણમાં કારડિયા રાજપૂત સમાજના શૈક્ષણિક સંકુલના ખાતમુહૂર્તના કાર્યક્રમમાં IPS અભય ચુડાસમાએ રાજકારણમાં કારડિયા સમાજના સ્થાનને લઈ નિવેદન આપી ચર્ચામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે,મારે ડિપાર્ટમેન્ટમાં લગભગ 34 વર્ષ પૂરાં થવા આવ્યાં. આજ દિન સુધી કદી એવું નથી બન્યું કે કોઈપણ સરકારમાં આપણા એક મિનિસ્ટર ન હોય, પણ છેલ્લી 2 ટર્મથી બની રહ્યું છે. કારણની અંદર ઊતરો તો તરત જ ખબર પડશે.

**આપણે બીજી કોઈપણ કોમ કરતાં વધારે ઘમંડી લોકો છીએ એવું મારું બહુ પર્સનલ ઓબ્ઝર્વેશન છે**

# સારવારની ના પાડતા લોખંડવાલા હોસ્પિ.માં છરીઓ ઉછળી

### પોલીસ કેસ થતો હોવા સાથે સર્જન ન હોવાથી દર્દીની સારવાર માટે ડોક્ટરે ના પાડી, સગાએ છાતીમાં છરી ઝીંકી દીધી

(એજન્સી) અમદાવાદ | તા.04



શહેરના દરિયાપુર વિસ્તારમાં આવેલા લોખંડવાલા હોસ્પિટલમાં ગત મોડીરાતે ડોક્ટર પર દર્દી અને તેના સગાએ છરી વડે હુમલો કરતા ચકચારમચી ગઈ છે. પોલીસ કેસ થતો હોવાથી તેમજ સર્જન નહીં હોવાના કારણે ડોક્ટરે દર્દીને બીજી હોસ્પિટલમાં લઇ જવા માટે સગાને સૂચન કર્યુ હતું. સૂચન કર્યા બાદ દર્દીના સગા ડોક્ટર અને સ્ટાફ પર ગુસ્સે થયા હતા અને ગાળો બોલીને માહોલ તંગ કરી દીધો હતો. ડોક્ટરે શાંતીથી વાત કરવાનું કહેતા દર્દીના સગાએ પોતાની પાસે રહેલી છરી કાઢી હતી અને ડોક્ટર કઇ વિચારે તે પહેલા છાતીમાં છરીનો ઘા મારી દીધો હતો. દરિયાપુર વિસ્તારમાં આવેલા પ્રેમ દરવાજા પાસે લોખંડવાલા હોસ્પિટલમાં રહેતા સફવાન બાદીએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ છરી વડે હુમલાની ફરિયાદ કરી છે. ડો. સફવાન બાદી મુળ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના મહિકા ગામનો રહેવાસી છે અને હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યો છે. સફવાન ડોક્ટર છે અને છેલ્લા અઢી વર્ષથી લોખંડવાલા હોસ્પિટલમાં મેડિલક ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ડો. સફવાન બાદીના માતા-પિતા મહિકા ગામમાં રહે છે, જ્યારે તેનો મોટોભાઈ અબ્દુલ રસીદ સોલા સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. ડો. સફવાન બાદી સવારે આઠ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરતા હોય છે. ગઈકાલે (3 ફેબ્રુઆરી) ડો. સફવાન બાદી રાબેતા મુજબ હોસ્પિટલમાં નોકરી પર આવી ગયો હતો. રાતે નવ વાગ્યાની આસપાસ બે અજાણ્યા શખ્સો એક દર્દીને લઈને લોખંડવાલા હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. ડો. સફવાન બાદીએ દર્દીને તપાસ કરતા તેના શરીર પર ઈજાના નીશાનો હતા. ઈજાના નીશાન હોવાથી દર્દીની કોઈની સાથે મારામારી થઈ હોવાનું સામે આવતા ડો. સફવાન બાદીએ પોલીસ કેસ થશે તેવુ કહ્યુ હતું. સફવાને દર્દીના સગાને કહ્યુ હતું કે, અમારી હોસ્પિટલમાં કોઇ સર્જન નહીં હોવાથી તેને બીજી હોસ્પિટલમાં લઇ જાઓ. ડો. સફવાનની વાત સાંભળીને દર્દીના સગા ગિન્નાયા હતા અને હોસ્પિટલમાં બબાલ કરવાનું શરૂ કરી દીધુ હતું. દર્દીના સગાએ હોસ્પિટલના સ્ટાફ સાથે બબાલ કરી હતી અને ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાનમાં દર્દી અને તેના સગાએ હોસ્પિટલમાં ગાળો આપવાની શરૂ કરી દીધી હતી. ડો. સફવાને ત્રણેયને ગાળો બોલવાની ના પાડી હતી અને બીજી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવાનું કહ્યુ હતું. જોતજોતામાં મામલો એટલી હદે બીચક્યો કે ત્રણ શખ્સો પૈકી એક શખ્સે પોતાની પાસે રહેલી છરી કાઢી હતી અને ડો. સફવાનની છાતીમાં હુલાવી દીધી હતી. છરી વાગતાની સાથે જ ડો. સફવાન લોહીથી લથબથ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો.

## પેપર ન મળતાં ભાંડો ફૂટ્યો | યુનિવર્સિટીની B.Com સેમ-1ની પરીક્ષાનું પ્રશ્નપત્ર 30 હજારમાં વેચવા ઓફર થઈ હતી

(એજન્સી) અમદાવાદ | તા.04

ગાંધીનગરના એક યુવક દ્વારા સોશિયલ મીડિયામાં એક ગ્રૂપ બનાવીને ગુજરાત યુનિવર્સિટીની બીકોમ સેમિસ્ટર-1ની પરીક્ષાના પહેલા પ્રશ્ન પેપર વેચવાની ઓફર કરાઈ હતી. એનએસયુઆઈ દ્વારા આક્ષેપ કરાયો હતો કે, એક યુવાને 100 વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ રૂ.300માં એક પેપર આપવાની ઓફર કરી હતી. રૂ.30 હજાર લઈને પેપર આપવાનું નક્કી થયું હતું. પરંતુ 60 વિદ્યાર્થીઓ જ પ્રશ્નપત્ર લેવા માટેની રકમ ચૂકવી હતી. જ્યારે બાકીના 40 વિદ્યાર્થીએ નક્કી કરેલી રકમ ન ચૂકવતા પ્રશ્નપેપર આપ્યું ન હતું. એનએસયુઆઈના મહામંત્રી દક્ષ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગરના યુવકે વિદ્યાર્થીઓનું એક વોટસએપ ગ્રૂપ બનાવ્યું હતું. જેમાં 100 વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નપત્ર દીઠ 300 રૂપિયાના હિસાબે રૂપિયા 30 હજાર લઈને પ્રશ્નપત્ર આપવાનું નક્કી કરાયું હતું. જો કે 60 વિદ્યાર્થીઓએ જ 300 રૂપિયાના હિસાબે 18 હજાર રૂપિયા આપ્યા હતા. બાકી રહેલા 40 વિદ્યાર્થીઓએ પ્રશ્નપત્ર દીઠ 300 રૂપિયા ના આપતા આ યુવકે વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપ્યુ ન હતું. પરંતુ આ મોટુ કૌભાંડ પણ હોઈ શકે છે. પોલીસ અને યુનિવર્સિટીએ પણ આ બાબતે તપાસ કરવી જોઈએ. કારણ કે જો આ રીતે ખુલ્લેઆમ પ્રશ્નપેપર વેચાતું હોય તો શક્ય છે કે યુનિવર્સિટીનો કોઈ અધિકારી પણ આ સમગ્ર કૌભાંડમાં શામેલ હોઈ શકે છે. આ માટે જ સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ થવી જોઈએ. કારણ કે આ વિદ્યાર્થીઓ સિવાય પણ અન્ય વિદ્યાર્થીઓને પેપર મોકલાવાયું હોઈ શકે છે. ગઠિયાએ ગેરંટી પણ આપી કે જો પેપરમાંથી પરીક્ષામાં ન પૂછાય તો રકમ પાછી આપી દેવાશે. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડો. નિરજા અરુણે જણાવ્યું હતું કે, આ બાબતે અમને કોઈ ફરિયાદ મળી નથી, આ અંગેન ફરિયાદ મળશે તો કાર્યવાહી કરવામાં આવશે.

## ટુ વ્હીલર ટેક્સીમાં પીળી નંબર પ્લેટ લગાવવાની મુદ્દત પૂર્ણ, પરંતુ સરકાર જ નિયમો ઘડી શકી નહીં

(એજન્સી) અમદાવાદ | તા.04

ટુ વ્હીલર ટેક્સીમાં પીળી નંબર પ્લેટ લગાવવાની અમદાવાદના રિક્ષા ચાલકોમાંથી ટુ-વ્હીલરના કોમર્શિયલ ઉપયોગ બાબતે ઉઠેલા વિરોધ બાદ આરટીઓ દ્વારા જાન્યુઆરીની શરૂઆતમાં હંગામી ધોરણે શહેરમાં ચાલતી ટુ-વ્હીલર ટેક્સી પર 30 દિવસનો પ્રતિબંધ મૂકી દેવાયો હતો. રોજગારી છીનવાઈ જવાના ડરથી ટુ-વ્હીલર ટેક્સીના ચાલકોએ તરત જ કોમર્શિયલ નંબર પ્લેટ માટે અરજી કરવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ પોતે આપેલી મુદત ખુદ તંત્ર જ ભૂલી ગયું હોય તેમ ત્રીસ દિવસ બાદ હજી ટુ વ્હીલર ટેક્સી માટે ટેક્સ સહિતના નિયમોનું માળખું તૈયાર કરાયું નથી. જેથી રજિસ્ટ્રેશન માટે આવેલી અરજીઓ અદ્ધરતાલ પડી છે, અને એક પણ મંજૂર કરાઈ નથી. પેટ્રોલ, ડીઝલ, સીએનજીના ભાવ ભડકે બળતા શહેરમાં એકથી બીજા સ્થળે પહોંચવામાં ખિસ્સા પર ભારણ વધી જાય છે. જાહેર પરિવહનની પૂરતી વ્યવસ્થા નથી, ને ખાનગી વાહન પરવડતા નથી. ઉપરાંત એક વ્યક્તિ માટે કેબ, ટેક્સી કરીને જવામાં પણ તોતિંગ ભાડું ચૂકવવું પડતું હોય લોકો તે ટાળતા હોય છે. તેવામાં ટુ-વ્હીલર ટેક્સી નોકરિયાતો, કોલેજના છાત્રો સહિતના લોકોની પહેલી પસંદ બની ગઈ છે.